કુમાર


વર્ષ ૮ · અંક ૮   શ્રાવણ : ઓગણીસસો સત્યાશી

1931 - ઓગસ્ટ

૯૨મો અંક



તંત્રી : રવિશંકર રાવળ



કુમાર

શ્રાવણ ૧૯૮૭

આવતી કાલનાં નાગરિકોમાં નવા વિચાર અને નવી વાંછાઓ પ્રગટાવતું માસિક

જળદીવડો


·વસંતતિલકા·

આષાઢ પૂર્ણ પુરુષોત્તમનો પધાર્યો,
ફૂટે પ્હરોડ જગ ગોપની અષ્ટમીનું;
વ્યોમે રમે મુદભરી ઘનકન્યકાઓ,
ઢાળે નમી કળશથી ઉરભાવ ઘેરા.
ગોપીજનો પુરપરિક્રમણા કરંત,
ગાઇ રહે હૃદયભાવિક કૃષ્ણગીત;
ને અંતરે અનુભવે નિજ પૂર્વપ્રીત,
ટોળે મળી સરિતતીર બધાં સરંત.

ધીરેધીરે મધુર વાદળસાદ ગર્જે,
ઝીણીઝીણી સરળ ફરૂફર મંદ વર્ષે;
પૂર્વાભિ દૃષ્ટિ કરતી જળસ્નાનભીની
ભાસે ધરી વિશદ મૌન કુમારિકા આ.

લીલું લઇ કરમહીં લઘુ પર્ણનાવ
વચ્ચે રચે સરસ સ્વસ્તિ કંકુનો ને
હૈયાની જ્યોત સરખો ઘૃતદીપ ચેતે
છાંટે વળી કુસુમ કેસરછાંટણે એ.
ડોલંત નાવ તરતું સરિતાપ્રવાહે
ને જ્યોત એ ઝબકતી પ્રિય નાવ સાહે;
કન્યા જુએ પ્રગટ મીટ અનંતતામાં
તેજોમયી સફર આ જળદીવડાની.

દેશળજી પરમાર





કુમારના એક અનન્ય મિત્ર તરફથી મને સૂચના થઇ છે કે વિદ્યાર્થીઓ અને યુવાનોને જીવનપ્રવૃત્તિઓ કેમ શોધવી તે વિશે મારે કંઇક લખવું. ગણિતના હિસાબની પેઠે જીવનપ્રવૃત્તિ શોધવાની કોઇ તરકીબ હોત તો હું તરત જ એ જાહેર કરી દેત. કોઇ દવા બનાવવી હોય તો તો અમુક અમુક ભાગે જુદી-જુદી દવાઓ લેતાં ધારેલું રસાયણ મળી જાય; પણ જીવનમાં સિદ્ધિ ને સ્થિરતા મેળવવાને કોઇ પુસ્તક કે કોઇ બીજા માણસનો ઉપદેશ ધાર્યું પરિણામ આપે એવું હું માની શકતો નથી. કોઇ વિદ્યાર્થી આવીને મને ધાતુ ને પથ્થર ચોડવાનો ઇલાજ પૂછે તો તે વખતે હું કોઇ રસાયણ સંગ્રહની ચોપડી જોઉં અને એકાદ રીત મળી આવે પણ ખરી; કારણ કે ધાતુ અને પથ્થરનાં સ્વરૂપો નિશ્ચિત છે, અને તેથી જ તેને માટે અનુભવે કે પ્રયોગે નીવડેલું રસાયણ અચૂક પરિણામ આપી શકે છે. પણ અવારનવાર ઘણા આવીને મને કહે છે કે થોડા જ વખતમાં વર્તમાનપત્રી બનવા માટે કે બાહોશ યાંત્રિક થવા સારૂ અથવા કલાધર બનવા માટે હું શું કરૂં?

આવા પ્રશ્નનો એક સર્વ સાધારણ જવાબ છે: 'તમે જે થવા ઇચ્છતા હો તેની સિદ્ધિ માટે મથી મરો.' પણ આ સૂત્રનું પાલન કરવાનો જરા જેટલો યે નિશ્ચય ન હોય તેવાઓ જ મોટે ભાગે આવા પ્રશ્નો કરનારા હોય છે. એટલે તેમને આવા જવાબમાં ઉડાવવાનો આશય લાગે છે. ઘણે ભાગે તેમણે જીવનની પ્રાથમિક તૈયારીઓ પણ સાધી હોતી નથી. તેઓને ખબર નથી હોતી કે આ દુનિયામાં કામની જ કિંમત છે, માણસની નથી.

તમે અમુક કોમમાં કે અમુક જ્ઞાતિમાં જન્મ્યા છો એટલે તમને તો અમુક જાતનું જ કામ અને અમુક જાતની જ નોકરી મળવી જોઇએ એવો વા તમારા મગજમાં હોય છે, ને આથી તમે ક્યાં યે ઠેકાણે પડતા નથી. ઘણા તો વળી પોતે મૅટ્રિક અથવા ગ્રૅજ્યુએટ થયા એટલે પોતાની જાતે જ પોતાની કિંમત આંકીને ફરે છે; છતાં ક્યાંયે તેમને સ્થાન મળતું નથી એટલે પાછા દુનિયાને દોષ દે છે કે કોઇને કદર નથી. પણ દુનિયાને તેમણે પહેલાં પૂછ્યું હતું ખરૂં કે મૅટ્રિક કે ગ્રૅજ્યુએટ થઇને આવીએ ત્યારે અમને વધાવી લેશો કે નહિ? જમાનાઓથી દુનિયા તો કસીને કામ આપનાર માણસને જ શોધ્યા કરે છે.

એક તરફ યૂનિવર્સિટી ફૉર્ડના કારખાનાની પેઠે સંખ્યાબંધ મનુષ્ય-ઢીંગલાંઓ બહાર પાડ્યા કરે છે; જ્યારે બીજી તરફ અનેક ધંધાઓમાં યોગ્ય તાલીમવાળા માણસો માટેની માગણી ઊભી જ છે. આપણાં કારખાનાંઓ તથા ઉદ્યોગો ચાલુ જમાનાની હરીફાઈમાં પહોંચી શકતાં નથી તેનું કોઇ કારણ હોય તો સારી હથોટી અને હૈયાઉકલતથી મેળવેલી કેળવણીવાળા માણસોની અછત જ છે. બેકારીની ફરિયાદ કરનારાઓ જેઓ ગાંઠના ખર્ચે શાળા કે કૉલેજમાં બબ્બે ચારચાર વરસો બગાડી રખડે છે તેઓ કોઇ પણ ધંધાની ખરી દીક્ષા લેવા એકએ વર્ષ પણ જાતભોગ આપવા ઇંતેજાર નથી લાગતા ત્યારે એમ જ લાગે કે કામો લેવાને તેઓ તૈયાર નથી.

અમેરિકાની એક હાઇસ્કુલના વિદ્યાર્થીઓએ વૅકેશનોમાં ઘર બાંધવાનો ધંધો ઉપાડ્યો છે. તેઓ એક સારા કૉન્ટ્રાકટર અને ઇજનેરને રોકીને ઘર બાંધવાના કામમાં પાવરધા થઈ ગયા છે. કેટલાકને ચણતાં આવડી ગયું છે, કેટલાકને સુતારી કામ આવડી ગયું છે, કેટલાક ઈમારતી પદાર્થોની જાત અને ખરીદી વગેરેમાં હોશિયાર થઇ ગયા છે, તો કેટલાકને નકશા કરતાં આવડ્યું છે. તે સાથે જ તેમણે પાછો પોતાની શાળાનો અભ્યાસ તો જાળવ્યો જ છે. આમ એ આખી ટોળીએ પોતાની હાઇસ્કુલનું મકાન બાંધી લીધું છે, અને હવે બીજાં મકાનો બાંધીને પોતાની કૉલેજની ટર્મના ખર્ચ માટે ભંડોળ કરવા માંડ્યું છે! આવા વિદ્યાર્થીઓને 'અભ્યાસ પૂરો કર્યા પછી શું કરવું'નો સવાલ રહેશે ખરો? વ્યાપાર, ઉદ્યોગ, યંત્રકામ કે કોઇ પણ નોકરીમાં જ્યાં જશે ત્યાં તેઓની જાતમહેનત અને કામની હથોટી ભાત પાડ્યા વિના રહેશે ખરાં? આપણા દેશમાં તો ભણેલો માણસ જ્યાં જાય છે ત્યાં નોકરી રાખનારને કે પાળનારને કેટલાં યે વર્ષો ભારરૂપ બનીને જ રહે છે. કોઇ પણ જાતની

સામાન્ય સેવાતત્પરતા કે સમયસૂચકતા અથવા હસ્તકુશળતાનો છાંટો યે તેના ભણતર સાથે દેખાતો નથી. એવાને જીવનમાં કયે પગથિયે બેસાડવા ?

સૌ વિદ્યાર્થીઓ એકસાથે શાળાનાં પગથિયાં છોડી સંસારમાં સ્થાન લે છે. તેમાંનો કોઇએક સપાટાબંધ કંઇકંઇ રસ્તાઓ ખોળી કાઢી પોતાનું થાણું જમાવી દે છે, અને બીજો કોઈની આં ગળીએ ઘસડાતો, પરાણે નિભાવ કરતો, સંસારને દુશ્મન માનતો, દુ:ખી મને દિવસો વિતાવે છે, ત્યારે તેની પાછળ કિસ્મત સિવાય બીજાં પણ કારણો હોય છે. જીવનમાં કોઈ પણ ઠેકાણે લાયકાત બતાવવા માટેના કેટલાક સદ્ગુણો, ક્રિયાશક્તિ તેમજ સામાન્ય જ્ઞાન જે દરેક જણમાં સાધારણ રીતે હોય જ એવી આશા પણ તેમને માટે કોઇ રાખી ન શકે ત્યારે કોનો વાંક ? સારી તબિયત, પ્રામાણિકપણું, સ્વચ્છતા અને વ્યવસ્થા રાખવાની આવડત, નિયમિતપણું, પોતાને સોંપેલું કામ જલદી પાર પાડવાની તથા ન આવડતું હોય તે શીખી લેવાની ઇંતેજારી ને નમ્રતાભરી ચીવટ તથા સામાને લાયકાતની ખાતરી ન થાય ત્યાં સુધી પોતાની ફરિયાદો ગળી જવાની સહનશીલતા જેનામાં ન હોય તેનાં દુ:ખો પર દયા બતાવવા કેટલા દાનેશ્વરી આગળ આવશે ? બીજાઓ પોતાનાં સ્ખલનો અને નિર્બળતા નિભાવી લઇને પણ પોતાને પોષે એવી ઇચ્છા આજે જીવનપદ્ધતિ શોધનારાઓમાં પ્રધાનપણે હોય છે તેથી જ તેમને જગ્યા મળતી નથી. બીજાઓ શી રીતે ઉપર ચડતા જાય છે તેમને નીરખે અને કયા ગુણો તથા કળા તેઓ બતાવે છે તે તરફ ધ્યાન આપે તો તેઓ પોતા માટે દરેક જણ પાસેથી ઘણી તરકીબો મેળવી શકે. આ રીતે હું તો મારા જીવનમાં ઘણા લાભ મેળવી શક્યો છું અને બીજાઓ પણ મેળવી શકે એમ માનું છું. તેથી જ ઉપરના વિચારો શ્રદ્ધાપૂર્વક જાહેરમાં રજુ કર્યા છે.

પરાક્રમ

પાકટ અનુભવના અભાવ વગર પરાક્રમ સંભવે જ નહિ. પાકટ અનુભવ જીવનનું પરિપકવ ફળ ભલે હોય, પણ એમાં પુરુષાર્થનું તો મોત જ છે. કંઇક જ્ઞાન, કંઇક અનુભવ, ઘણીખરી કલ્પના, અદમ્ય ઉત્સાહ, અજ્ઞાત ભવિષ્યમાં ભૂસકો મારવાની લહેજત અને આખું જીવન વેડફી નાખવાની તમન્ના એ બધું ભેગું થાય છે, અને કોઇ ઉજ્જવળ આદર્શ જાદુઇ અસરથી ખેંચતો હોય છે, ત્યારે જ જીવન પરાક્રમમય થઈ જાય છે.

(કાલેલકર)

વર્ષા

('લક્ષ્મણ લક્ષ્મણ બાંધવા રે'—એ ઢાળ)

સેજ પથારી સૂની પડી રે, હું તો ઝબકીને જાગું;
'નેવલાં! શીદ રડી રહ્યાં રે?' ઊઠી ઉત્તર માગું:
'નીર ટબુ ટબુ સારતાં રે, ઝરો લોહીના વ્હેણે;
યજ્ઞ આંસુ તણો આદર્યો રે, કહો બાંધવ શેણે ?'
'રાત અને રજનીપતિ રે, પોઢ્યાં સેજ પથારી;
તારલાની ઊડી ઊછળે રે, રૂડી ફૂલ–કુવારી.
આભના પાથર્યા ઢોલિયા રે, ચાર દિગ્ગજ પાયા;
વાયુ ઢળે શત વીંઝણે રે, દધિએ ગીત ગાયાં.
આવ્યાં અસુર શાં વાદળાં રે, શશિરાજને બાંધ્યો;
તારલા સર્વ ઠરી ગયા રે, વાયુ યુદ્ધનો વાધ્યો.
નાથ વિહોણી વિભાવરી રે, ઊભી બ્હાવરી જેવી;
જીવવું ઝેર સમું થયું રે, એ તો સ્નેહની દેવી.
વીજ–કટારી ઉછાળતી રે, રાત વેણી ઝુલાવી;
ઊછળી ઊછળી આભમાં રે, એણે હૈયે હુલાવી.
નેવલાં તેથી રડી રહ્યાં રે, નવ થોભતાં વારિ;
નેવલાં–બ્હેન !–વિભાવરીની ઝણે મૂક સિતારી.'

કૃષ્ણલાલ શ્રીધરાણી

ગુજરાતની પ્રતિભાની કદર

મુંબાઈની યૂનિવર્સિટી જે ઊંચામાં ઊંચું અને છેવટમાં છેવટનું માન આપી શકે તે 'ચૅન્સેલરનો સુવર્ણચંદ્રક' એમ. એ ની ડિગ્રી સાથે ભાઇશ્રી પ્રાણજીવન વિશ્વનાથ પાઠકે મેળવીને ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. તે સાથે તેમને બીજો કે.ટી. તૈલંગનો સુવર્ણચંદ્રક પણ મળ્યો છે. કેટલાં યે વર્ષો પછી ગુજરાતમાં ફરીથી આ બંને ચંદ્રકો એકસાથે મેળવી લાવનાર શ્રી પ્રાણજીવન પાઠક ચિંતનશીલ સાહિત્યકાર ને ફિલસૂફીના ઊંડા અભ્યાસી તરીકે જાણીતા થએલા આ યુગના પ્રતિનિધિ રૂપ યુવક છે. ગુજરાતને ગૌરવાન્વિત કરનાર એ યુવકનું અમે અભિનંદન કરીએ છીએ.




સંસ્કાર અને સંસ્કૃતિ

લેખક
સુરેશ દીક્ષિત
એમ.એ., એમ.એસસી.



યજ્ઞવેદિ સન્મુખ ઊભેલા અશ્વની છાપવાળો સમુદ્રગુપ્તનો સિક્કો

આંધ્ર અને કુશન રાજ્યની ભસ્મીભૂત સત્તામાંથી ફરીવાર પાટલીપુત્ર (પટણા)નો વિજયધ્વજ ફરકયો. લગભગ ચોથા સૈકામાં ગુપ્ત રાજાઓની આણ આર્યાવર્ત ઉપર ફરી વળી. ગુપ્તોના રાજ્યછત્ર નીચે હિંદની અર્વાચીન સંસ્કૃતિના સંસ્કાર પડવા નિર્માયા હતા. બ્રાહ્મણોની ધાર્મિક અને રાજદ્વારી સત્તા તે કાળે જામી; સંસ્કૃત ભાષા અને સાહિત્યનો પુનરૂદ્ધાર તે કાળે થયો. ઈ.સ. ૩૮૦માં સમુદ્રગુપ્તના પુત્ર ચંદ્રગુપ્ત બીજાએ વિક્રમાદિત્યનું નામ ધારણ કરી રાજ્યાસન શોભાવ્યું. એ વિક્રમાદિત્યે રુદ્રસેનને દેહદંડ દઇ ગુજરાત, માળવા અને કાઠિયાવાડ ઉપર સાર્વભૌમ સત્તા સ્થાપી. ઇ.સ. ૪૫૭માં સ્કંદગુપ્તે સૌરાષ્ટ્રમાં હૂન નામના રાક્ષસી લોકોને હરાવ્યા.





મથાળે : 'વિક્રમાદિત્ય'નું બિરૂદ પામનાર મહારાજાધિરાજ ચંદ્રગુપ્ત બીજાનો સિક્કો. એક તરફ તેની પોતાની છાપ છે, બીજી તરફ સિંહવાહિની દેવીનું ચિત્ર છે અને શ્રી સિંહવિક્રમ એમ લખેલું છે.
નીચે : કુમારગુપ્ત પહેલાનો સિક્કો. જેની એક તરફ ૧૧૯ (?) ની સાલ સાથે તેનું મોઢું છે; બીજી તરફ તેના નામ ને બિરૂદસાથે કળા કરેલા મોરની છાપ છે.

ગુજરાતમાં પરાનદત્ત નામે ગુપ્તોનો સૂબો નિમાયો હતો. પરાનદત્ત બ્રાહ્મણોનો પક્ષપાતી હોવાથી ગુજરાતમાં બ્રાહ્મણોનો ધાર્મિક અને રાજકીય દોર વધ્યો. તે કાળે ધર્મ ને રાજસત્તા એકબીજાથી વિમુખ ન હતાં. ધર્મ ને રાજસત્તા ગૂંથી દેવામાં બ્રાહ્મણ બુદ્ધિનો ચમત્કાર હતો. બ્રાહ્મણ હિંદુ સમાજની બુદ્ધિ હતી, ક્ષત્રિય તેનો હાથ હતો, વૈશ્ય તેનો વ્યવહાર હતો ને શૂદ્ર તેની શુદ્ધિ રૂપે હતા. મનુ સ્મૃતિના આધારે ગુપ્તો શાસન કરતા. ક્ષત્રિયોના અનંત નાદ જેવી ગીતા તે સમયે લખાઇ કહેવાય છે. એમાંનો કૃષ્ણ ને અર્જુનનો સંવાદ ક્ષત્રિયના કર્મયોગનો પ્રતિઘોષ છે.

ગુપ્ત કાળ એ હિંદુ ધર્મ અને સંસ્કૃત સાહિત્યની દ્રષ્ટિએ સુવર્ણયુગ ગણાય. સોમપાન અને માંસભક્ષણ બ્રાહ્મણોએ છોડયાં તે સાથે ડુંગળી કે લસણ પણ વર્જ્ય ગણાવા માંડયાં. મથાળાં બાંધેલી સંસ્કૃત લખવાની નાગરી લિપિ ઉપજાવવાનું માન નાગરોને ઘટે છે. હિંદની સંસ્કૃતિને નાગરોનું એ ઉચ્ચ નૈવેદ્ય છે. કાળિદાસનો જીવનકાળ આ ગુપ્તવંશમાં સમાય છે. સંસ્કૃત ભાષા જોકે રાજદ્વારી ભાષા હતી, જ્ઞાન ઉપાર્જિત કરવાની ભાષા હતી, છતાં બ્રાહ્મણ અને ક્ષત્રિય સિવાય બીજા સમાજમાં વ્યવહારની ભાષા તરીકે તો પ્રાકૃત ભાષાનું જોર ધીરેધીરે વધતું હતું. જૈન શાસ્ત્રોએ માગધી ભાષા અપનાવી હતી, બૌદ્ધોએ પાલીને પોષી હતી. આમ ધર્મ અને રાજલક્ષ્મી સાથે સંકળાએલી

સંસ્કૃત ભાષાના જતે દિવસે રાજલક્ષ્મી જોડે અસ્ત થવાનાં ચિહ્ન મંડાયાં હતાં. ઘણાંખરાં પુરાણો એ સમયે લખાઇ ચૂક્યાં હતાં. બ્રાહ્મણ પુરોહિતોએ રાજ્યાશ્રયથી સારાયે ભારતવર્ષની પ્રજાને ખરી કે ખોટી પણ માની લીધેલી આર્ય સંસ્કૃતિના પાઠ ગોખાવવા માંડ્યા હતા. આ જ વખતે ક્ષત્રિયના ધર્મ જેવા વૈષ્ણવ માર્ગે રાજ્યપ્રવેશ કર્યો. ગુપ્તો વિષ્ણુમાર્ગી હતા.



ઉપર : તોરમાણ હૂણનો સિક્કો. એક તરફ બાવનની સાલ સાથે રાજાનું મોરૂં, બીજી તરફ રાજાના બિરુદ તથા નામ સાથે કળા કરેલો મોર. નીચે : મિહિરગુપ્ત હૂણનો સિક્કો. બ્રાહ્મી લિપિમાં લખેલા રાજાના નામ સાથે રાજાની અર્ધમૂર્તિ એક તરફ કોતરેલી છે; બીજી તરફ 'જયતુ વૃષભ' એવા અક્ષરો સાથે એક મસ્ત ગોધાનું ચિત્ર છે.

ઇ.સ. ૪૯૫માં હિંદનાં દ્વાર જેવા ખૈબરઘાટ અને સિંધના રસ્તા હૂન લોકોથી ઊભરાવા માંડ્યા. ઉધાઈઓના પડ જેવા, શરીરે શ્વેત, સંસ્કારમાં અધમ કોટિના એ હૂન લોકોના હુમલા સામે ગુપ્ત સત્તા ટકી શકી નહિ. ઠેઠ માળવા સુધી તેઓનાં પૂર ફરી વળ્યાં. તેઓ લૂટારૂ હતા. હૂન આક્રમણથી આર્યોની સમાજરચના પણ હચમચી ગઈ. સમાજના બંધારણમાં હૂન લોકોના પ્રવેશથી અણધારી ઊથલપાથલ થઈ. આર્ય લોહીમાં ભેળ થતો અટકાવવા જ્ઞાતિસંસ્થાના વાડા બંધાવા માંડ્યા. આર્યોની શાસનપદ્ધતિ અને વિચારમાં પણ ભેદ પડ્યો. ધાર્મિક વાતાવરણ વિધિ-વહેમમાં ફેરવાતું ગયું. પણ અંતે હૂન પણ હિંદુ થઇ ગયા અને કોઇક ક્ષત્રિય તો કોઇ વૈશ્યના વાડામાં પેસી ગયા. હૂન મ્લેચ્છ હતા, એટલે એમની સાથેના જાતિસંબંધથી અળગા રહેવા બ્રાહ્મણોના પ્રયાસને લીધે બ્રાહ્મણ અને ક્ષત્રિયના અનુલોમ પ્રતિલોમ લગ્નોની છૂટ ઓછી થવા માંડી. ઇ.સ. ૫૩૦માં બાલાદિત્યના મરણની સાથે ગુપ્ત સત્તાનો લોપ થયો.

આવી ચક્રવર્તી ગુપ્ત સત્તાના અંત સમયે બીજી તરફ સૌરાષ્ટ્રમાં વલ્લભીપુર (વળા)ની સત્તા જામતી હતી. વલ્લભી રાજ્યમાં બ્રાહ્મણોનો અંકુશ જોકે વધ્યો, છતાં બુદ્ધ ધર્મનું માન તો અખંડિત હતું જ. ગુજરાતમાં ચાલુક્યો, રાષ્ટ્રકૂટનાં દ્રાવિડ રાજ્યો ને વલ્લભીઓ એમ ત્રણ સત્તા હતી. ખંભાતમાં રાષ્ટ્રકૂટ રાજ્યની હદ હતી. આનંદપુર (વડનગર)ના નાગરો એ ત્રણે રાજછત્રો નીચે પુરોહિતમાંથી મંત્રીપદે પહોંચ્યા હતા. ગુજરાતમાં આજે જે આગળપડતી ને ઉચ્ચ જ્ઞાતિઓ કહેવાય છે તેમના પૂર્વજો હિંદુ રાજસત્તામાં રાજદ્વારી અને ધાર્મિક ક્ષેત્રમાં અગ્રણી હતા એ નિર્વિવાદ છે. વલ્લભી મહારાજા શ્રી ધારાસેન (૫૭૧) શૈવમાર્ગી હતો. એ કાળે બ્રાહ્મણોને ગામનાં ગામ દક્ષિણામાં મળતાં ને એ દાન તામ્રપત્રે લખાતાં. સમાજમાં સર્વોપરિ સત્તા એમની હતી. રાજાઓ બહુ તો આજ્ઞા કરતા; બ્રાહ્મણો જ મતિ-અનુસાર તે અમલમાં મૂકતા. રાજા પણ સમાજના કાબુમાં હતો. મન ફાવે તેમ વર્તવાની છૂટ એને આર્ય સિદ્ધાંતોમાં ન હતી.



હૂણ ઘોડેસવાર


ઇ.સ. ૬૦૬માં કનોજમાં હર્ષની ભાગ્યરેખા ખીલતી હતી. ઉત્તર હિંદમાં ચક્રવર્તી થવા તે સરજાયો હતો. એ હર્ષની સામે માત્ર ગુજરાત ટકી શક્યું. બાકી નર્મદાથી માંડી હિમાલયની તળેટી સુધી તે સત્તાધીશ હતો. દક્ષિણે બદામીના ચાલુક્ય રાજાઓને પણ તે તાબે ન કરી શક્યો. નાલંદાનું વિદ્યાપીઠ એ સમયે સંસ્કૃતિના કેન્દ્ર સમું હતું. વિદ્યાનો પ્રચાર બ્રાહ્મણો

નિઃસ્વાર્થે કરતા. વિદ્યાર્થી માટેના નિયમો એ સમયે બહુ કડક હતા. કૃષ્ણ અને સુદામાનું સાંદીપની ઋષિને ત્યાંનું વિદ્યાર્થીજીવન જાણીતું છે.

ગુજરાત એવી પરિસ્થિતિમાં મૂકાયું છે કે સારા યે હિંદમાં વહેતાં વહેણ ત્યાં આવીને ઠર્યાં છે. હર્ષના કાળે ગુજરાત સંસ્કારના ત્રિવેણીસંગમ જેવું હતું. ઇ.સ. ૬૩૦માં ભરૂચમાં પ્રસાંતદાદા ગાદીએ હતો. તેણે અનાર્ય નાગ લોકો (રાનીપરજ)ને હરાવ્યા. ઉત્તરમાંથી બ્રાહ્મણો આવતા અને ઠેઠ મ્હેસુર સુધી જઇને વસતા. ગુજરાતના બ્રાહ્મણો દક્ષિણમાં આર્ય સંસ્કાર પાડતા. પણ આનર્તના હતભાગ્યે ગુર્જર અને મિહીર લોકોનાં પરદેશી ટોળાં, જે હૂનના હુમલા વખતે ક્ષત્રિય તરીકે સૂર્યચંદ્રમાંથી પેઢીઓ ગણાવતા દાખલા થઇ ગયા હતા તેઓ, પોતાની સત્તા જમાવવા ટાંપી રહ્યા હતા.

હર્ષનું સામ્રાજ્ય આથમે તે પહેલાં હિંદની સંસ્કૃતિને જડ-મૂળથી ઊખેડી નાખે એવી ઝનૂની સત્તા મક્કા મદીનામાં ઊછરતી હતી. મહમ્મદ પયગમ્બરના જીવનકાળ (૫૭૦–૬૩૨) સુધીમાં ઇસ્લામ પગભર થયો હતો. તીડ જેવાં ઇસ્લામી ટોળાં ઠેઠ ચીનથી સ્પેન સુધી ફેલાઇ રહેવા તત્પર થયાં હતાં. હર્ષનું મહારાજ્ય ભાંગે તે પહેલાં તો આરબો સિંધની સરહદ ઉપર નોબત ગગડાવી રહ્યા હતા. ઇ.સ. ૭૧૦માં સિંધનું બ્રાહ્મણ રાજ્ય ઊથલાવી આરબોએ પ્રથમ પોતાની સત્તા બેસાડી. જોકે ગુજરાતના રાષ્ટ્રકૂટ રાજાઓ સાથે આરબોને સંધિ કરવી પડેલી. તે પછીથી બગદાદમાં મનસૂર અને હારૂન-અલ-રશીદના (૭૮૬–૮૦૯) દરબારમાં હિંદના પંડિતો જતા થઇ ગયા. સિંધ પર આરબ રાજ્યનો અર્થ ઘણો ગંભીર હતો. આરબોએ ખોલેલાં હિંદનાં એ દ્વાર પછી ખુલ્લાં જ રહ્યાં.

પણ આર્યાવર્તની સંસ્કૃતિને સજીવન કરે એવી પુનર્રચના ફરી પાછી દ્રાવિડ દેશમાં થઈ રહી હતી. જેને પ્રતાપે બુદ્ધ ધર્મને જન્મભૂમિમાંથી દેશવટો લેવો પડ્યો એવો શંકરાચાર્યનો એ અદ્વૈત-વાદ લંકાથી કાશ્મીર સુધી પ્રસરી ગયો. શંકરાચાર્યે ગુજરાતની સીમા



હિંદ ઉપર પરદેશીઓએ કરેલાં આક્રમણોના માર્ગનો નકશો.




ગયા અંકના હપતામાં જણાવેલા ક્ષત્રપોના સિક્કા. મથાળેથી : (૧) નહપાણ ક્ષત્રપ (સત્રપ)નો સિક્કો : એક તરફ ગ્રીક લિપિ સાથે સત્રપનું મોઢું; બીજી તરફ બાણ તથા વજ્રની આકૃતિ સાથે એ જ લખાણ ખરોષ્ટી લિપિમાં. (૨) છષ્ટન શક ક્ષત્રપનો સિક્કો : એક તરફ ગ્રીક લિપિ સાથે સત્રપનું મોઢું; બીજી તરફ સૂર્ય અથવા તારા, ચંદ્ર, ચૈત્ય અને નદી (અથવા સર્પ)ની છાપ સાથે બ્રાહ્મી લિપિમાં રાજાનાં નામ તથા બિરૂદ. (૩) રુદ્રસિંહ શક ક્ષત્રપનો સિક્કો : એક તરફ અપભ્રંશ ગ્રીક લિપિના થોડા ભાગ સાથે રાજાનું મોઢું: બીજી તરફ બ્રાહ્મી લિપિમાં રાજાના નામ તથા બિરૂદ સાથે ચૈત્યની સંજ્ઞા. (૪) કનોજના રાજા ભોજ અથવા મિહીર ગુર્જર—પ્રતિહારનો સિક્કો : જેમાં એક તરફ વિષ્ણુના વરાહ અવતાર તથા સૂર્યની છાપ તથા બીજી તરફ 'શ્રીમદ્ આદિ વરાહ' એવું ત્રિ-ખણુતું તથા રાજાનું પોતાનું બિરૂદ આલેખેલું છે.



૧૨મા સૈકાની એક ક્ષત્રિયની મૂર્તિ. તે
સમયના પોષાક અને આયુધ બતાવતી.

જેવા વસઇ પાસે નિર્મળના એકાંતમાં સમાધિ લીધી. ગુજરાતમાં દ્વારકા શૈવ ધર્મનો મઠ થઇ રહ્યો. જેણે જ્યોતિર્લિંગનાં દર્શન કર્યાં હશે તે શૈવ ધર્મનો મર્મ સમજી શકશે. નૈસર્ગિક તત્ત્વોની પૂજા અને વિધિની સાદાઇ એ એનાં મુખ્ય તત્ત્વ છે. હિંદની સંસ્કૃતિમાં બૌદ્ધ, જૈન અને આર્ય ધર્મને નિરનિરાળા ગણવામાં આપણી મોટી ભૂલ છે. ખરૂં જોતાં તો જળ એક પણ માટલાં જુદાં માંડેલાં. સાક્ષાત બૌદ્ધ ધર્મ હિંદમાંથી જોકે અદૃશ્ય થયો, પણ એ જતાં પહેલાં એનું સકળ તત્ત્વ હિંદુ ધર્મમાં આવી ગયું હતું. પહેલાંનો આર્ય ધર્મ હવે બ્રાહ્મણ ધર્મ મટીને હિંદુ ધર્મ (એટલે કે સકળ હિંદવાસીનો ધર્મ) થતો હતો. શંકરાચાર્યે પાડેલા જિંદગીના ચાર વિભાગમાંના સંન્યસ્ત આશ્રમમાં નાતજાતનો થતો લોપ એ બૌદ્ધ ધર્મનું તત્ત્વ છે. બૌદ્ધ ધર્મ સાકારે ગયો, પણ નિરાકાર રહ્યો. દેહ ગયો પણ એનો આત્મા તો રહ્યો જ.

સારા યે હિંદમાં અને હિંદ પાર, અજંતા તથા કાર્લા જેવી ગુફાઓ બૌદ્ધ ધર્મના અમર સ્મારક જેવી રહેશે. ઇલોરા અને ધારાપુરીની શૈવ ગુફાઓ શૈવ ધર્મે અપનાવેલા બૌદ્ધ ધર્મના આત્મા સમી છે.



આબુ ઉપરનાં દેલવાડાનાં મંદિરો બંધાવનાર
વિમળશાહ અને તેમનાં પત્નીની મૂર્તિઓ.

બૌદ્ધ ધર્મે સુંદર ગુફાઓ, સ્તૂપો ને વિહારો સર્જાવ્યાં; શૈવ ધર્મે મનોહર શિખર સાથેનાં દહેરાં રચ્યાં. મૂર્તિપૂજાના ખોળામાંજ શિલ્પકળા સચવાઇ છે. મૂર્તિ ને મંદિરની વિવિધ રચનામાં રાષ્ટ્ર અને ધર્મોની રેખાઓ પડી છે. મૂર્તિપૂજા ઉપર પુરાણોની જબ્બર અસર થઇ છે. પુરાણોની અસંખ્ય કલ્પનાઓને પથ્થર રૂપે સાકાર કરવાની પ્રતિષ્ઠા મૂર્તિઓ અને મંદિરોને વરે છે. મૂર્તિઓ પ્રજાની મનોભાવના—આશાનિરાશા અને કલાકલ્પના રૂપે છે. સંસ્કારોનું એ નવનીત છે.

શંકરાચાર્યનો દિગ્વિજય એ આર્યાવર્ત ઉપર દ્રાવિડ સંસ્કૃતિનો વિજય હતો. હર્ષ પછી હિંદુ રાજ્યલક્ષ્મીની જીવનસંધ્યાએ આર્ય સંસ્કૃતિનો આત્મા દક્ષિણમાં સચવાયો અને ઊછર્યો. આર્ય આચારવિચારનું પાલણ-પોષણ અને રક્ષણ મુસલમાન કાળમાં દક્ષિણે કર્યું છે. જોકે આર્ય સંસ્કૃતિ આ સમયે ગિરિશિખરે મહાલતી હતી, પણ સંધ્યાના રંગ ઝાઝા આઘા ન હતા.

હર્ષના ચક્રવર્તી રાજ્યના અસ્ત સાથે હિંદની સંસ્કૃતિની કેન્દ્રિત સંસ્થા તૂટી પડી. મહારાજ્ય પડતું એટલે નાનાં રાજ્ય ઊભાં થતાં. મોટા ધર્મ નબળો પડચે નાના પંથ શરૂ થતા. લગભગ આઠમી સદી પછી ભારત-



પ્રાચીન હિંદી લિપિઓના નમૂના : (૧) બ્રાહ્મણી,
(૨) ખરોષ્ઠી, (૩) ગુપ્ત અને છેલ્લી નાગરી.

ની સંસ્કૃતિ પ્રાંત ને પ્રજાના કટકાઓમાં વહેંચાઇ. ગુજરાતની સંસ્કારભક્તિ હર્ષના અસ્ત પછી જન્મે છે. ગુજરાત તથા રજપૂતાના અને માળવાની સંસ્કારછાયા લાંબા કાળ પર્યંત એક જ રહી છે. ગુજરાતની સંસ્કૃતિ ભારતવર્ષની મધ્યવર્તી સંસ્કૃતિથી અલગ એ માન્યતા ખોટી છે. હિંદના સર્વ કટકા એક જ માળાના મણકા જેવા છે. હજાર વર્ષે આજ પણ કાશ્મીરથી લંકા સુધી હિંદુ સંસ્કૃતિનો આત્મા એક છે.

ઈ.સ. ૭૬૫માં વલ્લભી સત્તાનો સૌરાષ્ટ્ર અને લાટમાં અંત આવ્યો. પણ વલ્લભીપુર ધૂળમાં દટાય તે પહેલાં તો બીજી બાજુ પાટણનું નસીબ ખીલતું હતું. લગભગ છસો વર્ષ સુધી પાટણ ગુજરાતની રાજધાની રૂપે રહ્યું. રાષ્ટ્રકૂટ અને ચાલુક્ય રાજ્યોના અંત આવે તે પહેલાં ગુર્જર અને મિહીર લોકો આનર્તના માલિક થઇ બેઠા. ઇ.સ. ૮૦૫માં થએલા વનરાજ ચાવડાનું નામ મશહૂર છે. સિદ્ધપુરનો પાયો તેને હાથે નંખાયો. ગુર્જરોના છત્ર નીચે આનર્ત નામ બદલાઇને ગુજરાત થયું. ઇ.સ. ૯૧૬માં નાગભટ્ટની સરદારી નીચે ગુર્જરોએ કનોજ સર કર્યું. ફરી પાછા પૂર્વમાંથી ગુજરાત ઉપર સંસ્કાર પડવા માંડ્યા.

ઇ.સ. ૯૯૬માં કનોજના શૈવધર્મી રાજા મૂળરાજે સિદ્ધપુરનો રુદ્રમાળ બાંધવો શરૂ કર્યો, એટલું જ નહિ પરંતુ તેણે પ્રયાગ ને કનોજથી ઔદીચ્ય બ્રાહ્મણો બોલાવી ગુજરાનમાં વસાવ્યા. ઔદીચ્ય બ્રાહ્મણો પોતાને આજે પણ સર્વશ્રેષ્ઠ મનાવે છે. નાગર બ્રાહ્મણનું પણ ખાવાની તે ના પાડે. ત્યાર પછીનાં ચાર વર્ષમાં ચામુંડે ગુજરાતમાં કુવા તથા વાવ બંધાવ્યાં. ઇ.સ. ૧૦૨૨માં ઉદયમતિએ પાટણમાં રાણીવાવ બંધાવી. મોઢેરામાં સૂર્યનું મંદિર પણ તે જ અરસામાં સ્થપાયું.

પણ ગુજરાતની પનોતી બેસી ચૂકી હતી. લગભગ ૧૦૨૫માં મહમદ ગીઝની મથુરાં લૂટી સોમનાથ ઉપર ઊતરી આવ્યો. હિંદ સાથે વેપાર કરતા પરદેશીઓએ હિંદની અઢળક લક્ષ્મીની વાતો કરી ગીઝનીને લોભાવેલો. સોમનાથનો ઇતિહાસ વાંચતાં જ જણાઇ આવશે કે આર્ય ધર્મ હિંદુ થયો હતો. મૂર્તિપૂજા, વહેમ અને જ્યોતિષે બ્રાહ્મણ બુદ્ધિને ઘેરી હતી. હજારો ભેટ ધરતાં છતાં સોમનાથ ઇસ્લામને થંભાવી ન જ શક્યું. સોમનાથનું લૂટાવું એ હિંદુ ધર્મ અને હિંદુ રાજ્યના ઓટ થવાનાં ચિહ્ન છે. હિંદુઓ કાયર થઈ ગયા હતા. ઇસ્લામના કિશોરચંદ્ર પાસે હિંદુઓની અમાવાસ્યા આવી રહી હતી. વર્ણાશ્રમ ધર્મ જ્ઞાતિધર્મ થઇ ગયો હતો. પ્રાચીન સમાજના પાયા ડડળી ગયા હતા. મહમદ ગીઝનીનાં વળતાં પગલાંના પડઘા સંભળાતા હતા ત્યાં તો ભીમદેવ પહેલો પાટણનું રાજ્યાસન સંભાળવા આવી પહોંચ્યો. ધારાનગરીમાં ભોજ રાજા એ કાળે ધર્મ, જ્ઞાન ને કળાને પોષી રહ્યા હતો. ભોજની એ સંસ્કૃત શાળાને સ્થાને આજે તો મસ્જિદ ઊભી છે.

ભીમદેવ પછીનાં સો વર્ષ શાંતિનાં હતાં. કંઇક સ્મૃદ્ધિનાં પણ ખરાં. ઇ.સ. ૧૦૩૨માં વિમળશાહે આબુ ઉપર દેલવાડાનાં મંદિરો બંધાવ્યાં. આરાસુર પણ તે જ સમયે પ્રતિષ્ઠા પામ્યું. રુદ્રમાળ પૂરો થયો. દેલવાડાનાં દહેરાં ગુજરાત માટે કંઇક સીમાસૂચક છે. જૈન ધર્મના વધતા પ્રભાવની એ તેજરેખા છે. ગુજરાતમાં વૈશ્યનો દોર જામતો હતો. કર્ણના વખતમાં ગિરનારનાં જૈન દહેરાં, મોઢેરાનું તળાવ અને મંદિર ચણાયાં, અને સાબરમતી ઉપર કર્ણાવતીનાં તોરણ બંધાયાં. કર્ણ પછી ગુજરાતમાં અમર સંસ્કાર પાડનાર સિદ્ધરાજ જયસિંહ પાટણની ગાદીએ બેઠો. અરધી સદીના એના લાંબા રાજ્યમાં સલાટોએ દહેરાં બાંધ્યાં; ઓડ લોકોએ તળાવો ખોદ્યાં. તે પછીનું આજ સુધીનું

ગુજરાત એ સિદ્ધરાજનું ગુજરાત છે. આજે ય પાટણમાં ગાજેલી જસમા ઓડણનો ગરબો ગવાય છે. પાટણનું સહસ્રલિંગ તળાવ ને સિદ્ધપુરનું બિંદુ સરોવર એ સમૃદ્ધિનાં સાક્ષીભૂત છે. વીરમગામનું માન સરોવર પણ તે જ કાળે બંધાએલું. લાકડાના કોતરકામ માટે પણ ગુજરાત જાણીતું હતું. કળા અને કારીગરો ગુજરાતમાં આવી વસ્યાં હતાં.

સિદ્ધરાજના સ્વર્ગવાસ પછી પાટણનો રાજધર્મ બદલાયો. કુમારપાળે (૧૧૪૩–૧૧૭૩) જૈન પંડિત હેમાચાર્યને સાંભળી જૈન ધર્મ અપનાવ્યો. શૈવ ધર્મનો જોકે નાશ ન થયો, પણ બ્રાહ્મણની રાજસત્તા નબળી તો પડી જ. પાટણના દરબારમાં નાગરો રાજગુરુ મટીને મંત્રીપદે પહોંચ્યા હતા. હવે નાગર અને જૈન સત્તાભિલાષીઓ વચ્ચે ખેંચતાણ ચાલી. લવણપ્રસાદે આદિનાથ અને શત્રુંજય ઉપર જૈન દહેરાં બંધાવ્યાં. લવણપ્રસાદ લડતો-લડતો ઠેઠ દક્ષિણ સુધી ગયો હતો. એ જ કાળે વડનગરમાં કોટ અને કીર્તિસ્તંભ બંધાયાં. વડનગરના નાગરો વેદનાં ભાષ્યો રચતા ને અખંડ હોમહવનથી ધર્મભાવના પોષતા. કાળની બલિહારી એ કે એ જ વડનગરમાં જૈનશાસ્ત્ર કલ્પસૂત્ર લખાયું હતું! વડનગર ધર્મતીર્થ હતું.

કુમારપાળના મરણ સમયે ફરી પાછાં મોગલ પડઘમ વાગવા માંડ્યાં હતાં. હિમાલયના દરવાજા તૂટી પડ્યા હતા. ભીમદેવ બીજાએ (૧૧૭૮–૧૨૪૧) સાઠ-બાસઠ વર્ષના લાંબા ગાળાનું રાજ્ય કર્યું. વસ્તુપાળ ખંભાતમાં જૈન દહેરાં બંધાવતો હતો ત્યારે દિલ્હીમાં ચૌહાણનો ને ગુજરાતમાં સોલંકીનો અંત આવતો હતો. શાહબુદ્દીન ઘોરીએ દિલ્હીના તખ્તને ઝડપી લીધું. પૃથ્વીરાજરાસાના વાચકો આગળ હિંદુ રાજ્યલક્ષ્મીની એ આથમતી દશાનું વર્ણન કરવું પડે એમ નથી. માંહોમાંહેની તકરારોથી દિલ્હીની રાજસત્તા નબળી પડી હતી. 'ઘર ફૂટ્યે ઘર ગયું.'

પાટણના દરવાજાને ઉધાઈ વળગે તે પહેલાં તો ધોળકામાં વાઘેલાને રાજ્યલક્ષ્મી વરી ચૂકી હતી. વિશળદેવ શિલ્પકળાના અવતાર જેવો હતો. ડભોઈ ને ચાંપાનેરના કિલ્લા એ કાળે બંધાયા. ત્યાર પછી તરત જ ગુજરાતની રાજ્યલક્ષ્મીને રાહુએ ગળી. મહમદ ગીઝનીના કાળથી વખત કવખતે ગુજરાત ઉપર હુમલો કરનાર મુસલમાનો સદાકાળ ત્યાં આવી વસ્યા. લગભગ ૧૩૦૦ની સાલમાં કરણઘેલાને અલ્લાઉદ્દીન ખીલજીએ હરાવી મુસલમાની રાજ્યનો પાયો નાખ્યો. ગુજરાતને કૌળા રાણીનો વિલાપ સાંભ-

પિપાસા

· લાવણી ·

ઓ યુગતરસ્યા જગકંઠ! જરી તું પુકાર કરજે ધીરે,
આ જાગી જશે અંધાર વીંધાતાં તવ રવ-કંપ-સમીરે.
જો નિશા ન ઝબકી જાગે!
ને થાતાં પુનઃ પ્રભાત સ્વજન મુજ જીવનભેટ ન માગે!

હું જાણું તારી તરસ, કરું છું ભીષણતમ તૈયારી;
તું ધીમે સાદ પુકાર! ક્યારની સુણી મેં કરુણ સિતારી.
જો! જાગી જશે મુજ માતા!
નિજ અંગ પછાડી પંથે મારાં ચરણ રંગશે રાતાં!

અહીં કને સૂતા મુજ પિતા જાગશે, ભાઈ અને ભગિની,
મુજ માર્ગ રોકશે, વહાવશે સૌ આંસુ કેરી ઝરણી.
શોરથી ઊઘડતાં બારી,
ઉરદીવડે સ્નેહ પુરંતી રડશે કંપતી કોક કુમારી.

તુજ સૂકો ઘર્ઘર સાદ પસારે ભયપગલાં સંસારે,
મુજ ભેરુ બની સાશંક, ઝંખશે મને ઊભો ભવ આરે.
શો શોષ તને ભારી!
શેં દૂર થશે? મુજ કને માત્ર નાનીશી જીવનઝારી.

શો શોષ એવડો!? ઢળ્યાં અનર્ગળ શોણિત તવ પેટાળે,
કૈં સંત અને પયગંબરનાં, શહીદોનાં પ્રેમઉછાળે.
નવ શમતી પૂર્ણ પિપાસા!
ને તો ય ઘડીક પણ શમાવું એવી અંતર મુજ આશા.

જુગજુગ તરસ્યા જગકંઠ! જરી તું ધીરે સાદ પુકારે,
તો થાય મને ય ન ભાન તેમ પ્હોંચું ઝટ તારે દ્વારે.
હું આવ્યો! આવ્યો આ!
તુજ શોષ જતી પી, અંતરથી રેલું હું જીવનધારા.

ઉમાશંકર જોષી

લાવો રહ્યો. રજપુતાણી ખીલજીનું શૃંગારગૃહ દીપાવવા માંડી. કરણનો અંત એ સંસ્કારની મહારેખા-હિંદ ને ગુજરાત એકસાથે નિરાધાર થયાં. અહીંથી ગુજરાતના વૈધવ્યની કથા શરૂ થાય છે.

પાટણમાં જૈનોના વિજય સાથે સંસ્કૃત ભાષાનો લોકભાષા તરીકે છેડો આવવા માંડ્યો. લગભગ બારમી સદીથી શિલાલેખોમાં અપભ્રંશ લખાતું આવ્યું છે. જૈનોએ બ્રાહ્મણ શાસ્ત્રોને પોતાના ધર્મમાં ચૂસી લીધાં છે. પણ તે સર્વ જૈન કે અપભ્રંશ ભાષામાં લખ્યાં છે. હેમચંદ્રે બારમી સદીમાં નવું વ્યાકરણ રચ્યું એ સીમાસૂચક છે. એનો અર્થ એમ નથી કે સંસ્કૃતનો તદ્દન અંત આવ્યો હતો. સંસ્કૃત પુસ્તકો તો આજ સુધી લખાયે ગયાં છે. ગુજરાતમાં મળતા શિલાલેખોના લેખક નાગરો છે એટલું જ નહિ પરંતુ મોટે ભાગે સંસ્કૃત પુસ્તકોના લેખકો વડનગરા નાગરો છે એ આશ્ચર્યની વાત છે. કીર્તિકૌમુદીના લેખક સોમેશ્વરને નાગર તરીકે આપણે જાણીએ છીએ. ધોળકામાં વાઘેલાના દરબારમાં પણ રાજકવિ નાનક નામનો નાગર હતો. ધર્મ અને રાજ્યની એ શિષ્ટ ભાષા સામે ગુજરાતી ભાષા એ લોકસમૂહના વિજય સમી છે. રાજ્યભાષા એ સર્વસામાન્ય ભાષા હોવી જોઇએ એ ખોટો મત છે. અત્યાર સુધીના સામાજિક આદર્શો ધર્મે ઘડ્યા હતા એ વાત સત્ય છે, પણ એક હજાર વર્ષનો હિંદુ આત્મા જેટલો શિલ્પમાં છે તેટલો પુસ્તકોમાં નથી. ગુજરાતનું રહ્યુંસહ્યું શિલ્પ જ તેના સંસ્કારના—વિકાસના કે વિકૃતિના આકાર રૂપે છે; સાહિત્ય નહિ.

કરણઘેલાના અંત સમયનું ગુજરાત સો વર્ષ પૂર્વેના ગુજરાતથી બહુ જુદું ન હતું. લોકોના આચારવિચાર બંધાઇ ગયા હતા. જ્ઞાતિસંસ્થાના બંધ મજબૂત બન્યા હતા. હરેક રાજ્યની ઊથલપાથલમાં જે જે ઝોલાં નવાં આવ્યાં તે પોતપોતાની નાત જમાવી કે વાડા બાંધી બેસી ગયાં. સમાજ ઉપર ધર્મને રાજ્યક્રાંતિની અસરો થએલી છે. નવો પંથ કે નવો ધર્મ, નવી રાજસત્તા કે નવું યુદ્ધ સમાજ ઉપર એકેક ઘા મૂકી જ ગયું છે.

લોકો એકંદરે સુખી હતા, કારણ સંતોષી હતા. ધર્મ તેમનું આશ્વાસન હતું. દરેકને પેટપૂરતું ખાવાનું અને પરણવાને સ્ત્રી કે પુરુષ મળી રહેતાં. કુટુંબનું બંધારણ એવું હતું, પ્રારબ્ધ પર શ્રદ્ધા એવી હતી કે મોટાં કુટુંબ વસાવવા વિચાર ન કરવો પડતો. હિંદમાં થતા પરિવર્તનના પડઘા આ પ્રાંતોમાં પણ પડતા. ગુજરાતની પરિસ્થિતિ એવી છે કે પૂર ગમે ત્યાં આવે પણ તેનાં વમળ અહીં થવાનાં. શહેરો ભાંગતાં, ગામડાં જાણે આળસ મરડી પાછાં આંખ મીંચી જતાં. આજે સ્વપ્ન જેવો સુખી લાગતો એ કાળ સત્યુગ તો ન જ હતો, હતો તો કલિયુગ જ. વ્યક્તિનાં સુખદુઃખ તે કાળે પણ આજ જેવાં જ હતાં, દારિદ્ર પણ હતું; અનીતિ પણ હતી. છતાં યે આજ જેવા લક્ષ્મી કે સત્તાના ભેદભાવ ન હતા, ઇજારા ન હતા. તેટલે દરજ્જે ઇર્ષ્યા થોડી હતી. પૈસો સમાજમાં વહેંચાએલો હતો. રોકડાં નાણાંની જરૂરીઆત જીવનમાં બહુ ન હતી. જમીનના ઉત્પન્નમાંથી મોટેભાગે જીવનવ્યવહાર ચાલતો. ભરણપોષણ માટે અથાગ મહેનત કરવી ન પડતી. વ્યક્તિ ઉપર સત્તાનો કાબુ સામાજિક હતો, રાજકીય નહિ.

પ્રાચીન આર્યસંસ્કાર નિર્માલ્ય થયા હતા. સંસ્કૃતિ ડહોળાઈ ગઇ હતી. રીતરિવાજ 'ડ્રિલ' જેવા થઇ ગયા હતા. સ્ત્રીસ્વાતંત્ર્ય ધીરેધીરે ઓસરતું હતું. શક્તિની પૂજા અને શિલ્પમાં સ્ત્રીઓની પ્રતિમાઓ એ સ્ત્રીઓને અપાએલી છેલ્લી અંજલિ જેવી રહી છે. સંયુક્તાનો સ્વયંવર છેલ્લો હતો. પતિ મરતાં સતી થવાનો ચાલ નીકળ્યો હતો. યુદ્ધ વેળાએ રણમાં લડવા કરતાં પથ્થરની મૂર્તિ પાસે આંસુ સરાતાં. હારતાં નસીબના ખેલ મનાતા. સમાજમાં સંગઠન અને સંપનો લોપ થતો હતો. બારમી સદીના સૂર્યાસ્તે ફરી પાછાં છસો વર્ષ રક્તસ્નાન કરવાનું હતું. મોટા તોફાનની આગાહી હતી. આકાશ ઘેરાયું હતું. વીજળીના ચમકાર થતા હતા. (ચાલુ)

આ ઉપયોગી અને મનનીય લેખનો છેલ્લો સચિત્ર હપતો આવતા અંકમાં.

આ લેખના ગયા હપતામાં પાન ૨૪૬મે મહાવીર બ્રાહ્મણ હતા એવો ઉલ્લેખ છે. ઇ.બી. હૅવેલ જેવા વિદ્વાનોના મત તથા બીજાં પ્રમાણોને આધારે તે લખાયો છે. પણ બીજો મત એવો છે કે તે ક્ષત્રિય હતા. એક મિત્રે તેનું સમર્થન કરતો પત્ર અમને લખ્યો છે. ખરી વાત છે કે એ મત હાલ સર્વોપરિ થતો જાય છે. '[illegible]' પણ મહાવીર ક્ષત્રિય હોવાનું [illegible]

જે વીરાંગનાના આત્મબલિદાને રશિયન લોકકલ્યાણના ક્રાન્તિયજ્ઞમાં અણબૂઝ શિખાઓ પ્રગટાવી

સોફિયા પેરોવસ્કિયા

સ્વતંત્રતાની દેવીનાં ચરણો પર આત્મ-બલિદાન દેનારા રશિયાના દેશભક્તોમાં સોફિયા પેરોવસ્કિયાનું નામ અત્યંત શ્રદ્ધા, ભક્તિ ને ગૌરવથી લેવામાં આવે છે. સોફિયા શક્તિનો અવતાર હતી. એના પવિત્ર અને ઉજ્જવલ નામનું સ્મરણ કરતાં જ રશિયનોના શરીરમાં વીજળી દોડે છે. એ દેવી ભક્તિ અને સાહસની સાક્ષાત પ્રતિમૂર્તિ હતી.

ઘણાખરા રશિયન ક્રાન્તિકારીઓની જેમ સોફિયા પેરોવસ્કિયાનો જન્મ પણ એક ઉચ્ચ ખાનદાન અને ઉમરાવ કુટુંબમાં સને ૧૮૫૩ની પહેલી સપ્ટેમ્બરે થયો હતો. પહેલેથી જ સોફિયાનું કુટુંબ રાજ્ય પ્રત્યેની વફાદારી માટે મગરૂર હતું. તેના વડવાઓએ પોતાના લોહીના ભોગે રાજ્યનું રક્ષણ કર્યું હતું. આ પેરોવસ્કિયા કુટુંબ પ્રખ્યાત રેઝુમોવસ્કી ખાનદાનમાંથી ઊતરી આવેલું હતું ને રાજભક્તિને લીધે પેરોવસ્કીઓ રાજ્યમાં ઘણો સારો હોદ્દો ધરાવતા હતા. સોફિયાના દાદા એક વખતે કેળવણી ખાતાના પ્રધાન હતા, એના કાકા પ્રખ્યાત કાઉન્ટ મેઓરસ્કી મહા પ્રતાપી પુરુષ થઇ ગયા અને સોફિયાના પિતા રશિયાની રાજ્યધાની સેન્ટ પીટર્સ બર્ગના ગવર્નર-જનરલના પદ પર રહી ચૂકયા હતા.

ઘરમાં સોફિયા સૌથી નાની અને ચપળ બાલિકા હતી એટલે સૌ કોઇ એને ચાહતું. તેમાં યે માતૃ-સ્નેહની તો તેના પર અવધિ હતી. ગૃહકાર્યમાં પારંગત, વિદુષી ને મમતાળુ માતા, સોફિયાનું જીવન ખરાબ દિશાએ ન ઘસડાય એ માટે ઘણી કાળજી લેતી. એ પોતાની પુત્રીને ફેશનેબલ સ્ત્રી-પુરુષોથી તેમ જ સભા-સોસાએટીઓથી સદા દૂર રાખતી. પરંતુ સોફિયાના પિતાને પોતાની સ્ત્રીના આ વિચારો પસંદ પડતા નહિ અને આથી ઘરમાં રોજ કલહ થતો. પિતાના ઉગ્ર અને કઠોર સ્વભાવને લીધે સોફિયાનો પ્રેમ માતા પ્રત્યે વધુ ને વધુ ઢળવા લાગ્યો.

ઈ.સ. ૧૮૬૬માં એક પ્રખ્યાત ક્રાન્તિવીર કારાકોઝોફે સેન્ટ પીટર્સ બર્ગમાં બીજા ઍલેકઝાંડરનું પિસ્તોલથી ખૂન કર્યું. દેશની ખુદ રાજ્યધાનીમાં અને બધા અધિકારીઓની હાજરી છતાં એક વિપ્લવી ગોળી ચલાવી નાસી જાય એ ભારે ભયંકર વાત હતી. સોફિયાના પિતા એ વખતે ત્યાંના ગવર્નર હતા, એટલે ખૂનની બધી જવાબદારી એમના પર આવી પડી અને એ બદલ એમના પર બેદરકારીનો આરોપ મૂકવામાં આવ્યો. પરિણામે નોકરી પરથી બરતરફ થતાં પેરોવસ્કિયાની કુળની સંપત્તિ તથા માન-મર્યાદા પણ અસ્ત થતાં ચાલ્યાં. દિવસો જતાં એમની મોટી સમૃદ્ધિમાંથી ફક્ત થોડી જમીન જ રહેવા પામી. આવી સ્થિતિમાં સેન્ટ પીટર્સ બર્ગમાં રહેવાનું યોગ્ય ન માનીને સોફિયાની માતા સહપરિવાર પોતાની જમીનદારીમાં ચાલી ગઇ. અહીં આવી એણે પોતાનાં બાળકોના શિક્ષણનો યોગ્ય પ્રબંધ કર્યો. આ ગામમાં એક મોટું પુસ્તકાલય હતું. સોફિયાએ એનો પૂર્ણ છૂટથી લાભ લેવા માંડયો. એણે ખાસ કરીને રાજ્ય શાસન-સુધારનાં પુસ્તકોનું અધ્યયન કર્યું. રશિયન સાહિત્યના છેલ્લામાં છેલ્લાં નવીન પુસ્તકો વાંચવાથી સોફિયાના મગજમાં તદ્દન નવીન જ વિચારોનો જન્મ થતો ગયો. સને ૧૮૬૯માં સોફિયાના પિતાની સ્થિતિ વધારે કઢંગી બનતાં એમને બાકી રહેલી મિલ્કત પણ વેચવી પડી. આમ છતાં સોફિયાની વિદુષી માતા જરા પણ વિચલિત થઇ નહિ. એણે પોતાની મૂલ્યવાન વસ્તુઓ વેચીને પણ પુત્રીઓને ઉચ્ચ શિક્ષણ આપવાનું ચાલુ રાખ્યું.

વિદ્યાલયના શિક્ષણને લઇને તેમજ માતાના આજન્મ શિક્ષણને લીધે સોફિયાના વિચારો ત્વરાથી પરિપકવ થવા લાગ્યા. દેશની સ્થિતિ તથા રાજાપ્રજાના સંબંધમાં એના વિચારો ઘણા દૃઢ બન્યા અને એ સમયે રશિયામાં ચાલી રહેલા ક્રાન્તિવાદ તરફ ઢળવા



શુષ્કભૂમિનો અતિથિ

ચિત્રકાર : રસિકલાલ ન. પરીખ

લોકવાણીના સ્રોતમાં વહી આવેલી એક જનસેવિકા ભગવતીની કથા

૧

વાવડી પરગણામાં સાંજ સવાર 'સત્ દેવીદાસ'-ના ઉચ્ચારો અવારનવાર થયા કરે છે. માતા અમરબાઇ જગ્યાનાં આંધળાં, લુલાંલંગડાં, કોઢિયાં વગેરેને એકદિલથી પોષી રહ્યાં છે. જ્યાં ન્યાતજાતનો ભેદ નથી, ઉચ્ચનીચનો હિસાબ નથી એવી પવિત્ર જગ્યામાં કોઇ અજબ વાતાવરણ ફેલાએલું રહેતું.

અમરબાઇ એટલે યોગની સાક્ષાત મૂર્તિ; જેણે યુવાનીનાં ઓજસ નિતારી વૈરાગ્યમાં મસળ્યાં હતાં, જેણે જગતના સ્વાદોને સેવા સાથે જડચા હતા, જેણે મોહને તપના ઇંધન તરીકે સળગાવ્યો હતો. તે અનાથની સાક્ષાત માવડી અનેક અપંગોના આશીર્વાદ લઇ પ્રભુચરણે ધરતી હતી. તેને ગામ કે ગરાસ નહોતો, પગાર કે વેપાર ન હતો. માત્ર 'સત્'ની ઝોળી ખભામાં ભેરવી આસપાસનાં ગામોમાં ટુકડા ઉઘરાવી પેલાં અનાથોનાં ભૂખ્યાં પેટ ઠારતી.

અમરબાઇ કચ્છ ભીડી, કપાળમાં ભસ્મ ચોપડી હાથમાં ચીપિયો લઇ જ્યારે ટુકડા માગવા જાય ત્યારે તો ઇંદ્ર પણ વિમાસણમાં પડતો કે રખે ઈંદ્રાસન ઝૂટવે. પાછળ ગામનાં કુતરાંઓ ટોળે મળીને ચાલતાં. અમરબાઇ એ બધાં કુતરાંને ઝોળીમાંથી ટુકડા કાઢીને નાખતી. આખા ગામમાં માગે. ઢેઢ ને ભંગીના ઘરના ટુકડા પણ એને ખપતા. એને ભેદભાવ હોય તો તો સૂરજ ઊગમણો આથમે જ ના!

એક વરસ દુકાળ પડ્યો. અન્નના સાંસા પડવા માંડ્યા અને અમરબાઇની ઝોળીમાં ટુકડા ઓછા થતા ચાલ્યા. અનાથોના પેટમાં પૂરવાનું બીજું સાધન તો હતું નહિ, એટલે છેવટે અમરબાઇએ મોટા ગામ તરફ દ્રષ્ટિ દોડાવી. એને બગસરા ઠીક લાગ્યું. એથી બગસરામાં ટુકડા માગવાની શરૂઆત કરી દીધી.

૨

વાવડીથી બગસરા પંદર ગાઉ થાય. એટલે અમરબાઇ સવારમાં ઊઠી, સ્નાન કર્માદિથી પરવારી પ્રભુના પાદની પૂજા કરી ઝોળી ઉઠાવે અને આકાશમાર્ગે રવાના થાય. એક પલકવારમાં બગસરાના પાદરમાં ઊતરી ટુકડા માગવા શરૂ કરે. હાંડા જેવું ગામ સાંજ સુધી માગે અને છેવટે ઢેઢવાડામાં, ચમારવાડામાં ને ભંગીવાડામાં ફરી ફાટફાટ થતી ઝોળી લઇ દિવસ આથમે ત્યાં અમરબાઇ જગ્યામાં હાજર થાય અને સંધ્યાના દીપક પ્રગટાવી આરતી પણ ઉતારે. બધા અનાથોને ભેગા કરી સાંજસવારના ટુકડા વહેંચી દે. પોતે પણ એચાર ટુકડા ખાઇ ધરતીને ખોળે શયન કરે. કળિયુગના ધર્મપાલકોની પેઠે એને શરીરના રક્ષણના મોહ નહોતા. એને તો સેવા ને સમાનભાવ એ બે જ જીવનનાં ધ્યેય.

ઘણા દિવસો સુધી આ પ્રમાણે ચાલ્યું. અમરબાઇના આ ચમત્કારની સમજ કોઇને પડી નહિ. પણ સૂરજ છાબડે ઢાંકયો ક્યાં સુધી રહે? માનવસમૂહમાં વાત ફૂટી નીકળી કે 'અમરબાઇ આકાશ-



માતા અમરબાઇ

માર્ગે ઊડે છે.' ત્યાં કોઇ કહે કે 'એ તો લુચ્ચી છે, ઢેઢવાડાનું પણ અન્ન ઉઘરાવે છે.' ઘણા કહે કે 'એ તો ઢેઢવાડામાંથી પરમાટી લઇ જાય છે પરમાટી! અને જગ્યામાં જઇ શાક વઘારી આનંદ ભોગવે છે.' આમ જગતની બત્રીશીમાં માવડી ચડી. જગત-સરાણ ઉપર એ યોગ-છરી ચડી અને વધારે તીક્ષ્ણ બની.

એક દિવસ સવારમાં બગસરાને ચોરે પાંચસાત જુવાનો ઊભા છે. કાઠીના બચ્ચાઓ મૂછના આંકડા વાળી રહ્યા છે. એમની હીરની નાડીએ ખોબોખોબો ઝૂમતાં હિલોળા લઇ રહ્યા છે. હાથમાં કડિયાળી ડાંગો વાળાના ચાપડાઓથી શોભી રહી છે. એને મન તો સૌંદર્ય એ જ જગત ને એ જ ઇશ્વર. યુવાનીનો શ્યામ પડદો જેની ચમકતી આંખો ઉપર ઝૂકી રહ્યો છે, એવા જુવાનોએ અમરબાઇને દૂરથી જોઇ.

'એલા, ઓલી જોગટી! ઢેઢવાડામાંથી પરમાટી માગીને ખાય છે તે આ! પણ રહેવાશી ક્યાંની છે?'

બીજાએ ઉત્તર આપ્યો કે 'વાવડી પરબની છે એમ કહેવાય છે. "સત્ દેવીદાસના"ના નામને એબ લગાડતી ફરે છે.'

ત્રીજાએ કહ્યું, 'તમે જરા વિચારો તો ખરા. પંદર ગાઉથી દરરોજ માગવા આવે તે એ તે કોઇ વિમાનમાં બેસીને આવતી હશે! એવી નાખી દીધા જેવી વાતો કાં કરો?'

ત્યાં તો ચોથો જણ બોલ્યો: 'પણ આપણે ખાતરી કરીએ. આજ સાંજે ગામ માગીને બહાર નીકળે એટલે પછવાડે જવું અને બધી ય વાત જાણી લેવી.'

એટલામાં અમરબાઇ એ યુવાનો પાસેથી નીકળી અને દૈવી સૌંદર્યથી ચમકતી આંખે પેલા યુવાનોના દુષ્ટ વિચારને જાણી જઇ વીજળીવેગે ચાલી ગઇ. યુવાનોના હૈયામાં ઝીણી કંપારી છૂટી. સૌએ પોતાના મનોવેગને વહેવા દીધો. અંતે નક્કી થયું કે સૌએ પોતપોતાનાં ઘોડાં તૈયાર કરવાં ને સાંજે વાવડ લઇ લેવા.

સંકેત કરી યુવાનો ઘેર ગયા.

૩

ભગવાન સવિતાનારાયણ જ્યારે જગતના પાપકર્મથી ત્રાસી ચાર પ્રહર આરામ લેવાને જતા હતા એ વખતે સજ્જ થયેલાં સાતઆઠ ઘોડાં બગસરાના ઢેઢવાડાને નાકે ધમસાણ કરી રહ્યાં હતાં. માતા અમરબાઇએ આ ઘોડાંના એસતલોનાં પાપકર્મો જાણી તેમની આંખોએ પડદા નાખ્યા અને ઢેઢના ઘર આગળ આવી શબ્દ ઉચાર્યો: 'સત્ દેવીદાસ!'

તરત જ ઢેઢની વહુએ આવી રોટલાના બેત્રણ કટકા નાખ્યા. પણ પેલા જુવાનોએ તો એ ટુકડાને માંસ રૂપે જોયા. અને માંહોમાંહે હાથતાળી દઇ ખિલખીલાટ કરવા લાગ્યા કે આજે આ ધુતારી જોગટીની બરોબર ફજેતી કરવી કે કાલે વસ્તીના ટુકડા માગતી બંધ થઇ જાય.

અમરબાઇ ઢેઢવાડામાંથી બહાર નીકળી અને કમર કસી. એણે વિચાર્યું કે અંધ જુવાનો વાવડી સુધી ઘોડાંને પૂરપાટ ચલાવી મારી નાખશે માટે એ મુંગાં પ્રાણીને રાહત આપતાં જવી અને પંથ કાપતાં જવો. આમ વિચારી તે વાયુવેગે રસ્તે પડી અને તરત જ અદૃશ્ય થઇ. ઘોડાંવાળા જુવાનોએ જોયું કે એ હાથમાથી ગઇ. 'ઝટ કરો મારા બાપા! જાય નહિ. ક્યાંક છેતરપીંડી કરી બીજો રસ્તો ન લે.'

જુવાનોએ ઘોડાં પૂરપાટ મારી મૂક્યાં. વાવડીનો રસ્તો વેંતવેંત ખોદાવા મંડી ગયો અને ધૂળના ગોટા ચડવા લાગ્યા. એકેક માઇલ ગયા ત્યાં તો પાછળથી 'સત્ દેવીદાસ' એવો શબ્દ આવ્યો. જુવાનો ચમક્યા. 'એલાઓ થોભો પાછળ રહી ગઇ છે. એને આગળ નીકળવા દ્યો.' થોડી વાર ઘોડાં થોભાવ્યાં ત્યાં તો આગળ અરધોએક માઇલ અવાજ આવ્યો 'સત્ દેવીદાસ!' એટલે વળી ઘોડાં પૂરપાટ દોડ્યાં. આમ પાંચસાત વિસામા ખવડાવી અમરબાઈ વાવડી પરબમાં ઊતરી પડી.

હમેશના નિયમ પ્રમાણે ઝોળીને ટાંગી હાથમોં ધોઇ આરતી તૈયાર કરી ગુરુદેવનાં ચરણકમળની આરતી ઉતારી અને સૌ આશ્રિતોને ટુકડા વહેંચવા માંડ્યા. સાથે પેલા જુવાનોને નોતરવા બે માણસોને કહી દીધું કે આજે બગસરાના કાઠી જુવાનો આપણે ત્યાં મહેમાન થવા આવે છે, માટે જાઓ તેમના ઘોડાંને ખડ નાખો અને સામા ઓટલા ઉપર જાજમ બિછાવો. પછી વાળુ કરાવીશું.

૪

હજી પણ જેની આંખ ઊઘડી નથી તેવા મલિન ઉદ્ધત જુવાનો આ બધો ખેલ સમજ્યા નહિ. તેઓ

તો એમ જ સમજતા હતા કે આ બધું અમરબાઇની જાણમાં નથી. સામે જ રસોડામાં અમરબાઇએ મહેમાનો માટે હાંડલીમાં ચોખા મૂકી દીધા હતા.

એક સાધુને બોલાવી અમરબાઇએ હુકમ કર્યો કે 'ઓલું રાંધણું ચૂલા પર ચડે છે તેની નીચે તાપ કરો. આ આધેના મહેમાનોને આજ રૂડાં વાળુ કરાવવાં છે. અને બેત્રણ ગાયો દોહી લો.' આમ વાત થતાં જુવાનો માંહોમાંહે ઇશારા કરવા લાગ્યા કે ઓલું ઢેઢવાડાનું શાક રંધાવા મૂક્યું છે. ને આપણે ફજેતી ન કરીએ માટે આપણને જ મહેમાનીમાં ખવડાવવાનું ધાર્યું છે. છે તો અક્કલવાળી. કાયમ પટાની રમતો રમતું હોય તેને આવું બધું જરૂર આવડે.

થોડી વારમાં તો અમરબાઇએ આવીને હાકલ દીધી કે 'જુવાનો હાથ મોં વીંછળો; વાળુ તૈયાર છે.' તરત જ જુવાનો ઊઠ્યા અને બિછાવેલા પાથરણા ઉપર અંગરખાની બાંયો ચડાવતા મૂછો સંકોરતા બેઠા.

એક કોઢિયા અનાથે તરત જ રાંધણાનું હાંડલું લાવી વચ્ચોવચ્ચ મૂક્યું ને પીરસવા માંડ્યું. અત્તર જેવી ભભક દેતા ચોખા થાળીમાં મૂકયા ને માથે ખાંડના ખોબા ને ઘીની ધારો વહેવડાવી. જુવાનો શરમાતે મોંએ ખાવા લાગ્યા. હળવેથી અમરબાઇ બોલી: 'કાં જુવાનો! પરમાટી ધારી લીધી'તી? આ તો સત્ દેવીદાસનો આશ્રમ છે સમજ્યા બાપુ? અહીં તો સાચના સૂર. એલા સાધુ, ટુકડાની ઝોળી ઉતાર.'

ટુકડાની ઝોળી ઉતારી હાથમાં ચીપિયો લઇ અમરબાઇએ ત્રાડ દીધી ને હુકમ કર્યો કે 'ધરેશ્વરના ટુકડા જુદા પડી જાઓ.' તરત જ ટુકડા આમથી તેમ ઊડવા લાગ્યા અને અઢારે આલમની અઢાર ઢગલીઓ થઇ ગઇ. ક્રોધથી ભભૂકી માવડી બોલી કે 'જુઓ આ છેટા બે ઢગલા રહ્યા તે ઢેઢ ને ભંગીના ઘરના. અમારે તો બધું ય સરખું.'

જુવાનોની આંખોનાં પડળ ઊતરી ગયાં. તેઓ દોડીને માવડીના પગમાં પડ્યા: 'માતાજી! માફ કરો; શાપ ન આપજો.'

'શાપ તો નહિ આપું, પણ ફરીથી જો કોઇ સંતની આવી આળ્ય કરશો તો વંશ નહિ રહે. જુવાનો તરત જ મોં નીલાં કરી રસ્તે પડ્યા અને અગર માવડી હજી પ્રભુના ચરણે વિરાજે છે.

પ્રાણુભાઇ મ. મહેતા

બટેટાંનો બહિષ્કાર

શાકમાં બટેટાં આજે મુખ્ય ચીજ થઇ પડ્યાં છે અને એના ભાવ ગરીબને પોસાય એવા સોંઘા તથા શ્રીમંતને સૂગ ન ચડે એવા હોવાથી, બંને વર્ગો એનો સરખો ઉપયોગ કરી શકે છે. આપણે તો બીજાં લીલોતરી શાકને લઇને અને વનસ્પત્યાહારી હોવાને અંગે—કે પછી કુતૂહલના અભાવે—ખોરાકમાં બટેટાંની કિંમત ઉપર ઝાઝું લક્ષ્ય આપ્યું નથી. પરંતુ ઉત્તર યુરોપ અને અમેરિકાના ઠંડા પ્રદેશોમાંની માંસાહારી પ્રજાને બટેટાંનો એક વર્ષનો પાક નિષ્ફળ જાય તો ભૂખે મરવાના દિવસો આવે એવી સ્થિતિ છે. છતાંય જ્યારે યુરોપમાં બટેટાં પહેલવહેલાં જાણીતાં થયાં ત્યારે લોકોએ એની સામે જે ઝુંબેશ ઉઠાવેલી એનું વર્ણન, દરેક નવી શોધની સામે સમાજે બતાવેલા વલણનું એક સુંદર ચિત્ર રજૂ કરે છે. ગાજર, કાકડી, ટમેટાં ને કાંદા અને રાંધ્યા વગર બનાવેલાં રાયતાં, કેળાંનો છુંદો, દૂધ દહીં અને નારંગી પોપૈયાંનો છૂટથી ઉપયોગ, શરીરને ઘી ગોળ કે તેલ કરતાં વધુ પોષણ આપે છે એ સમજણ ધીરેધીરે ગુજરાતમાં વધતી જાય છે એ પ્રસંગે નીચેનું વર્ણન, માણસનું મન કેટલે અંશે રૂઢિચુસ્ત અને સાંકડું હોઇ શકે છે એનું એક સારૂં ઉદાહરણ પૂરૂં પાડે છે.

લોકો પ્લેગ કે કૉલેરા જેવી ઉપાધિઓ સામે જે બળથી ઝઝૂમે, એટલા જ જુસ્સાથી યુરોપ ખંડમાં માણસો બટેટાંનો ઉપયોગ શરૂ થયો ત્યારે ખળભળી ઊઠેલાં. કરેલાં પાપોની શિક્ષા જેવા પ્લેગ કૉલેરાના રોગો તો પ્રભુએ મોકલેલા(!) એટલે એનાથી તો લોકો ટેવાઇ ગએલા, પણ વળી બટેટાં શું કરવાને? અમેરિકા જેવા જંગલી દેશમાંથી આ નવું તૂત આવે, એ શું? આટલા વરસ એના વિના આપણા બાપદાદા સુખે જીવ્યા તો વળી એ નવી બલાની ઉપાધિ તે શા માટે વહોરવી? એ જાતનું માનસ લગભગ બધે ય પ્રવર્તતું હતું.

ઇંગ્લંડમાં સર ફ્રાન્સિસ ડ્રેઇક ૧૮૫૬માં પહેલવહેલાં બટેટાં લઈ આવ્યો એમ મનાય છે. એકાદ સફરમાં ભાઇને કોઇ સ્પૅનિશ વહાણ ઉપર હાથ મારતાં, સોના અને ઝવેરાત ભેગાં બટેટાંના મૂળ હાથ આવ્યાં, અને ઘર ભેગાં કર્યાં. ગમે તેમ હોય, પણ જર્મનોએ એ સમયે ઓફેનબર્ગમાં એના માનમાં એક સ્મારક ઊભું કર્યું છે. ૧૯૧૬માં જર્મનોએ વિગ્રહ દરમ્યાન, બટેટાંના સફળ પાકની મદદ વડે, એક વર્ષ વધુ બ્રિટિશ અને ફ્રેન્ચ પ્રજાનો કચ્ચરઘાણ વાળ્યો, અને આ રીતે એ સ્મારકને સફળ બનાવ્યું!

પણ કીર્તિનાં આવાં સ્મારક કાંઇ જેમતેમ મળે છે? 'બટેટાં ખાવાં એ આપણા લાભની વાત છે' એટલું ગળે ઊતરતાં તો લોકોને સો વર્ષ લાગ્યાં! અઢારમા સૈકામાં આ ચીજનો ઉપયોગ ઢોરના ખોરાકમાં થતો. માણસ જેટલી કુશાગ્ર બુદ્ધિ ઢોરમાં નહિ, એટલે એમણે વાંધો નહિ લીધો હોય

એમ લાગે છે! પછી તો જર્મનોએ એમના લડાઇના કેદીઓને શિક્ષા તરીકે બટેટાં ખવડાવવાનું શરૂ કર્યું. એ કેદીઓમાં પાર્મેન્તિયર નામનો એક ફ્રેન્ચ કેમિસ્ટ ૧૭૫૮માં કેદ પકડાએલો અને હાનોવરમાં એને પાંચ વર્ષ બટેટાં ખાવાં પડ્યાં. બીજા બધા કેદીઓની માફક પાર્મેન્તિયરને તો બટેટાંનો અભાવ ન થયો, પણ ઊલટું જ્યારે એને છોડવામાં આવ્યો ત્યારે એણે ફ્રેન્ચ પ્રજાને બટેટાંની ખેતી કરતી બનાવી દેવાના પ્રયત્નો આરંભ્યા. વિગ્રહ ને દુષ્કાળના સમયમાં આ ચીજની કિંમત પાર્મેન્તિયરને તો સમજાઈ ગઇ હતી, પણ ફ્રેન્ચ પ્રજાને મન તો ભૂખે મરવું બહેતર પણ બટેટાંને ન અડવું એ નક્કી હતું. ખૂબ પ્રયત્નોમાં નિષ્ફળ થયા પછી આ કેમિસ્ટ ફ્રાન્સના રાજા અને રાણી પાસે ગયો, અને કંઇક દલીલો તથા વિનવણી પછી એમને બટેટાં ખવડાવ્યાં, અને એના ફૂલમાંથી હાર ગજરા કરી એમને ભેટ ધર્યા. ત્યારે લોકોને વિશ્વાસ બેઠો કે બટેટાં ઝેરી નથી; અને ખાવું કારવવું તો ઠીક પણ એકાદ વખત ચાખી જોયે વાંધો નથી.

૧૭૨૮માં સ્કૉટલૅંડમાં પણ બટેટાંએ એટલી જ ધમાલ મચાવેલી. ત્યાં તો વળી ધર્મગુરુઓ ખળભળી ઊઠ્યા. કેટલાકે કહ્યું કે બાઈબલમાં બટેટાંનો નામનિર્દેશ નથી, તો પછી ખરેખરા ક્રીશ્ચિયનો એને અડી જ કેમ શકે? વળી બીજા પાદરીઓએ એનાથી વિરૂદ્ધ દલીલ જ આરંભી એમણે સાબિત કર્યું કે ઇવે આદમને બટેટું આપીને જ સ્વર્ગમાંથી બહાર આણેલો, અને ત્યારથી તો આ અનર્થ-પરંપરા શરૂ થઈ ને પૃથ્વીમાં જ્ઞાન અને જિજ્ઞાસાનાં પાપ પેઠાં છે. એ બટેટાં તે કેમ ખવાય! એનાથી તો તાવ આવે ને કોઢ થાય.

ઇંગ્લૅંડમાં રૉયલ સોસાએટી મારફત બટેટાંની ખેતી વિશે જ્ઞાન પ્રચારનું કાર્ય શરૂ થયું કે તરત જ પુકાર ઊઠ્યો જે આ તો મૂડીવાદીઓનું મજૂર લોકોની ઉપર જુલમ કરવાનું કાવતરૂં છે. વિલિયમ કૉબેટ નામના મજૂર પક્ષના એક નેતાએ ભાષણ કરતાં કહ્યું કે 'હમણાં થોડા સમયથી મિલ્ટન અને શેક્સપિયરની કવિતાની જેમ, બટેટાંના ગુણો ઉપર પણ નિબંધ લખાવા શરૂ થયા છે. કિંતુ શ્રમજીવી મજૂર લોકોને આવો ઢોરનો ખોરાક ખવડાવવાની હિમાયત આપણે કદી યે ફાવવા દઇશું નહિ. વગેરે.'

જૂનાં ન્યૂસપેપરોની ફાઇલો તપાસતાં માલૂમ પડે છે કે બ્રિટિશ સિપાહીઓ ફ્લેન્ડર્સના રણમાં (૧૮૧૪માં) લડવા ગયા ત્યારે બે બૂરી ટેવો લેતા આવેલા. એક ગાળાગાળી કરવાની અને બીજી બટેટાં ખાવાની! બેલ્જીયમના મૂડીવાદી ધર્માચાર્યોએ, ખેતરની વિઘોટી પેટે બટેટાંનો જ પાક લેવાનો નિશ્ચય જાહેર કરીને ત્યાંના ખેડુતોને આ ખેતી કરવાની ફરજ પાડી. સાધુઓને આ ખોરાક સદેલો જોયો ત્યારે ખેડુતોને ય થયું કે બટેટાં ખાવાથી અલમસ્ત થવાતું હોય તો પોતે પણ શા સારૂ એનો ઉપયોગ ન કરવો?

જર્મનીમાં બેન્જામિન થોમ્પસન નામના અમેરિકનને બાવેરીયાના કાઉન્ટ રૂમ્ફર્ડનો ઇલકાબ મળ્યો ત્યારે એને થયું કે કંઇ નહિ તો એ માનના બદલામાં મ્યૂનીચમાંથી ભિખારીઓનો વર્ગ કાઢી નાખવો. એણે શહેરમાંથી બધા ય ભિખારૂ ભેગા કરીને એક અપંગાલય તો ખોલ્યું, પણ એ નિરૂદ્યમી લોકોના ખોરાકનો પ્રશ્ન ઊભો થયો. કાઉન્ટ રૂમ્ફર્ડ તો આહારના પ્રયોગોનો શોખીન હતો. એણે જોયું કે બટેટાંની કાંજી સસ્તામાં સસ્તી અને વળી પૌષ્ટિક પણ ખરી. છતાં ય ખાનારાઓ અસહકાર કરે અને ઉપવાસ આદરીને હડતાલે ચડે એ બીકે, કોઇને ખબર ન પડે એમ ચોરી છૂપીથી એને બટેટાં રસોડે પહોંચડાવવાં પડતાં.

આવી રીતે વૈજ્ઞાનિકોની શોધખોળ, રાજાઓ તથા ધર્મગુરુઓનાં પ્રોત્સાહન, અને ઢોર, કેદી, ને કંગાલ લોકો ઉપરના પ્રયોગોએ સામટાં મળીને આજે બટેટાંનો સ્વાદ સારી દુનિયાને લગાડી દીધો છે.

યુરોપના લોકોએ બે સદી પૂર્વે જેમ બટેટાંની સામે ઝુંબેશો ચલાવેલી. એવી કેટલી યે અંધાધૂની હજુ આ જમાનામાં આપણે સનાતન ધર્મ અને રૂઢિને નામે ચલાવતા હઇશું.

લાભશંકર ભટ્ટ

અથાણું

શેઠ—પણ તમને આ કામ તો કશું આવડતું નથી, ને પગાર ઘણો ભારે માગો છો!

નોકરીનો ઉમેદવાર—બરોબર; કામ નથી આવડતું એટલે મને મહેનત વધારે પડવાની. તેથી જ તો વધુ પગાર માગું છું ને, સાહેબ!

લેણદાર—જો ભાઇ, આ રકમને બે વરસ તો થઇ ગયાં; હવે કેમે કરી નિકાલ લાવવો છે? ચાલ, હું અરધી રકમ પડતી મૂકું છું.

દેણદાર—બહુ જ સરસ: બાકીની અરધી હું પડતી મૂકી દઉં છું. એટલે આપણો હિસાબ ચૂકતે.

ડૉક્ટર—કેમ, આજ કેટલા દરદીઓ મરી ગયા?

નર્સ—ત્રણ સાહેબ.

ડૉક્ટર—પણ મેં તો ચાર જણને દવા આપી હતી!


નર્સ—હા; પણ એક જણે દવા નહોતી પીધી.

એક પડોશણ—બીજીને-અમે ઘર બદલીને હવે સારા પડોશમાં રહેવાના છીએ.

બીજી—અમે પણ.

પહેલી—શું તમે ય ઘર બદલવાનાં છો?


બીજી—ના, અહીં જ રહેવાનાં છીએ.




ઘાટ ઘડનારો

ફોટો : બળવંત ભટ્ટ

ચક્રની ગતિ અને બળનો શુદ્ધ પ્રકાર દર્શાવનારો શુદ્ધ દેશી બનાવટનો ચાકડો પ્રાચીન કાળથી હિંદુસ્તાનમાં જાણીતો છે અને હજુ પણ એ જ અવસ્થામાં તે યુરોપનાં યાંત્રિક બળો સામે ટકાવ કરી રહ્યો છે. એના પર કાબુ ધરાવતા હાથ અને ચપળ આંગળીઓ વિસ્મયકારક ચોકસાઈથી એક પછી એક સરખા કે વિવિધ ઘાટ ઉતારતી જોવાને પરદેશીઓ કે રસિક નાગરિકો મુગ્ધ થઇ ઊભા રહે છે. કુંભારનું ઘર પ્રાચીન સંસ્કૃતિ અને ચતુરાઈ પ્રસારનારૂં કલાગૃહ છે. ચિત્રકાર કે ફોટોગ્રાફરને તેનાં દશ્યો ઉતારતાં કદી પુનરાવૃત્તિનો ભય લાગતો નથી. ત્યાં હમેશાં નવીનતા જ ભરી લાગે છે. કોઇ તેનાં આંગળા વાટે પ્રકટતી રૂપવિધાનની શક્તિ નિરખે છે તો કોઇ એ આંગળાં પર તાકી રહેલી કંપાસ જેવી નજર ફેંકતી આંખને નોંધવાલાયક ગણે છે; કોઇ એક જ માટીના પિંડમાંથી સરજાતાં બેઠાં, ગોળ કે ચપટ મોંનાં, કુલડાં, ઘડા, બરણીઓ કે માટલાંમાં કુંભકારની પ્રતિભા જુએ છે. ઉપરના ચિત્રમાં, દષ્ટિના આદેશ પ્રમાણે કામ કરતા હાથ ઉપર જેના આખા અંગના સ્નાયુઓ એકાગ્ર બળથી કેંદ્રિત થયા છે એવા, એક તલ્લીન કુંભકારનું સુંદર દશ્ય ભાઇ બળવંત ભટ્ટે પોતાના કૅમેરા વડે પકડયું છે, અને ક્ષુદ્ર લાગતાં સાધનોમાંથી જગતને હમેશાં ઉપયોગી પાત્રો કરી આપતા એ કારીગરના પરિશ્રમની મહત્તાનું યથાર્થ દર્શન કરાવ્યું છે. એ ચિત્ર જોઇને એ રંક અને અવસ્થા-વૃદ્ધ સમાજસેવક તરફ આપણને આદરભરી સહાનુભૂતિ ઊપજે છે. ચિત્રપ્રસંગ લેવામાં પ્રકાશ, સાધનોની વ્યવસ્થા વગેરે સાચવી સંપૂર્ણ ફોટો ઉતારવામાં ભાઈ બળવંતે એક કલાકાર તરીકે પોતાનો દરજ્જો સાબિત કર્યો છે. તેના ચિત્રની એક પણ વસ્તુ કમી કરો કે ઉડાવી લ્યો અથવા એક પણ છાયા જવા દ્યો કે તરત ચિત્રનું સમતોલપણું તૂટશે. એ બતાવે છે કે કેટલા વિચારપૂર્વક એ દશ્ય પકડાયું છે. ગયા માર્ચ માસમાં, કોડાક કંપની તરફથી યોજાએલી આંતર-રાષ્ટ્રીય ફોટો હરીફાઇ માટે જે પ્રાથમિક હરીફાઇ 'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા'એ યોજી હતી તેમાં આ ચિત્ર માટે ભાઇ બળવંતને બીજા નંબરનું રૂા. ૫૦નું ઇનામ મળ્યું હતું એ બીના 'કુમાર'ને નોંધ લેવા લાયક છે, કારણકે ભાઇ બળવંત ભટ્ટે 'કુમાર'માં અગાઉ ઘણી વાર સુંદર ચિત્રો રજુ કર્યાં છે; એટલે તેની આ જાહેર કદર વાચકોને સંતોષ આપશે જ.





શાહઆલમના રોજાનું સુંદર દ્વાર તથા પથ્થરમાંની જાળીઓની કોતરણી

રોજાના આ દ્વારનાં કમાડ પિત્તળની જાળી વાળાં છે ને બહુ પ્રાચીન નથી. તેની કોતરણી તો અમદાવાદના કારીગરોની કરેલી છે અને અમદાવાદના પિત્તળકામનો એ સુંદર નમૂનો છે. એ કમાડ સિવાયનો બાકીનો ભાગ, તથા જમણી બાજુના ચિત્રમાં બતાવેલી એ રોજાની અનેક જાળીઓમાંની એક જાળી અમદાવાદના શિલ્પનો સર્વોત્તમ નમૂનો છે. સોનીનું ટાંકણું જ કોરી શકે એટલું બારીક કામ અહીં પથ્થરમાં કોરેલું છે અને ભૂમિતિની અનેક જાતની વિવિધ આકૃતિઓ તો જાણે છૂટે હાથે વેરી હોય તેટલી વિપુલ છે. 'અમદાવાદના શિલ્પમાં ભૂમિતિ તો મસ્ત બનીને નાચે છે' એવું એક લેખકનું વચન આ જાળીઓ સત્ય કરતી લાગે છે. (કુમાર કાર્યાલયે પ્રગટ કરેલા 'અમદાવાદ-આલ્બમ'માંથી)

હિંદનાં શિલ્પસ્થાપત્ય

ઘૂમટવાળાં દેવળો સ્તૂપોમાંથી થયાં હશે. પણ આપણાં મંદિરોનાં શિખરો તો, હિમાલયનાં એક ઉપર બીજું એવાં અસંખ્ય શિખરોનું સૂચન કરતાં હોય એમ મૂળ કૈલાસ કે કાલ્પનિક મેરુ પર્વત પરથી લેવાએલી સૂચના કે સંજ્ઞા રૂપે માનસિક છબી છે એમ કલાવિવેચક મિ. હૅવેલનું માનવું છે. એક પર બીજું એમ ઉપર ને ઉપર જતી શિખરોની પરંપરા આધ્યાત્મિક જીવનની દિનપ્રતિદિન ઉચ્ચ ને ઉચ્ચ થતી જતી દશાનું સૂચન કરવા માટે હશે. આ કલ્પના ઉપર હિંદના સ્થાપત્યમાં મંદિરોનાં શિખરોના અનેકવિધ પ્રકાર થયાં છે; તેનાં થોડાં ચિત્રો આ લેખમાં બીજે સ્થળે આપ્યાં છે.

પાછળથી ચક્રવર્તી મહારાજાઓના રથના ઘાટ શિખર અને ઘૂમટ જેવા થયા હતા. આકાશમાર્ગે વિચરતાં દેવ અને દેવતાઈ રાજાઓનાં વિમાનો પણ ઘૂમટ અને શિખરના ઘાટનાં કલ્પાયાં હતાં. ભક્તોએ વસાવેલાં નગરોમાં કે પ્રાણપ્રતિષ્ઠા કરેલાં સ્થાનકોમાં ઇષ્ટદેવતા જાણે વિમાનોમાં અથવા રથોમાં બેસીને આવતા એમ માની, ભક્તજનોની વિનંતિથી એમણે એ વિમાનો ને રથો કાયમના તે તે સ્થળે રાખ્યા હતા. શ્રદ્ધાળુ લોકોની ઉપર પ્રમાણે માન્યતાઓ હતી.

રાજાઓ દુશ્મનોને હરાવતા અથવા નવા મુલકો જીતતા ત્યારે પોતાના ઇષ્ટદેવનો જય થયો એમ માની, તે પ્રસંગના સ્મરણમાં મંદિરો સ્થાપતા અને વિજયધ્વજ રોપતા. કોઇ ધનવાન માત્ર પુણ્યના વિચારથી પણ દેવાલય બંધાવતા, અને રાજાઓ તથા ધનવાનો ન મળે ત્યારે મહાજનના ઉઘરાણાથી પણ મોટા યજ્ઞયાગાદિ થતા અને એ સ્થળે કાયમનાં મંદિરો બંધાતાં હતાં. આમ, સમાજના આધ્યાત્મિક જીવનને પોષણ આપવાના શુભ અને પારમાર્થિક હેતુથી મંદિરો બંધાતાં. ત્યાં વારતહેવારે ઉત્સવો ઊજવાતા, મેળા ભરાતા, કથા વાર્તાઓ અને ભજનકીર્તનો થતાં. સંગીત, નૃત્ય ને નાટકો થતાં. મંદિરોમાંનાં ચિત્રો



અમદાવાદની મસ્જિદો ને રોજાઓના ગોખમાં કે કબર પર કોતરાતી સાંકળે લટકતી 'ચિરાગ' નામની આ શિલ્પાકૃતિ મૂળ તો હિંદુ સ્થાપત્યમાં સુવર્ણ કળશ હતો. હિંદુ પૂજા વખતે કળશમાં મૂકાતા આસોપાલવ કે આંબાનાં પાનનું આલેખન પણ આ શિલ્પમાં સ્પષ્ટ છે.

ને આકૃતિઓ હાલનાં સંગ્રહસ્થાનો જે કામ કરે છે તેમ પ્રજાસમસ્તની કેળવણીનું અને આનંદ આપવાનું કામ કરતાં. કોઇ મોટાં મંદિરોમાં પુસ્તકસંગ્રહ પણ રહેતા. તથા કોઇ વિદ્વાન આચાર્ય ત્યાં ગુરુકુળ કે પાઠશાળા પણ મફત ચલાવતા.

ઘણાં મંદિરો કોઇ ઉત્તમ જળાશય કે નદી કિનારે સૃષ્ટિસૌંદર્યની વચમાં બંધાતાં અને તેની આસપાસ ઉતારા ને વાડી પણ કરવામાં આવતાં. રમતગમત, કેળવણી, સંસ્કાર, સત્સંગ, સામાજિક ઉત્કર્ષ અને આધ્યાત્મિક આનંદ પ્રસારવાનાં એ બધાં પ્રબળ સ્થાનો હતાં.

પ્રજાચેતન નિસ્તેજ બનતાં એ મંદિરો નિર્જીવ થયાં. રૂઢિચુસ્ત ને ધર્મચુસ્ત લોકો એના કારભારીઓ થયા અને જેઓ પ્રજાની પ્રગતિને એક સમયે વેગ આપતા તેઓ જ પાછળથી વિરોધ કરનારા નીવડ્યા.

હેતુ સમજ્યા વગર કે જ્ઞાન વગર મૂર્તિપૂજા થાય અથવા ધાર્મિક આવેશ ક્ષણિક નીવડે તો તે જીવનભર

ન ટકે. તોપણ આપણાં પૂજાવિધિ, ધૂપદીપ ને આરતી, સમાસમાનાં દર્શન ને ઉત્સવો, ફૂલ ને સંગીત, ગુલાલ, ચંદન, કેસર અને સુગંધ શ્રદ્ધાળુ લોકોને ધીમેધીમે પણ ધાર્મિક બનાવે છે એમાં યે શક નથી.

જર્મન તત્ત્વજ્ઞાની હરમાન કૈસરલિંગ થોડા વખત પર હિંદુસ્તાનમાં આવ્યા હતા, એમણે આ બધું જોઇને ઉપર મુજબ અભિપ્રાય આપ્યો છે ને સ્વદેશ જઇને એણે તત્ત્વજ્ઞાન શીખવવાની એક શાળા કાઢી છે. જ્ઞાનપૂર્વક, એક જ ઇષ્ટદેવતાની એક વખતે શ્રદ્ધાપૂર્વક કોઈ ઉપસના કરે, ધીમેધીમે આત્મિક વિકાસમાં આગળ વધે તથા કર્મ, જ્ઞાન ને ભક્તિ પોતાના જીવનમાં વધારતો જાય તો એનાં એ મંદિરો ને ઉત્સવો, યાત્રા અને ભજનકીર્તન હજી પણ એને વિશાળ હૃદયનો અને સર્વ ધર્મ તરફ પ્રીતિવાળો બનાવશે. એ ઇષ્ટદેવતા પછી વ્યાપક સ્વરૂપ ધારણ કરશે અને સત્‌ચિદાનંદ રૂપે એને દર્શન આપશે.

હાલમાં પણ મંદિરો તો છે. દેવાલયોની ધજાઓ હજી યે દૂરદૂરથી ફરફરે છે. આરતીની નોબતો અને ઘંટારવ બહેરાં થઈ ગએલાં માણસોને પણ પુકાર કરીકરીને જગાડે છે. ભૂરા વાદળમાં, ગોળ ઘૂમટ કે કૈલાસ જેવાં શિખરો, જીવનને ઉચ્ચ ને વધારે ઉચ્ચ ભૂમિકાઓ ઉપર લઇ જવાનો બોધ કરે છે. શિખર કે ઘૂમટ ઉપર મોટું કમળ હોય છે. કમળ હિંદુ પ્રજાનું બહુ માનીતું ચિહ્ન છે. સહસ્રદળ પદ્મ એટલે હજાર પાંખડીઓ વાળું કમળ. એ જેમ પૂર્ણ કળાએ ખીલે છે તેમ, હે મનુષ્યો, તમે પણ તમારા આત્માને સોળે કળાએ ખીલવો એમ આ મંદિરો મૂંગો ઉપદેશ આઘેથી આપી રહ્યાં છે! કમળ ઉપર સુવર્ણ કળશ હોય છે. સોળે કળાએ આત્માને જેણે ખીલવ્યો છે તેને એ કળશમાંનું અમૃત મળવાનું છે! એમને મૃત્યુનો ભય નથી. ધર્મને માર્ગે ચાલનારાં ને આધ્યાત્મિક વિકાસ સાધનારાં અનંત સુખ અને અનંત જીવનનાં અધિકારી થાય છે. કમળ અને કળશનો અર્થ એ છે.

योवै एतद् अक्षरं गार्गि ! अविदित्वा अस्मात् लोकात् प्रैति, सकृपणः ।

अथयः एतद् अक्षरं गार्गि ! विदित्वा अस्मात् लोकात् प्रैति, सब्राह्मणः ॥

યાજ્ઞવલ્કયે કહ્યું, 'હે ગાર્ગી! એ અક્ષર (પરમાત્મા)ને ન જાણીને મનુષ્યદેહમાંથી જે જાય છે તે કૃપણ-દયાને પાત્ર છે, ને એ અક્ષરને જાણી જે આ લોકમાંથી જાય છે તે ખરો બ્રાહ્મણ છે! (બૃહદારણ્યક ઉપનિષદ)

ધર્માચાર્યો અને કવિઓ, તત્ત્વજ્ઞાનીઓ અને કલાકારોનાં કાર્યને પણ હદ હોય છે. એ બધા આપણને માર્ગ બતાવે. એનો લાભ લેવો એ આપણા જ હાથમાં છે. ઢોરને જળાશય સુધી લઇ જવાય. પાણી તો એણે પોતે જ પીવું જોઇએ.

હિંદુ જાતિ કબીરવડ જેવી છે. જેમજેમ એનાં ડાળાં-પાંખડાં કપાય તેમતેમ એ વધારે વધે છે. પ્રયાગ-(અલ્લાહાબાદ)ના અક્ષય વડ વિષે કહેવાય છે કે મુગલ સમય સુધીમાં એ ત્રણ વાર કાપી નાખવામાં આવ્યો હતો. છતાં બીજે જ વર્ષે એમાં નવાં અંકુર ફૂટતાં. આખરે જહાંગીર બાદશાહે ગુસ્સે થઇ એના મૂળમાં ઊકળતું સીસું રેડાવ્યું; તોપણ બીજે વર્ષે ચોમાસા પછી પાછાં એના મૂળમાંથી નવાં પાંદડાં ફૂટ્યાં હતાં.'[1]

હિંદુ જાતિ એ અક્ષય વડ જેવી છે. એણે, માથે આવેલી અનેક વિપત્તિઓ બુદ્ધિપૂર્વક વટાવી છે. છેક વેદ ને ઉપનિષદ કાળથી એણે વારંવાર પોતાનાં જીવન ને વિચારોમાંથી એકઠા થતા કચરા કાઢ્યા કર્યા છે, નવા વિચારો ગ્રહણ કર્યા છે ને સમાજની ફરીફરીને પુનર્રચના કરી છે. પરદેશી પ્રજાઓ પણ આ દેશની સમૃદ્ધિથી ખેંચાઇને કેટલી યે આવી; એ બધાને એણે પોતાના દરિયા જેવા પેટમાં સમાવી લીધા છે.

યુગેયુગે એને મહાવ્યાધિઓ થતા; પણ ઇશ્વરકૃપાએ એ વ્યાધિઓ જેવા જ મહાન એને વૈદો મળ્યા કર્યા છે.[2] આચારવિચારોનાં સમન્વય (એકીકરણ) હજારો વાર એણે કર્યાં છે અને તન તથા મનનું આરોગ્ય એણે આજ દિન સુધી સાચવ્યા કર્યું છે!

શિલ્પમાં હવે આપણે એકદમ ૧૫મી સદીમાં આવવું પડશે. કારણકે પાટણ અને મોઢેરા પડ્યા પછી ને અમદાવાદ સ્થપાયાની વચમાં થએલાં કોઇ દેવાલય કે બાંધકામ ગુજરાતમાં કે હિંદુસ્તાનમાં ઘણું કરીને અસ્તિત્વમાં નથી. માત્ર હમણાં જ ત્રણ મૂર્તિઓ, અમદાવાદમાંથી જડી છે, એ અમદાવાદ વસ્યા પહેલાંની લાગે છે. હાલના અમદાવાદની નજીક આસાવળ અને

૧ જદુનાથ સરકાર ૨ સ્વ. ગોવર્ધનરામ માધવરામ



અમદાવાદમાં જૂનામાં જૂની અહમદશાહની મસ્જિદ જે હિંદુ મંદિરમાંથી બનાવેલી છે તેમાંથી મળી આવેલી કોઇ ક્ષત્રિય રાજાની હોય એવી આ મૂર્તિ અમદાવાદ વસ્યા પહેલાંના એ મંદિરની લાગે છે. એની નીચે ૧૩૫૯ની સાલ સ્પષ્ટ વંચાય છે.

કર્ણાવતી હતાં. કરણમુકતેશ્વર મહાદેવ જે કરણે વસાવ્યાનું મનાતું, પણ જેને વિષે કંઇ ઐતિહાસિક આધાર નથી એ મંદિરમાંથી સૂર્યની એક મૂર્તિ જડી છે. ૧૩મી અને ૧૪મી સદી પછી, સૂર્યની મૂર્તિને બદલે ગુજરાતમાં વિષ્ણુપૂજા શરૂ થયાનું આગળ જણાવ્યું છે. આ મૂર્તિ એ જ સંક્રાંતિકાળની જણાય છે. હાથ બે છે; ચાર નથી. હાથ ઉપર બે કમળ છે. પગ પાસે સાત ઘોડા નથી, અને હોલબૂટ પણ બરાબર નથી. આવી મૂર્તિઓ પછી જ શંખ, ચક્ર, ગદા અને પદ્મવાળા વિષ્ણુ બન્યા હશે. વિષ્ણુનું એ સ્વરૂપ ઘડાયા પહેલાંની નહિ સૂર્યમાં કે નહિ વિષ્ણુમાં એવી આ મૂર્તિ છે. એટલે એ અમદાવાદ વસ્યા પહેલાંની હોય.

બીજી મૂર્તિ કોઇ ક્ષત્રિય રાજાની છે. કોઇ દેવળ બંધાવી એ જ દેવળની સામે પગે લાગતો એમાં આપણે એને જોઇએ છીએ. સંવત ૧૩૫૯ની સાલ એની નીચે સ્પષ્ટ વંચાય છે. જે રાજાએ કે શેઠે દેવળ બંધાવ્યાં હોય તે રાજા કે શેઠને આવી જ સ્થિતિમાં તે દેવળમાં કોતરીને મૂકવાનો આપણા દેશમાં રિવાજ હતો. આબુમાં તો આવાં શ્રાવકશ્રાવિકા અનેક છે. વડોદરા પાસે વાઘોડીઆમાં પાવાગઢના પત્તાઇ રાવળ પડ્યા પછીની બરાબર આવી જ એક મૂર્તિ મેં જોઇ છે. આ મૂર્તિ અમદાવાદમાં ભદ્રની ગુજરાત કલબની પશ્ચિમે આવેલી અહમદશાહની મસ્જિદમાંથી મળી છે, એટલે અમદાવાદ બંધાતાં પહેલાં એ સ્થળે જે મંદિર હતું તેના જ સ્થાપકની એ હશે. એના હાથમાં ધનુષ્ય છે, હાથ જોડેલા છે, ઊડતો દુપટ્ટો છે અને થોડાં વસ્ત્રો છે. મૂર્તિમાં દાઢીથી ક્ષત્રિયનો પ્રતાપ દેખાય છે!

એ મસ્જિદનો થોડો ભાગ આજથી ત્રીસેક વર્ષ પર પડી ગયો હતો. એના પથ્થરોમાંથી આ મૂર્તિ અહીંના તે વખતના ઇજનેર સ્વ. હિંમતલાલના જોવામાં આવેલી, તે એમણે ત્યાંથી ખસેડી હાલની ઇજનેર ઑફિસના કંપાઉન્ડમાં પીપળા તળે મૂકાવેલી તે હજી ત્યાં પડી છે. શ્રદ્ધાળુ હિંદુઓ હાલ પાછા એની પૂજા કરે છે!

ત્રીજી મૂર્તિ કાલીય દમનની છે. કારંજનો જે બગીચો હમણાં કાઢી નાખવામાં આવ્યો ને જ્યાં સ્વ. સર ચીનુભાઇ માધવલાલનું બાવલું બેસાડવાનું છે ત્યાં આગળ એક વાવ હતી ત્યાંથી એ મળેલી. આ મૂર્તિ જેવી બીજી મૂર્તિઓ દેલવાડામાં છતમાં કોરેલી જોઈ છે. આ મૂર્તિ પણ અમદાવાદ વસ્યા પહેલાંની હશે.

કહે છે કે દિલ્હીનો કુતુબમિનાર પૃથ્વીરાજનો બંધાવેલો હતો અને એ યમુનાસ્તંભ કહેવાતો; પરંતુ કુતુબુદ્દીને એના ઉપર ફેરફારો કરી એને પોતાનું નામ આપ્યું હતું. તે ગમેતેમ હો. અત્યારે તો એ આખો અણીશુદ્ધ ઊભો છે. શિલ્પકળા દેશની જ ગણાવવી જોઇએ. કોઇ ધર્મની કે જાતિની એ નથી રહી શકતી. કુતુબમિનાર ઉપરથી જે ભવ્ય સૃષ્ટિસૌંદર્ય જોવાય છે અને સાતસાત વાર પડીને ઊભી થએલી દિલ્હીના થરો એની ટોચે બેસીને જોતાં પ્રજાઓ ને રાજ્યોની ચડતીપડતીના જે હજારો વિચાર આવે છે તે પૃથ્વીરાજે એ સ્તંભ બાંધ્યો હોત તો ન આવત અને કુતુબુદ્દીને બાંધ્યો હોય તેથી જ આવે એવું કંઇ નથી. બાંધકામની અને સ્થાપત્યની દિશામાં આપણા દેશને એણે અમર કીર્તિ અપાવી છે. ઇસ્લામ ધર્મ પાળતી જે જે પ્રજાઓ અહીં આવીને સત્તા મેળવી ચૂકી એમને બાંધકામો કરવા માટે શિલ્પીઓ તો અહીંના જ મળ્યા

હતા. કેદમાં પકડાએલા કે તાબે થએલા લોકોમાં જે કારીગરો કે કલાકારો માલૂમ પડતા તેમને બચાવી લેવામાં આવતા હતા. એમાંના ઘણાએ મુસલમાની ધર્મ સ્વીકારીને મુક્તિ મેળવેલી છે, અને હાલના મુસલમાન સલાટોમાંનાઘણાખરા મૂળ હિંદુ શિલ્પીઓનાં સંતાન છે. એમને વંશપરંપરાથી વારસામાં તો શિલ્પીનો ગુણ મળેલો છે, પરંતુ એમના હાડમાંથી પણ હિંદુ સંસ્કૃતિનાં રૂપો ગયાં નથી. મુસલમાન સલાટોમાંથી ઘણા હાલ પણ સરસ મનુષ્યાકૃતિઓ ને મૂર્તિઓ બનાવે છે.

કુતુબમિનાર સર્વાંગ સુંદર છે. અત્યંત ઊંચો છતાં એ રાક્ષસી કે બદસુરત નથી લાગતો. ગોળ છતાં એ મિલના ભૂંગળા જેવો સાદો નથી. બાજુઓમાંથી છેક ઉપર સુધી ગોળ વાટા પાડીને એની બાજુઓ આંખને ગમે એવી આકર્ષક બનાવેલી છે. વચ્ચેવચ્ચે કોતરણીવાળા કંદોરા છે અને ભરચક નહિ પણ આછાઆછા શણગારથી એને અલંકૃત કરવામાં અનહદ સુરુચિ જતાવવામાં આવી છે.

અજમેરનું અન્નાસાગર અન્ના ચોહાણનું બાંધેલું છે. એ પૃથ્વીરાજનો નાનાજી થાય. પરંતુ એના ઓવારા પરની આરસની છત્રી જહાંગીર બાદશાહની બાંધેલી છે. અજમેરનું 'અઢાઇ દીનકા ઝુંપડા' નામનું સ્થળ પણ કોઇ ખંડિત થએલા હિંદુ મંદિરનો જ ભાગ છે.

ઇ.સ. ૧૪૧૨માં અમદાવાદ વસ્યું. એના કોટમાંથી કેટલીક જૂની મૂર્તિઓ હજી નીકળે છે અને એની મસ્જિદોમાં કોઇકોઇ ઠેકાણે જૂના આસાવળ અને કર્ણાવતીની મૂર્તિઓ તથા મંદિરો વપરાયાં લાગે છે. ભદ્રની મસ્જિદ તો આખી હિંદુ મંદિરમાંથી જ પરબારી બનાવેલી છે તે એના થાંભલા ઉપર જે આકૃતિઓ ઘસાએલી રહી છે તે જોતાં તથા એનો ઘાટ વગેરે તપાસતાં ખાતરી થાય છે. અહમદશાહે જુમા મસ્જિદ બાંધી તે પહેલાંની એને પોતાને નમાજ પઢવાની કિલ્લામાંની એ મસ્જિદ હતી. પછી તો મહમદ બેગડાએ, એની રાણીઓએ તથા બીજા સુલતાનો ને અમીર ઉમરાવોએ ઘણા રોજા ને મસ્જિદો અમદાવાદમાં બાંધ્યાં; પરંતુ એ સૌ હિંદુ ઘાટનાં જ છે. એમાં ઇન્ડો સારસેનિક કે સારસેનિક અસર જેવું પણ કંઇ નથી. અમદાવાદના સુલતાનો હિંદી સંસ્કૃતિમાં જ ઊછરેલા હતા અને એમણે જે બાંધકામો કર્યાં એમાં શિલ્પીઓ અને કારીગરો પણ હિંદી જ હતા.

તેમ છતાં એમણે આ સુંદર મસ્જિદો તથા રોજાઓમાં બે મોટા સુધારા કર્યા તે ખાસ નોંધવા જેવા છે. હિંદુ મંદિરોમાં દરવાજાની કમાનો તોરણો જેવી હતી. ઉપરની અણી પરથી, દરવાજાના ઉપરના ત્રીજા ભાગ સુધીમાં ધીમેધીમે પહોળી થતી તે નીચે આવતી હતી. અમદાવાદનાં બાંધકામોમાં એ કમાનો અર્ધગોળ ચંદ્રકારની બની. વળી ઇસ્લામ ધર્મમાં આકૃતિઓ કે અલંકારોની સખ્ત મનાઇ હતી, તેથી અમદાવાદમાં મુસલમાન કાળમાં થએલી મસ્જિદો અને રોજાઓમાં કોઈ પશુપંખીની કે મનુષ્યની આકૃતિ તમે નહિ જુઓ. આકાશની ગોળ કમાન જેવી એમના દરવાજાઓની કમાનો થઇ. મંદિરોની કોતરણીમાં અલંકારો મારવાડી સ્ત્રીનાં હાંસીહાંસીને પહેરેલાં ઘરેણાં જેટલાં થઇ ગયાં હતાં તે આમાં આછા ને પ્રમાણસર થયાં. જેમ ગુજરાતી સ્ત્રીઓએ કર્યું છે. અલંકારો પોતાની લક્ષ્મી બતાવવાને નહિ, પણ શરીર શોભીતું દેખાય એટલાં જ પહેરવાં જોઇએ એ વિવેકના કારણે આપણી બહેનોના અલંકારો પણ સાદા ને શોભીતા બન્યા છે. ઈસ્લામની સાદાઇ ને હિંદુ ધર્મની પુષ્કળ અલંકારપ્રિયતાનું મિશ્રણ અમદાવાદની કારીગરીમાં સુંદર થયું છે.


ભદ્રનો કિલ્લો બંધાયા પછી એની આસપાસ શહેર વસ્યું. હિંદીનગરોના ત્રણ પ્રકાર છે: Temple Cities, Castle Cities, and Ports, (મંદિરનગરો, કિલ્લાબંધ નગરો અને બંદરો) એમ પ્રો. ગેડિસનું માનવું છે. ડાકોર, વડતાલ, દ્વારકા, પાલીતાણા એ આપણાં મંદિર નગરો છે, અમદાવાદ, પાટણ, ચાંપાનેર એ કિલ્લાબંધ નગરો છે અને ઘોઘા, ભરૂચ, સુરત, ખંભાત વગેરે બંદરો છે.

અમદાવાદને પાટણની ઢબ પર બાંધવાનું હતું, એટલે ત્યાંના જેવો જ કિલ્લો અહીં પણ કરવામાં આવ્યો; ત્યાં ત્રણ દરવાજા હતા તે પ્રમાણે અહીં ત્રણ દરવાજા કરવામાં આવ્યા, અને આર્ય શિલ્પશાસ્ત્રના નિયમ અનુસાર સ્વસ્તિક અથવા સાથીઆના માંગલિક ઘાટનું શહેર બાંધવામાં આવ્યું.

ઉપર કહ્યું છે તેમ પ્રથમ મસ્જિદ હાલ ગુજરાત ક્લબ છે તેની સામે, બરાબર પશ્ચિમ દિશાની, અહમદશાહની ખાનગી પ્રાર્થનાને માટે કોઇ હિંદુ દેવળમાં

યોગ્ય ફેરફારો કરીને બનાવવામાં આવી. એ ઇ.સ. ૧૪૧૨-૧૩માં જ થઇ છે. બીજું મકાન થયું તે જમાલપુર દરવાજાની અંદર કોટની રાગે પૂર્વ દિશાએ છે તે. એ પણ હિંદુ મંદિર ઉપર જ બંધાયું છે. એમાં ટોડાની શરૂઆત થતી જણાય છે. એ ઇ.સ. ૧૪૧૫-૧૬માં થયું. ત્રીજું મકાન ખાનપુર દરવાજાની અંદર દરવાજાથી પૂર્વ દિશાએ ઊંચાં પગથિયાંવાળું બાબર આલમખાનનું થયું. એમાં છજાં બહુ ઘાટીલાં ને સુંદર છે. પરંતુ આ ત્રણે મકાનોમાં કોતરણી શરૂ થએલી નથી.

ઇ.સ. ૧૪૨૦-૨૫માં જુમા મસ્જિદ બંધાઇ. એમાં બાંધકામની ભવ્યતા, કલામય રચના, સ્તંભોની હારો, ગોળ દરવાજા અને બે બાજુએ બે મોટા મિનારા રાખવામાં આવ્યા. અસલ અરણ્યોમાં અને વૃક્ષોની ઘટાઓ નીચે ધર્મધ્યાન, યજ્ઞો અને પરિષદો થતાં. ગામો અને શહેરો વસ્યા પછી પણ આર્ય પ્રજા એ પ્રિય સ્મરણો ભૂલી ન હતી. સ્તંભોની પાકી હારો એ વૃક્ષોની હારોની સૂચક છે. યજ્ઞોમાં કેળના સ્તંભો કળશો કે કુંભોમાં મૂકાતા. કુંભોમાં સ્તંભો ઉપરાંત પત્રપુષ્પ પણ મૂકાતાં. હાલના પથ્થરના સ્તંભોમાં એ કળશ કે કુંભોને બદલે કુંભીઓ થઇ છે અને એને પત્રો-પુષ્પોની કોતરણી કરવામાં આવે છે. સેંકડો વર્ષો થયા છતાં પોતાના હૃદયને આકર્ષણ કરતી વસ્તુઓને પ્રજા કેમ યાદ રાખ્યા કરે છે એ પણ જાણવાલાયક છે. જુમા મસ્જિદમાં કોતરણી આછી પણ સુંદર બની છે. મિનારાને મનોહર ઝાડો અને બીજી કોતરણીથી શોભાવવામાં આવ્યા છે. એ મિનારા છેક ૧૮૨૦ સુધી હતા. તે વર્ષમાં ધરતીકંપથી એ તૂટી પડ્યા. મસ્જિદનો દક્ષિણ દરવાજો એ જ મુખ્ય દરવાજો હતો, એનો ઘાટ બરોબર હિંદુ મંદિરને જ મળતો આવે છે. પાછળથી, આ મસ્જિદની પૂર્વ દિશાએ, બાદશાહ તથા એમની રાણીઓને માટે ખાસ તૈયાર કરેલા રોજાઓમાં કબરો કરવામાં આવી. એ રોજા પણ કોતરેલી જાળીઓના છે અને રાણીના હજીરામાં તો કાળા આરસના પથ્થરમાં ધોળા પથ્થરો વડે સુંદર જડિત કામ પણ કરવામાં આવ્યું છે. જુમા



ભારતીય સ્થાપત્યમાં મંદિરોનાં શિખરોનાં વિધવિધ રૂપો મથાળેથી ડાબી બાજુએથી ગણતાં ક્રમવાર: (૧) ગુપ્ત સમયનું ગયાજીનું બુદ્ધ મંદિર. (૨) ખજુરા (માળવા)નું ચાલુક્ય સમયનું શિવ મંદિર, રાજપુત-ગુજરાત કલા. (૩) સાતમી સદીનું ઓરીસ્સાનું ભુવનેશ્વરનું મંદિર; શૈવ કલા. (૪) દક્ષિણનાં ગોપુરમ્ ઘાટનાં શિખર. (૫) ચિત્તોડગઢમાંનું મીરાંનું મંદિર (ચાલુક્ય-ગુજરાત કલા) (૬) રથ ઘાટનું દક્ષિણ હિંદનું મહાબલિપુરનું મંદિર.

મસ્જિદ ભવ્ય અને સુંદર છે. રૂપ અને લાવણ્યમાં એના જેવી મસ્જિદો આખા હિંદુસ્તાનમાં—દિલ્હી આગ્રાની પાછળથી થએલી મસ્જિદો બાદ કરો તો—બીજી કોઇ નથી. એની સુંદર કલાને લીધે એનું બધું વાતાવરણ પવિત્ર અને નિર્મળ બની રહ્યું છે. કોઇ સ્થળે બેડોળતા કે કર્કશતાનું નામ નથી. ટોડા અને ઝરૂખામાં જે કોતરણી છે તેમાં સાંકળે બાંધેલા કળશનું સુંદર શિલ્પ છે. તે મૂળ હિંદુ કલ્પનામાં લક્ષ્મીજીને સ્નાન કરાવવા માટે, બે શ્વેત હાથીઓની સૂંઢમાં લાવવામાં આવતો સુવર્ણ કળશ હતો; પણ અહીં એ ચિરાગ બન્યો છે. ઘણી મસ્જિદોમાં પાછળથી આવા ચિરાગવાળા ગોખલાઓ કોરાયા છે. ચિરાગની જ્યોત જેમ અંધકારને દૂર કરે છે, તેમ ધર્મનાં સ્થાનો અજ્ઞાન રૂપી અંધકારને દૂર કરો એવું સૂચન એમાંથી કોઇકોઇ કલાવિવેચકો કાઢે છે. પરંતુ ઇસ્લામધર્મમાં ઝાઝાં સૂચનો કે સંજ્ઞાઓને સ્થાન નથી. આ બધી સંજ્ઞાઓ—કમળો, કળશો, હાથીઓ, મગરો, કીર્તિમુખો ને ગૌમુખો—એ સઘળું તો હિંદુ મંદિરો ઘડનારા શિલ્પીઓએ જ અત્રે આણ્યું છે. મુસલમાન શિલ્પકાળમાં એ મુખોનાં મૂળ ઘસી નાખ્યાં છે. પણ કમળો અને કળશ વધારે વિકાસ પામ્યાં છે. કાલ્પનિક કમળોની કોઇ નવી જ સૃષ્ટિ અમદાવાદના રોજા તથા મસ્જિદોમાં નજરે પડે છે. એ ઉપરાંત મુસલમાન કાળમાં શિલ્પ વિદ્યામાં બીજો વિકાસ થયો તે ભૌમિતિક આકૃતિઓનો. ઇસ્લામમાં મૂર્તિપૂજા નિષિદ્ધ હોવાને લીધે માનવ કે જીવતા પ્રાણીની આકૃતિ શિલ્પ–શોભનોમાં લવાય નહિ, એટલે કલાનું વહેણ ભૂમિતિની આકૃતિઓ તરફ વળ્યું. અમદાવાદનાં ભુવનોમાં આ ભૂમિતિના આકારો કુશળ મૂર્તિઓ ઘડનારાના હાથથી અજબ લહેરે ચડ્યા છે.

અમદાવાદની દક્ષિણે આવેલો શાહઆલમનો રોજો તો મુસલમાન કાળમાં વિકસેલાં શિલ્પ તથા સ્થાપત્યની નોંધ જેવો છે. અહમદશાહ ગાદીએ આવ્યા ત્યારથી તે ઠેઠ મોગલ સમય સુધી,—એટલેકે પંદરમીથી તે અઢારમી સદી સુધી એમાં બાંધકામો થયાં જ કર્યાં છે. એનો મોટો ચોક અને ટોડા, મુખ્ય જાળીઓવાળું શાહઆલમની કબરવાળું મકાન તથા ચોક નીચેનું ટાંકુ એટલાં જૂના સુલતાનોના વખતનાં છે; અને ચોકની પૂર્વ બાજુના ઉતારા તથા બહારના દરવાજા મોગલોના હાથમાં અમદાવાદ આવ્યું તે પછીના છે. શાહઆલમ અહમદશાહના ગુરુ હતા. એ ઇસ્લામના ઓલિયા થઇ ગયા. સરખેજના અહમદ ખટુ ગંજબક્ષ પણ ભલા ને પવિત્ર પુરુષ હતા. અમદાવાદના સુલતાનો એ બંને ગુરુઓના ઉપદેશ પ્રમાણે ચાલતા.

શાહઆલમના રોજાની જાળીઓ અત્યંત સુંદર છે. એનાથી રોજાની અંદર ધાર્મિક વાતાવરણ અજબ ઊભું થાય છે. અજવાળું આછું થઇ જાય છે, છતાં હવા રોકાતી નથી. સરખેજમાં પણ આવી જ જાતની જાળીઓ છે. ખ્રિસ્તી દેવળોમાં રંગીન આલેખનોવાળી કાચની બારીઓ રાખવામાં આવે છે, પણ એ વડે જેવું પ્રેરક વાતાવરણ નથી જામતું એવું આ જાળીઓથી જામે છે. અંદર બે ઘડી શાંતિથી બેસીએ તો હૃદય શાંત ભાવથી ઊભરાઇ જાય છે એવો આ શિલ્પકળાનો પ્રભાવ છે. ઘૂમટો પણ અહીંના અને સરખેજના ઊંચા ને ગોળ છે, અને તેની નીચે પણ

પારણાનો વારસદાર

સંધ્યાનાં તેજ ગયાં રજનીમાં ઓગળી
ઢાળી વિરાટ પાંખ વાયરે જી રે;
વીરા, અનંત તુજ અંતરની પાંખડી
ઘડીએ વિલાય ઘડી ઊઘડે જી રે.

મીચે છે કેમ નયન વીજળી ઝબુકતાં ?
કંપે સુણીને શીદ ગર્જના જી રે ?
શૂરા તો સાતસાત સાગરને વીંધતા
પહોંચે પાતાળ–નાગ નાથવા જી રે.

વાદળને હીંડોળે વાદળીઓ હીંચતી
વીજળીના દોર વિરલ વારણે જી રે;
વર્ષાનાં લાખલાખ મોતીડાં ગૂંથતી
હું યે હીંચોળું તને પારણે જી રે.

ઇન્દુલાલ ગાંધી

ગંભીરતા અને શાંતિ રહે એવી ગોઠવણ કરવામાં આવી છે. ધ્યાન તથા એકાગ્રતા માટે થોડું અંધારું જોઇએ ને છતાં હવા રોકાય નહિ, તે માટે ઘૂમટની બાજુઓમાં સુંદર કોતરણીવાળી પથ્થરની જાળીઓ કરી છે. સરખેજ ને શાહઆલમ બંને સ્થળે મુખ્ય ઘૂમટોમાં સ્તુતિ પ્રાર્થનાના કલમાના શબ્દો ઘૂંટાય છે ને સાંભળનારના દિલ પર તે ભારે અસર કરે છે.

ટોડા યાને મિનારા એ ખાસ અમદાવાદની જ બનાવટ છે. એવા ગોળ ટોડા બીજે ક્યાંય જોવામાં આવતા નથી. એ ટોડા મૂળ કીર્તિસ્તંભ ઉપરથી થયા છે, ને કુતુબ મિનાર કે ચિતોડના કીર્તિસ્તંભો સાથે એમનો મુકાબલો કરી શકાય. પરંતુ અમદાવાદમાં એ બબ્બેની જોડમાં ઊભા કરવામાં આવ્યા છે. પંદરમી—સોળમી સદીમાં અમદાવાદમાં એવા લગભગ એક હજાર રોજા ને મસ્જિદો હતાં અને તેમાંથી આવા બે હજાર કીર્તિસ્તંભો ઊંચા થઇને ગગન સાથે વાતો કરતા. મુલ્લાંઓ એની ઉપર બાંગ પોકારતા અને ઓરસના દિવસોમાં હિંદુ મંદિરની દીપમાળાઓની જેમ આ ટોડાઓ રોશનીથી દેદિપ્યમાન બની રહેતા.

આ બધાં બાંધકામ પથ્થરનાં થતાં. પણ સ્ટેશન પર વહોરા લોકોની એક મસ્જિદ અને ભોંયરાની વાવ હતી, ત્યાંના ટોડા ઇંટોના બનાવીને બાંધકામની એક નવી જ અજાયબી આપણા શિલ્પીઓએ બતાવી છે. દુધેશ્વર પર બીબી અચુત કૂકીની મસ્જિદ જે હજી ઊભી છે તે એક જ મસ્જિદમાં આવા સાત ટોડા હતા.

ટોડાનો ગોળ ઘાટ, એની અંદરથી ઉપર જવાનાં પગથિયાં, એના ઝરૂખા ઉપર ચઢીને આસપાસનો દૂર સુધી જોવાનો દેખાવ, એ બધું અત્યંત આનંદદાયક છે. શાહઆલમના ટોડા પર ચઢીને મેં કેટલી યે વાર કુદરતનાં અનુપમ દૃશ્યો જોયાં છે. ખાસ કરીને વર્ષાઋતુમાં જ્યારે તમામ ભૂમિ લીલીછમ બની જાય છે, બધે જળજળ બિંબાકાર થઇ રહે છે, પક્ષીઓ કલ્લોલ કરતાં હોય છે અને વાદળમાં જાતજાતના રંગો થાય છે તે વખતે આ ટોડા ઉપર ચઢીને સૃષ્ટિસૌંદર્ય જોવું એ જિંદગીનો એક લહાવો છે.

આ ટોડાઓ ઉપરની કોતરણી બહુ જ સુંદર હોય છે. ઘણાખરા ટોડા તો, એક હલાવીએ તો સામેનો પણ હાલે એવી કોઇ કરામતવાળા હોય છે! રાજ-



મસ્જિદોના ટોડા એ અમદાવાદના સ્થાપત્યની નવીનતા છે. આઝમખાંની મસ્જિદના ટોડા પરની આ કોતરણી ટોડા પરના શિલ્પમાં શ્રેષ્ઠ મનાય છે.

પુરમાં એક ઝૂલતા ટોડાની મસ્જિદ છે તેના ટોડાઓ ખાસ કરીને ઝૂલે છે. દીલ્હી દરવાજા પાસે, સરકારી આર.સી. હાઇસ્કુલની પાસે મુઆફિઝખાનની મસ્જિદ છે તેના ટોડા ઉપરની કોતરણી, હું ધારું છું કે બધા ટોડાઓ કરતાં ઉત્તમ છે, અને એના ટોડા પણ હાલે છે.

અમદાવાદ પાસે આવેલા સરખેજના રોજાઓ, એની જાળીઓ, ઘૂમટ વગેરે વિષે ઉપર કંઇક કહ્યું છે, પરંતુ એની પાસેની મસ્જિદ પણ સરસ છે. તળાવની પશ્ચિમ દિશાએ મહમદ બેગડાનો લાલ પથ્થરનો પડી ગએલો મહેલ છે એની બાંધકામની કળા પણ ઘાટીલી અને સુંદર છે.

સરખેજમાં મહમદ બેગડા (વેગડા)ની અને રાણીઓની કબરો છે. એ કબરો ઉપરનું કોતરકામ પણ બહુ બારીક અને સુંદર છે. આની અને શાહઆલમની કબર પર પણ પેલા 'ચિરાગ' ખૂબ મૂકવામાં આવ્યા છે.

(ચાલુ)

હરિપ્રસાદ વ્રજરાય દેસાઇ

સ્મરણયાત્રા

૩૫][પંઢરી

पंढरीचे वाटे
बाभळीचे काटे
सखा माझा भेटे
पांडुरंग.

ઘણાં વરસની ઝંખના પછી અમે પંઢરપુર જઇ શકયા. બળદગાડીમાં કે પગપાળા મુસાફરી કરવામાં જે આનંદ, અનુભવ અને સ્વતંત્રતા રહે છે તે રેલગાડીમાં નથી જ હોતાં. પંઢરપુરની ભૂમિ એટલે પવિત્રમાં પવિત્ર ભૂમિ. ત્યાંનો એકેએક કાંકરો અને પથરો સંતોનાં ચરણોથી પુનિત થએલો. ત્યાંની એકેએક વસ્તુ સુંદર છે, પવિત્ર છે, હિતકર છે, એમ માનવાને મન પ્રથમથી જ તૈયાર હતું. મંદિરને રસ્તે બેઠેલાં આંધળાં, પાંગળાં, કોઢિયાં અને અપંગ લોકો પણ જાણે કોઇ બીજી જ દુનિયાનાં માણસો છે એમ મારી નજરે લાગતું.

ચંદ્રભાગા પર અમે નહાવા ગયા, ત્યાં પહેલવહેલું મંદિર જોયું પુંડલીકનું. એક ડોશી ઊંચે સાદે ગાતી હતી:

'कां रे पुंड्या मातलासी
उभे केलें बिठ्ठलासी'

પુંડલીક માતાપિતાની સેવામાં એવો તો લીન હતો કે એની ભક્તિથી રાજી થઇ શ્રીકૃષ્ણ પોતે એને વર આપવા આવ્યા ત્યારે માતપિતાની સેવા છોડી પરમાત્માનું સ્વાગત કરવા ઊઠવું એને ન રુચ્યું. એણે પાસે પડેલી એક 'વીટ' (ઇંટ) પરમાત્મા તરફ ફેંકી અને કહ્યું, 'લ્યો આ આસન. જરા ઊભા, રહો. મારી સેવા પૂરી થવા દો.'

સેવામાંથી પરવાર્યા પછી પુંડલીકે પૂછ્યું, 'કેમ આવ્યા છો?'

'તારી ભક્તિ જોઈ સંતુષ્ટ થયો છું. વર આપવા આવ્યો છું.'

'માતપિતાની સેવામાં મને પૂરતો આનંદ છે. વર આપવા જ માગો છો તો એટલું માગી લઉં કે અહીં ઊભા છો તેવા જ અઠ્ઠાવીસ યુગ સુધી ભક્તોને દર્શન આપવા ઊભા રહો.'

તે દિવસથી વિષ્ણુનું નામ 'વિઠ્ઠલ' પડ્યું. એટલા માટે જ પંઢરપુરમાં વિઠ્ઠલ સાથે રુકિમણીની મૂર્તિ નથી. રુકિમણીનું મંદિર જુદું છે. પંઢરપુરમાં રુકિમણીને રખુમાઈ કહે છે, અને રાધાને રાઇ કહે છે. ચંદ્રભાગાના પટમાં જ્યાં જુઓ ત્યાં ભજન ચાલતું હોય. અહીં વર્ણાશ્રમ કે કર્મકાંડને મહત્ત્વ નથી. આ તો ભક્તિનું પીયર, સર્વ સંતોનું ધામ છે.

અમે નહાઇને વિઠ્ઠલનાં દર્શને ગયા. ગોરમહારાજ સાથે હોવાથી દરેક સ્થાનનું માહાત્મ્ય ઝટઝટ સમજાઇ જતું. રસ્તામાં એક તાકપીઠ વિઠોબા આવતા એવું સ્મરણ છે. આ વિઠોબા આગળ એક વાસણ હતું. એમાં લોકો છાશ અને ધાણીનો લોટ નાખતા.

વિઠ્ઠલના મંદિરમાં કેટલી ભીડ! કોઈ ગાય છે, કોઈ નાચે છે, કોઈ મોટેથી વિઠ્ઠલને સાદ પાડે છે. મંદિરના એકેએક ભક્તની નિષ્ઠા જોઇ મને આનંદ થતો. પણ સરવાળે બધાની બહુ સારી છાપ પડી નહિ. બધા મળીને એવો તો કોલાહલ કરે કે એના કરતાં શાકબજાર સારૂં. હું નાનો હતો તો યે ભક્તિનો ઊભરો બતાવનાર લોકોનો દંભ હું જોઇ શકતો હતો. પ્રતિષ્ઠાની લાગવગથી ખાનગી રસ્તે અમે મંદિરમાં ગયા અને સહેલાઇથી દર્શન કરી આવ્યા. પહેલું દર્શન તો ઉતાવળે જ કરવાનું હોય. મંદિરના દરેક થાંભલા સાથે કંઇક ને કંઇક આખ્યાયિકા જોડેલી છે. 'આ ગરુડસ્તંભ; અહીં તુકારામ ઊભા રહેતા; ગોરા કુંભાર અહીં બેસતા; આ ઓટલા પર નામદેવે માથું ફૂટ્યું હતું.' મંદિર બહાર એક પગથિયું પીતળનું છે. એ નામદેવની પાયરી તરીકે પ્રખ્યાત છે, કેમકે એની નીચે નામદેવ સમાધિસ્થ થયા હતા.

રખુમાઇનું દર્શન કરી અમે ગોપાળપુર જોવા ગયા. રસ્તામાં જ્યાં શ્રીકૃષ્ણે વલોણું વલોવ્યું હતું તે સ્થાન આવ્યું. ત્યાં ગોર કહે, 'જલદી આવો, જલદી આવો. થોડીક જ ધાણી હવે બાકી રહી છે.' એક પીતળની થાળીમાં ધાણીના દસ પંદર દાણા પડેલા હતા. ગોરે કહ્યું, 'શ્રીકૃષ્ણ અને એના ગોવાળ અહીં શિરામણ કરી ગયા તે કાળની આ ધાણી છે. તમે ઠીક વખતસર આવ્યા. આટલી જ રહી છે.' અમે

બે પૈસા આપી ધાણીના બેચાર દાણા લીધા અને આગળ ચાલ્યા. ગોપાળપુરમાં એક શિલા છે. એ શિલા પર ગાયને ઊભી રાખી શ્રીકૃષ્ણે એનું દૂધ કાઢી પીધું હતું. એ ગાયની ચાર ખરી, શ્રીકૃષ્ણના પગ અને વાટકો એ બધાંનાં ચિહ્ન એ શિલા પર ઊંડાં ઊતરેલાં દેખાતાં હતાં. આ બાજુએ નદીમાંથી ગમે તે પથરો કાઢો તો તેના પર બાળગોપાળનાં પગલાં સ્પષ્ટ દેખાય.

નદીના વહેણમાં પાણી વચ્ચે એક નાનકડું મંદિર છે. હોડીમાં બેસી અમે ત્યાં દર્શન કરવા ગયા. અર્ધું વહેણ વટાવ્યું હશે ત્યાં હોડીવાળાને મેં કહ્યું, 'અહીં ડૂબકી મારી એક પથરો કાઢી બતાવ.' એણે એક પથરો કાઢ્યો. અને શું આશ્ચર્ય! એના પર બાળકના જેવાં પગલાં સ્પષ્ટ દેખાતાં હતાં!

અહીંથી અમે જનાબાઈનું સ્થાન જોવા ગયા. જનાબાઈ એ નામદેવના ઘરની દાસી. બિચારીને સગુંવહાલું કોઈ નહોતું; તેથી વિઠોબા પોતે એની સાથે એનું દળણું દળતા. આઠઆઠ દિવસે એને નવડાવતા અને એના વાળ ઓળતા. એક રાત વિઠોબા ત્યાં જ સૂઈ ગયેલા. જનાબાઇના વખતની એક રજાઈ આજે પણ ત્યાં જોઈ શકાય છે. એના પર તેલ રેડીરેડીને લોકોએ એને ચામડા જેવી કરી નાખી છે.

પાછા ફરતાં પેલા ધાણીવાળા ગોર પાસે અમે ફરીથી ગયા. એ વખતે એની થાળીમાં બે મૂઠી ધાણી હતી! મેં એને પૂછ્યું, 'હવે આટલી ક્યાંથી આવી ગઈ?' એ મને જવાબ શાનો આપે?

ચંદ્રભાગાને કિનારે એક નાનકડો કુંડ છે. ત્યાં તુકારામે પોતાના અભંગની ચોપડીઓ પાણીમાં પથરા બાંધીને ડૂબાડી હતી, અને વિઠોબાએ એનું સમાધાન કરવા ખાતર પથરા સાથે એ ચોપડીઓ તરતી કરી હતી. એનું સત આજે પણ તમે અજમાવી શકો. બે પૈસા આપો એટલે એક માણસ પથરાની બનાવેલી એક નાનકડી નૌકા 'પુંડલીક વરદે હરિ વિઠ્ઠલ' કહી પાણીમાં છોડી દે છે, અને એ નૌકા ત્યાં પાણીમાં તરે છે. એ નૌકાને તરતી મેં મારી સગી આંખે જોઇ છે. મેં પેલા માણસને કહ્યું, 'આ જ નૌકા નદીનાં પાણીમાં છોડો જોઇએ. ત્યાં ડૂબી જાય તો માની લઇએ કે આ જગાનું સત છે.' એણે મારું ન માન્યું, કેમકે હું નાનો હતો.

સાંજે વહેલા જમી અમે વિઠોબાની પૂજા જોવા ગયા. વિઠોબાની મૂર્તિનું રસભર્યું વર્ણન સંતોનાં વચનોમાં એટલું બધું સાંભળ્યું હતું કે સાક્ષાત મૂર્તિ કદરૂપી લાગે છે એમ મનમાં પણ કબૂલ કરવા મન તૈયાર ન હતું. શિયાળાના દિવસ હતા, એટલે વિઠોબા ગરમ પાણીએ નહાયા. ઘડા ભરીભરીને એમને દૂધથી નવડાવ્યા. પછી દહીંથી. મોઢે માખણનો એક મોટો ગોળો ચોડી દીધો હતો. એક લોટો મધ પણ માથે રેડાયું. પછી ઘીનો વારો આવ્યો. છેલ્લે એક પવાલું ભરીને કસ્તુરીનું પાણી માથે રેડાયું. કસ્તુરી એ ગરમ ચીજ. કસ્તુરીથી નહાયા પછી પંચામૃતની શરદી નડે નહિ. કસ્તુરીની ગરમી ઉતારવા ચંદનના પાણીનો લોટો માથે રેડવામાં આવ્યો. છેલ્લે શુદ્ધોદક આવ્યું. શરીર લૂછીને રેશમી કોરનું ધોતિયું પહેરવા વિઠોબા તૈયાર થયા. વિઠોબાને પાટલી તો બહુ જ ફૅશનેબલ પાડવી જોઇએ. અમારા જેવા ભક્તોની આંખો ઠરી જતી. પછી આવ્યો જરકસી જામો. એના પર મહારાષ્ટ્રી પદ્ધતિનો રેશમી અંગરખો. પછી પાઘડી બાંધવાની ક્રિયા શરૂ થઇ. વિઠોબા તૈયાર પાઘડી ન પહેરે, પણ માથા પર જ પાઘડી બંધાવે. એમાં જ અર્ધો કલાક ગયો. હવે વિઠોબા બહુ જ રસિક દેખાવા લાગ્યા. પણ ટાઢના દિવસોમાં ઓવરકોટ વગર કેમ ચાલે? ઓવરકોટ એ તો આધુનિક વસ્તુ! એટલે રૂદાર મશરૂની એક ગોદડી સૌથી ઉપર ઓઢાડવામાં આવી. હવે તો વિઠોબાના શરીરનો ઘેરાવો એની ઊંચાઇ કરતાં વધ્યો. વિઠોબાએ કસ્તુરીનો ચાંલ્લો કર્યો. પછી ભોગ ચડાવવામાં આવ્યો. એ વખતે બારણાં બંધ હતાં. ભૂખ્યા લોકો જુએ તો વિઠોબાને નજર લાગે! અને અપચો પણ થાય! મહેર બડવા લોકોની કે વિઠોબાએ તાંબુલ અમારા દેખતાં જ ખાધાં.

હવે વિઠોબાને શયનગૃહમાં જવાની ઉતાવળ જણાઇ. શયનગૃહ જમણી બાજુએ સુંદર રીતે સજાવેલું હતું. પણ ત્યાં વિઠોબા કઈ રીતે જાય? એટલે વિઠોબાના પગથી શયનગૃહના મંચક સુધી એક લાંબું લૂગડું તાણવામાં આવ્યું. એના પર લાલ રંગે વિઠોબાનાં પગલાં છાપ્યાં હતાં.

અમારા ગોરે કહ્યું, 'હવે તો કળિકાળ વધ્યો છે; નહિતો પહેલાંપહેલાં શયનગૃહમાં પાનબીડી કરી રાખી હોય તે સવાર સુધીમાં અલોપ થતી ને થૂંકદાનીમાં પાનનો લાલકૂચો પડેલો જણાતો. ભક્તો એ લઇને ખાતા.'

બીજે દિવસે સવારે ચાર વાગ્યે અમે કાકડ આરતી જોવા ગયા. એ વખતે પણ લોકોની ભીડ ભારે હતી. કાર્તિક પૂનમથી માહ પૂનમ સુધી પ્હો ફાટે તે પહેલાં નદીમાં નહાવાનું પુણ્ય વિશેષ છે. અને કાકડ આરતી વખતે દર્શન કરવું એ તો પુણ્યની અવધિ થઇ. અમને રોજ અભિષેકના પંચામૃતમાંથી એકએક લોટો તીર્થ મળતું. અમારો સવારનો નાસ્તો એની મદદથી જ થતો.

પંઢરપુરમાં એક જ વસ્તુ વિશેષ આકર્ષક લાગી. ત્યાં સાધારણપણે ઉચ્ચનીચ ભાવ ન મળે. બધા જ સંતો ને બધા સમાન. જ્ઞાનદેવ, નામદેવ, જનાબાઇ ગોરા કુંભાર, તુકારામ વગેરે સંતોની કેળવણીનું એ ફળ છે.

૩૬][ટોળાં

'આટલા ભિખારીઓનો રાફડો ક્યાંથી ફાટ્યો છે કોણ જાણે! અમને આટલાં વરસ થયાં, આટલો ભૂખમરો કદી જોયો નથી.' એમ શેવતી ડોશી કહેવા લાગી. અને સાચે જ, જાતજાતના ભિખરીઓ રોજ સવારે સાત વાગ્યાથી બાર વાગ્યા સુધી ઊલટતા. જાતજાતનાં પદો ગાતા. કેટલાકના હાથમાં ઊન કાંતવાની તકલી રમતી. કેટલીક માગણો તો ખજૂરીની પાંદડીની સાદડીઓ હાથે વણતી જાય અને ભીખ માગતી જાય. કેટલીક માગણો માથા પરના ટોપલામાં સોય, દોરા અને કીડિયાં વેચવા લાવે અને સાથેસાથે ભીખ પણ માગે. 'મારા માલમાંથી કંઇક ખરીદો અને થોડી ભિક્ષા પણ આપો,' એવી એમની માગણી રહેતી.

કેટલીક માગણો ખુશામતનાં ગીતો ગાય:

'ताईबाईचे डोळे
लोण्याचे गोळे'

કેટલીક તો સ્ત્રીઓનાં જેટલાં નામ હોઇ શકે તે બધાં એક પછી એક સંબોધન રૂપે બોલી જઇ ખાવાનું માગતી. કેટલાક પુરુષોનાં ગળામાં એક લોઢાની લાંબી સાંકળ ને લાકડાનું એક વેંત લાંબું હળ ટીંગાડેલાં હોય. તેઓ કહેતા કે 'દુકાળમાં ખેતરના માલિકની સાંથ અમે આપી ન શક્યા એટલે હવે માગી ખાઇને પૂરૂં કરીએ છીએ. અત્યાર સુધીમાં અઢી હજાર પૂરા થયા. હવે આઠસો રૂપિયા જ રહ્યા છે.'

પહેલાં મને એ લોકોની ભારે દયા આવતી. હું બધાંને મૂઠીમૂઠી ચોખા આપતો. કેટલાકને ખાવાનું પણ આપતો. એમના ચાળા પાડતાં એમનાં કેટલાંક લોકગીતો પણ મારા મોઢે ચડ્યાં હતાં. હજી યે કેટલાંકની લીટીઓ યાદ રહી ગઇ છે:

'सोनार बापूजी, बापूजी
नथका घडवली घडवली
पाया पडवली पडवली
पायाचा जोड जोड
पायाला आला फोड फोड'

બીજું કોંકણી છે.

'आल्यान् माल्यान्,
माल्यान् मोगरो
फुलेलो मोगरो, माल्यान गो
जांवई बोले, लाडके सुने
दादान मोगरो, माल्यान् गो.'

પછી તો રોજરોજ એ ને એ લોકો ફરીફરી આવવા લાગ્યાં. હું કંટાળ્યો. મારો સમભાવ સૂકાઈ ગયો. મારી ખાતરી થઇ કે આ લોકો વખાના માર્યા ભીખ નથી માગતા, પણ ભીખ માગવી એ એમનો ધંધો જ થઈ ગયો છે. કેટલાકની હું ઊલટતપાસ કરવા

અદીઠની ભાળ

[અમરવાડીમાં ડંકા વાગે છે–એ ઢાળ]

લીલી વાડીમાં આંબલા લ્હેકે છે;
ડાળેડાળે મંજરીઓ મ્હેકે છે—લીલી૦

ગાઢ જાંબુની કુંજ આ ઝૂમે છે;
એમાં જુગલ કપોતનાં જામે છે—લીલી૦

આ બાજુએ કોકિલા ક્યાં બોલી?
ઉરે આતમવિચારની આંખ ખોલી—લીલી૦

આજ સૃષ્ટિ સંજીવની લાવે છે;
મારા ઉરના ઉચાટને શમાવે છે—લીલી૦

મને સરતાં સ્વપ્નાંની ચોટ લાગી;
એના વણમાં અદીઠની ભાળ લાગી—લીલી૦

રતિલાલ શુક્લ

લાગ્યો. તેઓ હમેશાં જૂઠું બોલે. રોજ નવીનવી બીના કહે. હું કોકને કહું, 'પણ પરમ દિવસે તેં જુદું જ કહ્યું હતું.' એ નફટાઇથી કહે, 'ના જી, તમે ભૂલો છો. આજે અમે પહેલવહેલાં જ આ ગામમાં આવીએ છીએ.'

મારી ધીરજ ખૂટી. હું એ લોકોને હાંકી કાઢવા લાગ્યો. એમને આંગણામાં આવવા જ ન દઉં. શરૂઆતમાં એ લોકો કાલાવાલા કરવા લાગ્યાં, પછી બબડવા લાગ્યાં અને આખરે ગાળો સુધી આવ્યાં. મારો હડકવા વધ્યો. મેં એક નેતરની સોટી હાથમાં રાખી. જે આંગણામાં આવે તેને મારવા દોડું. પડોશીઓ હસવા લાગ્યા. કોક વાર રમા વહિની વધેલો ભાત ભિખારીને આપવા બહાર આવે ત્યારે ભિખારીઓ દોડતા આવે. કુતરાની પેઠે હું એમના પર ભસું. વહિનીને કહું, 'લાવો, એ ભાત હું કુતરાને મૂકી દઉં. આ એદી લોકોને કશું ખાવા આપવું ન જોઇએ. હડહડતું જૂઠું બોલે છે.'

ગોંડુ કહે, 'કોઇ કોઇને દાન આપતું હોય તો વચ્ચે આડી જીભ ન કરાય; પાપ લાગે.'

'છો અમને પાપ લાગતું. જોઉં તો ખરો, આ ભિખારીને તમે શી રીતે ખાવા આપો છો!'

બધાં મને સમજાવવાનો પ્રયત્ન કરે. આખરે ઘરવાળાએ કહ્યું, 'તમારે બારણે એમને ભલે રોકો પણ અમારે ત્યાં આવીને માગે એનો યે તમારો વાંધો?' ચીડ અને શરમથી હું રાતોપીળો થઇ ગયો. સોટી ફેંકી દીધી અને ઘરમાં જઇ ભરાયો. પછી તો બાર વાગ્યા સુધી હું ઘરમાંથી બહાર નીકળતો જ નહિ.

પંદરેક દિવસમાં ભિખારીઓની ભરતી ઓસરી ગઈ. એટલામાં કયાંકથી મોટાંમોટાં રાતાંપીળાં તીડ આવ્યાં. એટલાં તીડ, એટલાં તીડ, કે આકાશ આખું ભરાઇ જાય. વીજળીનો ડાયનેમો ચાલતો હોય તેવો અવાજ આકાશમાં સંભળાય. શાકપાન એમણે ખાઇ નાખ્યું. ઝાડનાં ઝાડ ખલાસ કર્યાં. તીડ એ તે જીવડાં હોય છે કે આગ? ખાતાં જાય ને લીંડીઓ નાખતાં જાય. સવારથી સાંજ સુધી ખાય તો યે ધરાય નહિ. લોકો બાપડા શું કરે? લાંબા વાંસ લઇને તીડને ઉડાડી મૂકવાનો પ્રયત્ન કર્યો. પતરાંના ડબા વગાડી વગાડી એમને નસાડવાનો પ્રયત્ન કર્યો. પણ તીડ ઓછાં ન થાય. ભર્રર્ર્ર્ દઇને આવે અને હાથની બાંહ્યમાં પણ ભરાય. સાંજ પડચે એમની પાંખો ભારે થઇ જાય, એટલે તેઓ કયાંક બેસી જતાં.

હવે લોકોએ એક રસ્તો શોધી કાઢ્યો. ખેતરોમાં ને વાડીઓમાં એક લાંબી ખાઇ ખોદી કાઢે ને રાત પડચે એમાં ઘાસનો દેવતા કરે. તાપ જોઇને તીડ કુદીકુદીને અંદર પડતાં ને મરી જતાં. નાનાં છોકરાંને એ જોઈ એક નવો જ બુદ્ધો ઊઠચો. તેઓ તીડને પકડીપકડીને એમના પગ ભાંગી નાખતા અને પછી એમને શેકીને ખાઇ જતા. અમને એવી ચીતરી ચડતી! ગરીબ લોકોએ ઘરમાં તીડના કોથળા ભરી રાખ્યા.

તીડનો હુમલો હવે નાળિયેરીઓ પર શરૂ થયો. લાંબીલાંબી બાદશાહી ડાળો એક દિવસમાં ઊડી જવા લાગી. આઠદસ દિવસમાં નાળિયેરીનાં થડ તારના થાંભલા જેવાં ઠૂંઠાં દેખાવા લાગ્યાં. એ દેખાવ જોઇને તો રોવું જ આવે. ખેડુતો અને માળીઓ ભારે ચિંતામાં પડચા. તેઓ કહેવા લાગ્યા, 'વરસાદ ન પડે તો એક વરસનો જ દુકાળ ખમવો પડે. અમારી નાળિયેરીઓ ગઇ. હવે તો દસ વરસ સુધી આવકનું નામ ન રહ્યું.' રસ્તા પર જુઓ કે આંગણાંમાં, ખેતરોમાં કે વાડીઓમાં ને જમીન પર તીડોની લીંડીઓ પથરાયેલી હોય. એક જણે કહ્યું, 'આ ખાતર બહુ જ કિંમતી હોય છે.' એક ડોશીએ ચીડાઇને જવાબ વાળ્યો, 'બળ્યું તારું મોઢું, સોના જેવાં ઝાડ ગયાં અને કહે છે કે કિંમતી ખાતર થાય છે! આ ખાતર તારા ખેતરમાં વાપરી તો જો. અનાજ પણ બળીને રાખ થશે. આ ખાતર નથી, આગ છે.'

હજી યે તીડોની પલટણો એક પછી એક આવ્યે જતી હતી. માઇલો સુધી તીડો ફેલાએલાં. પણ બધાં એક જ દિશાએ દોડે. જાણે કયાંકથી હુકમ જ લઇ આવ્યાં હોય.

દરેક વસ્તુને અંત હોય છે. તેમ આ તીડની પીડાનો પણ એની મેળે અંત આવ્યો. એ જેવાં આવ્યાં તેવાં ગયાં.

अतिवृष्टिरनावृष्टिः शलभा मूषकाः शुकाः ।
प्रत्यासन्नाश्च राजानः षडेता ईतयः स्मृताः ॥
(स्वचक्रं परचक्रं च सप्तैता ईतयः स्मृताः ॥)

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર

સોફિયા પેરોવસ્કિયા

(અનુસંધાન પાન ૨૯૨થી)

એક થઇ કાર્ય કરતાં હતાં. આ મંડળમાં સોફિયાને અનેક પ્રખ્યાત ક્રાન્તિવીરો સાથે ઓળખાણ થઈ. પ્રચારકાર્ય માટે યુવતી સોફિયાએ કામદારોના લત્તામાં વાસ કર્યો અને પોતાનો આખો સમય એમને શિક્ષણ આપવામાં પસાર કરવા લાગી. ઉપરાંત દીનદુઃખીને યથાયોગ્ય મદદ કરવા પણ તે ચૂકતી નહિ. આ વખતે (૧૮૭૩) પણ આ વિપ્લવી પ્રવૃત્તિને દાબી દેવા રોજની સંખ્યાબંધ ધરપકડો થતી હતી. પ્રતિદિન સેંકડો યુવકો અને યુવતીઓને કારાગ્રહના સળિયા પાછળ અદ્રશ્ય કરી દેવામાં આવતાં હતાં. ધરપકડથી ક્રાન્તિકારીઓમાં કોઇ પણ પ્રકારની શિથિલતા ન આવે એટલા માટે નેતાઓને સખ્ત પરિશ્રમ કરવો પડતો હતો. આવા દમનનીતિ અને ધરપકડના યુગમાં મુખ્ય કાર્ય કરતી સોફિયા પણ બચી શકી નહિ. અચાનક પોલીસની નજર તેના પર પડી અને સને ૧૮૭૫માં એને પકડવામાં આવી.

સોફિયાના હૃદયહીન પિતાને આ સમાચાર મળતાં તે તો ઘણો પ્રસન્ન થયો; પરંતુ એની માયાળુ માતાને એ સાંભળી વજ્રાઘાત થયો. એણે તરત જ સોફિયાને મુક્ત કરવાનો પ્રયત્ન આદર્યો અને એમાં એ સફળ થઇ. આ પછી માતાની આજ્ઞાથી એ ક્રીમીયામાં આવેલી પોતાની જાગીરમાં જઇ રહેવા લાગી.

અહીં આવ્યા પછી સોફિયાએ પોતાના દેશબાંધવોની શારીરિક સ્થિતિ સુધારવા માટે ડૉકટરી શિક્ષણ લેવા માંડયું. અહીં એણે પોતાની ચતુરાઇથી તેમજ બુદ્ધિની પ્રખરતાથી એ જ વર્ષમાં પ્રથમ પરીક્ષા પસાર કરી. કૉલેજમાં તેણે પોતાના બધા શિક્ષકોનો પ્રેમ સંપાદન કર્યો. સોફિયા પ્રત્યેના પ્રેમને લઇને શિક્ષકો તેને જોખમદારીનાં કાર્યો સોંપતા, અને તે કાર્યો સોફિયા પૂરી સાવચેતીથી પાર પણ પાડતી. ડૉકટરી શિક્ષણ મેળવી એ ફરી પાછી પોતાના ઇષ્ટ કાર્ય–ક્ષેત્રમાં ઊતરી પડી. સંગઠન અને પ્રચાર કરતાં એને સને ૧૮૭૭માં પકડવામાં ફરી આવી. આ વખતે રશિયાના પ્રખ્યાત '૧૯૩ના કેસ'(Trial of 193)માં એ પણ એક અપરાધિની હતી. આ બધા આરોપીઓ પર સામ્યવાદના પ્રચાર અને રાજદ્રોહનો આરોપ મૂકવામાં આવ્યો હતો. સોફિયાના સદ્ભાગ્યે ન્યાયાધીશે એને નિર્દોષ ઠરાવી છોડી મૂકી. પરંતુ સોફિયાને પોતાના છૂટકારાથી લેશ માત્ર પણ આનંદ થયો નહિ. એ પોતાના સાથીઓની કમનસીબીથી બહુ ગમગીન ને ઉદાસ રહેવા લાગી.

વિપ્લવીઓને દિનપ્રતિદિન વિકટ રૂપ ધારણ કરતા જોઇને રશિયન સરકાર પણ વધુ ઉગ્ર બની. નાનામાં નાના અપરાધ માટે તેણે નવયુવાનોને કઠોર દંડ આપવા માંડયો. પહેલા મહાન મુકદ્દમામાં એણે સંખ્યાબંધ નવયુવાનોને ઘણી ઘાતકી–અમાનુષી સજાઓ કરી જનતામાં પોતાનો ધાક બેસાડયો અને અસંખ્ય યુવાનોને ફાંસીએ લટકાવી ઝારની સલ્તનતના પાયા મજબૂત કરવાનો મિથ્યા પ્રયત્ન આદર્યો. દુશ્મન જ્યારે પણ માઝા મૂકે છે ત્યારે ગમે તેવો ભીરૂ પણ છંછેડાય છે. સરકારની આ દમનનીતિથી શાન્ત પ્રચારકો પણ ખળભળી ઊઠયા અને સરકારનો પડકાર ઉપાડી લેવા (Narodnayavolya) The People's Will નામની પ્રખ્યાત ત્રાસદાયક મંડળીના તેઓ સભ્ય બન્યા. આ મંડળ સરકારના જુલમનો ઉત્તર આપવા માટે જ સ્થપાયું હતું. સોફિયા પણ પ્રજા પરના બેશુમાર જુલ્મોથી ત્રાસીને આ મંડળમાં દાખલ થઈ. મંડળના કેટલાક સભ્યોએ બીજા દેશોમાં જઇ આન્દોલન કરવાની શરૂઆત કરી. આ કાર્ય માટે એમને એક સારા વિચારશીલ અને ઉત્સાહી કાર્યકર્તાની જરૂર હતી. સઘળાની નજર અપૂર્વ વેગથી કાર્ય કરતી સોફિયા પર ઠરી, અને એઓએ તેને વિદેશમાં પ્રચાર તેમજ સંગઠન કરવા માટે આમંત્રણ આપ્યું. પરંતુ દેશબાંધવોની સેવા પડતી મૂકી પરદેશ જવાનું એને ન રૂચ્યું: સોફિયાએ એ આમંત્રણનો જવાબ આપ્યો કે: 'વિદેશમાં બેકાર સડવા કરતાં હું રશિયામાં ફાંસીએ લટકવાનું વધારે પસંદ કરૂં છું.' સોફિયાના અન્તિમ જીવને એના આ શબ્દો અક્ષરેઅક્ષર સત્ય કરી બતાવ્યા.

હવે સોફિયાએ પૂર્ણવેગથી મંડળનાં કાર્યોનો પ્રચાર કરવા માંડયો. સાહસી અને વિકટ કાર્યો એણે પોતે જ હાથમાં લઈ મૃત્યુના મુખમાં ઝંપલાવવાની તૈયારીઓ કરવા માંડી. એના કાર્ય–કુનેહ તેમજ સાહસથી બધા એના તરફ મુગ્ધ હતા. મંડળનું એકેએક કાર્ય એને પૂછીને જ કરવામાં આવતું. વિપ્લવી દળની એ અધિષ્ઠાત્રી બની રહી.

આ સમયે મંડળ તરફથી એક ભીષણ ષડ્યંત્રની રચના કરવામાં આવી. જુલ્મોથી કંટાળીને ક્રાન્તિ-

કારીઓએ ઍલેકઝાન્ડર ત્રીજાનું ખૂન કરવાનો નિશ્ચય કર્યો. આ કાર્ય વિચારમાં જેટલું સહેલું હતું તેટલું જ કરવામાં મુશ્કેલ હતું. સને ૧૮૭૯માં શાહી ટ્રેનને મોસ્કો નજીક ઉડાવી દેવામાં સોફિયાએ અગ્ર ભાગ લીધો હતો. મોસ્કો નજીક ઝારની ગાડી આવતાં જ એને વિસ્ફોટક પદાર્થો વતી ઉડાવી દેવાનું કાવત્રું ગોઠવવામાં આવ્યું. માર્ગમાં દારૂ પાથરવામાં આવ્યો અને એની સાથે વીજળીના બે તારોનો સંબંધ જોડવામાં આવ્યો. આ બે તારો કોઇ ગુપ્ત સ્થાનમાં રાખેલી બૅટરી સાથે સંબંધ ધરાવતા હતા. બૅટરી નજીક એક ક્રાંતિવીરને બેસાડવામાં આવ્યો. એનું કામ સંકેત મળતાં જ તારનો સંબંધ બૅટરી સાથે જોડવાનો હતો. આમ થતાં જ દારૂ સળગી ઊઠે અને કોઇ પણ ચીજનો નાશ કરે એવું એમાં બળ ઉત્પન્ન થતું હતું. બૅટરી સાથે તાર જોડવો એ ઘણી નજીવી વાત હતી પરંતુ તાર જોડનારને ઝારની ગાડી આવવાની સૂચના આપવી એ મુશ્કેલ કાર્ય હતું. સોફિયાએ ઝારની ગાડી આવવાના સ્થાન પર જઇ સંકેત કરવાનું કામ ઉપાડી લીધું. આ સમયે એ હાથમાં રૂમાલ લઇ પોતાના શિકારની શોધમાં નક્કી કરેલા સ્થાન પર જઈ પહોંચી. એ શસ્ત્રહીન તો કદી પણ રહેતી નહિ. આ સમયે પણ એની પાસે નાઇટ્રોગ્લિસરીન (એક વિસ્ફોટક પદાર્થ)ની એક શીશી હતી. સોફિયા પોતાના કાર્યની પ્રતીક્ષામાં ઊભી હતી એટલામાં એની નજરે ઝારની ગાડી દૂરથી આવતી જણાઈ. ગાડી સ્થાન પર આવતાં જ એણે સંકેત કર્યો. રૂમાલ હાલ્યો અને પૃથ્વી ફાટી ઊઠી. ધૂળ અને ધુમાડાથી આકાશ છવાઇ ગયું. દારૂ-ગોળાના ધડાકાથી આજુબાજુ આવેલાં મકાનો પણ ખળભળી ઊઠ્યાં. પરંતુ પરમાત્માનું કરવું કંઇ જુદું જ હતું. ઝારની જીવનદોરી લાંબી હશે. એટલે ઝારના નોકરો એમાં માર્યા ગયા, એની ગાડીના ભૂક્કા ઊડી ગયા, પણ ઝાર તદ્દન સહિસલામત બચી ગયો. આ કાવતરાના ખબર સંભળાતાં જ આખા રશિયામાં ખળભળાટ મચી રહ્યો. પોલીસે હવે પાશવ રૂપ ધારણ કરી જનતામાં ત્રાસ વર્તાવવા માંડ્યો. લોકોને રસ્તા પર ફરવું પણ ભારે થઇ પડયું. શક પરથી હજારોને ગિરફતાર કરવામાં આવ્યા, સેંકડોને ફાંસીએ લટકાવી દેવામાં આવ્યા. નિરાપરાધીઓ માર્યા ગયા અને જેઓએ કાવત્રામાં ભાગ લીધો હતો તેઓની ગંધ સરખી પણ સરકારને આવી નહિ. આ પ્રયત્ન નિષ્ફળ ગયો પણ પ્રયત્ન કરનારા હતાશ થયા નહિ. ઝારની હત્યા માટે ફરી બીજો પ્રયત્ન રચવામાં આવ્યો અને એની સરદારી સોફિયાને સોંપવામાં આવી.

બીજી વખત ફરીથી ઝારના ખૂન માટે કાવતરૂં રચાયું. આ વખતે સેન્ટ પીટર્સ બર્ગના જે રસ્તેથી ઝારની ગાડી રોજ પસાર થતી હતી. તેની નીચે સુરંગ ખોદવાનું નક્કી કરવામાં આવ્યું. આ હેતુ પાર પાડવા માટે તેઓએ મેલો-સેડોવેઇઆ સ્ટ્રીટમાં એક મકાન ભાડે લીધું અને તેની આગળના ભાગમાં એક ગાંધીની દુકાન માંડી. બીજી બાજુએથી રસ્તાના મધ્ય ભાગ સુધીની સુરંગ બનાવવાનું શરૂ કર્યું. આવી રીતે એક બાજુએથી દુકાન ચાલતી હતી ત્યારે બીજી બાજુએથી પ્રચંડ કાવતરૂં રચાઇ રહ્યું હતું. સંકેત મળતાં જ તારને બૅટરી સાથે જોડી દેવાનું કામ એક હોશિયાર ક્રાંતિવીરને સોંપવામાં આવ્યું. આ ઉપરાંત કેટલાકને તીવ્ર બૉમ્બો આપી રસ્તા પર છૂટા છવાયા ઊભા રાખવામાં આવ્યા હતા. વખત છે ને ઝાર સુરંગથી બચી પોતાના શિશિરપ્રાસાદ (Winter Palace) તરફ નાસી જાય તો સંકેત મળતાં જ તેઓએ એના પર બૉમ્બનો મારો ચલાવવાનો હતો. આ કાર્યને સફળ કરવા માટે સોફિયાએ બધા રસ્તાઓની માહીતી બતાવતો એક નકશો દોર્યો હતો અને તેમાં ક્રાંતિવીરોએ કયાં કયાં ઊભા રહેવું તેની પણ નિશાનીઓ કરવામાં આવી હતી પહેલેથી જ દીર્ઘદષ્ટિ ને શાંતિથી બધી કાર્યરેખા ગોઠવી દીધી હતી.

૧૩મી માર્ચ સને ૧૮૮૧ના દિને ઝાર ઍલેકઝાન્ડર પોતાના અશ્વવિદ્યાલયનું નિરીક્ષણ કરવા નીકળ્યો. જતી વખતે તેના ઉપર કોઇ પણ જાતની છેડતી કરવામાં આવી નહિ. સોફિયા પોનાના સ્થાન પર બેસી શાહી સવારીની પ્રતીક્ષા કર્યા કરતી હતી. એણે જેવો ઝારને બીજે રસ્તે જતાં જોયો કે તરત જ એણે પોતાના રૂમાલ વતી સાથીઓને કૅથેરીન નહેર તરફ જવા માટે સૂચના આપી. સંકેત થતાં જ ક્રાંતિવીરો તે સ્થાન પર જઇ ઊભા રહ્યા. ઝારની ગાડી આવી કે તરત જ રેસકોફે (Rasakoff) દોડતી ગાડી પર બૉમ્બ ફેંકયો. એક ભયંકર અવાજ સાથે ગાડીના ચૂરેચૂરા

ઊડી ગયા અને ઝારના ઉત્તમોત્તમ ૧૪ કૉઝેક વીરોને ગંભીર ઇજા થઇ, પરંતુ ઝાર તદ્દન બચી જવા પામ્યો. એણે તરત જ ત્યાંથી જીવ લઇ નાસવા માંડ્યું. પણ હવે એ છટકવા પામે તેમ નહોતું. થોડાં જ પગલાં ઉપાડે તે પહેલાં તો ગ્રીનેવટ્સ્કીએ (Grinevetsky) એના પર બીજો બૉમ્બ ફેંક્યો. આ બૉમ્બથી ઝાર સખ્ત ઘાયલ થઈ નીચે પડ્યો. બૉમ્બ ફેંકનાર ગ્રીનેવટ્સ્કી પણ ત્યાં જ કાર્ય સફળતાનું સુખ અનુભવતો મરણ પામ્યો. ધાર્યું કામ સફળ થએલું જોઇને અન્ય વિપ્લવીવીરો ત્યાંથી પલાયન થઈ ગયા. આ પછી ઘાયલ ઍલેકઝાન્ડરને તેના શિશિર–પ્રાસાદમાં લઇ જવામાં આવ્યો, પણ એક કલાક પછી તે મરણ પામ્યો.

ક્રાન્તિકારી મંડળને પોતાની આ સફળતાથી ઘણો આનંદ થયો. ઝારની હત્યાના સમાચારથી બધે સનસનાટી વ્યાપી રહી. ઝારનો અંત આવ્યો પણ ઝારશાહીનું જોર વધ્યું. આ બનાવ પછી તરત જ આખા રશિયામાં ધરપકડનો યુગ શરૂ થયો. ઝારના અધિકારીઓએ સખ્ત રીતે યુવાનો પર વેર લેવા માંડ્યું. જરા પણ શક પડતાં જ યુવાનોને ગિરફતાર કરવામાં આવતા. આ ભયંકર રાજહત્યા પછી એકલા સેન્ટ પીટર્સ બર્ગમાંથી જ ૮૦૦ યુવાનોની શક પરથી ધરપકડ કરવામાં આવી હતી. પોલીસના ચપળ જાસુસો અને ઝનુની કૉઝેકો રસ્તાઓ પર ફરી જતા આવતા મનુષ્યોની સખ્ત રીતે જડતી લેતા હતા. આમ છતાં પણ જેઓએ ઝારના ખૂનમાં ભાગ લીધો હતો તેઓ નિર્ભયતાથી પોતાનું કાર્ય યાહોમ ચલાવ્યાજ કરતા હતા.

સોફિયાના સાથીઓએ તેને રશિયા છોડી પરદેશ ચાલ્યા જવાની સલાહ આપી. પરંતુ તેણે વહાલો દેશ છોડવાની સાફ ના પાડી. મહિના માસમાં તો એક પછી એક બધા પ્રસિદ્ધ નેતાઓ પકડાઇ ગયા. આ સમયે પોલીસ વાઇનોવા (Vainova) નામની એક સ્ત્રીની શોધમાં હતી. પણ તેનો કોઇપણ જગ્યાએ પત્તો લાગતો ન હતો. આખરે પોલીસને જે દૂધવાળી પાસેથી એ સ્ત્રી રોજ દૂધ લેતી હતી તેનો પત્તો મળ્યો. એ દૂધવાળીને હવે પોલીસ લઇને વાઇનોવાની શોધ માટે ફરવા લાગી. એક દિવસે એકાએક વઇનોવા પોતાનું કાર્ય કરતાં જ પોલીસના હાથમાં સપડાઇ ગઇ. એ વાઇનોવા બીજી કોઈ જ નહિ, પરંતુ ક્રાન્તિદળની અધિષ્ઠાત્રી સોફિયા જ હતી. સેન્ટ પીટર્સ બર્ગમાં એ એ જ નામે ઓળખાતી હતી.

આ બધા ક્રાન્તિવીરોની તપાસ માટે એક ખાસ અદાલત બેસાડવામાં આવી. પણ એ માત્ર નામની જ હતી, કેમકે અદાલતે મોતની સજાનો નિર્ણય અગાઉથી જ નક્કી કરી રાખ્યો હતો. ન્યાયાધીશે આરોપીઓને પૂછેલા પ્રશ્નોના ઉત્તર એમણે ઘણા ગૌરવ સાથે આપ્યા અને 'People's Party'ના સભ્ય હોવાનું સૌએ કબૂલ કર્યું. વળી તેમણે જાહેર કર્યું કે રશિયામાં શાંત ચળવળ ચલાવવા માટે અમે અશક્ત હોવાથી જ અમારે આ રીત અખત્યાર કરવી પડેલી. છેલ્લે સોફિયાનો વારો આવ્યો. ન્યાયાધીશે એના પર દોષારોપણ કરતાં એની કાર્ય કરવાની પ્રશંસા કરતાં કહ્યું કે, 'સોફિયા પેરોવસ્કિયાના ગુનામાં કંઇ નવું જ જોવામાં આવે છે. અમે એક રાજનૈતિક કાવતરાની કલ્પના સહેજે કરી શકીએ છીએ. અમે એ પણ જાણીએ છીએ કે ક્રાન્તિકારીઓ ભયાનક, કઠોર અને ઝનૂની હોય છે. આ ઉપદ્રવો અને ક્રાન્તિમાં સ્ત્રીઓ પણ ભાગ લે છે એની પણ અમને ખબર છે. પરંતુ એક સ્ત્રી ક્રાન્તિકારીઓની નેત્રી બની આવા ભયાનક હત્યાકાંડમાં શહેનશાહના ખૂનનો પ્રબંધ પોતાના હાથમાં લઈ રસ્તાઓનો નકશો દોરે, કોણે ક્યાં ક્યાં ઊભા રહેવું તેનો પ્રબંધ કરે, એક સાધારણ સ્ત્રી આવું બધું કરે એ અમારા સમજવામાં જરા પણ આવતું નથી.'

આ આરોપીઓનો બચાવ એક પ્રખ્યાત બૅરિસ્ટર મિ. કેડરીન કરતા હતા. એણે સોફિયાના વ્યક્તિત્વ વિષે બોલતાં કહ્યું કે–'સોફિયાને જોતાં જ આપણને લેશપણ ખ્યાલ ન આવે કે એક સ્ત્રી આટલું બધું કાર્ય કરે. એણે પોતાનો બચાવ ન કરતાં એકેએક વાત કબૂલી લીધી છે એ પરથી સ્પષ્ટ જણાઇ આવે છે કે એના હૃદયમાં દંભ કે પાપને જરા પણ સ્થાન નથી.' સોફિયાને તેના ગુના વિષે પૂછવામાં આવતાં એણે ઉત્તર આપ્યો કે, 'અમારા પર મૂકવામાં આવેલા સંખ્યાબંધ આરોપો સબંધમાં મારે કંઇ પણ કહેવાનું નથી. પણ અમને ચારિત્ર્યહીન, ઘાતકી અને જનતાને ત્રાસ રૂપ વગેરે જે કહેવામાં આવ્યા છે એનો અમે વિરોધ કર્યા વગર રહી શકતાં નથી. અમારાં આંતરિક જીવન તથા કાર્યપદ્ધતિથી પરિચિત લોકો તેના સાક્ષી રૂપ છે.'

ન્યાય તોળવા બેઠેલા વિચારકોએ આ બધા રાજ-હત્યારાઓને ફાંસીની સજા સંભળાવી દીધી. પણ મૃત્યુને જીતી બેઠેલાં એ વીરો જરા પણ ભય પામ્યા નહિ.

પુત્રી પકડાયાની વાત સાંભળતાં જ સોફિયાની માતા ક્રીમિયાથી સેન્ટ પીટર્સ બર્ગ આવી. પુત્રીના પ્રાણદંડની શિક્ષા સાંભળી એના હૃદયને અત્યંત આઘાત થયો. પુત્રીને છેલ્લીવાર મળી લેવા માટે એણે ઘણા પ્રયત્નો કર્યા પણ નિષ્ફળ. આખરે ઘણા કાલાવાલાને અંતે દૂરથી પુત્રીનાં દર્શન કરવાની તેને રજા મળી.

૧૫મી એપ્રિલ એ ફાંસીનો દિવસ હતો. પ્રાતઃકાળથી જ આખું શહેર દેશની એ પનોતી પુત્રીનાં આખરી દર્શન માટે ઊલટચું હતું. પુત્રીઘેલી વૃદ્ધ માતા પણ શહીદ થતી પુત્રીના દર્શન માટે તેને લઈ જવાના માર્ગ પર ઊભી હતી. સ્વતંત્રતાની વેદી પર પોતાની પુત્રીનું બલિદાન દેવાતું જોઈ તેના મ્લાન વદન પર પણ અલૌકિક હાસ્યની તેજ રેખા ચમકી રહી હતી.

'અમર રહો ક્રાન્તિ' અને જયઘોષના ગગનભેદી નાદ વચ્ચેથી સોફિયાની પીંજરા ગાડી પસાર થતી હતી. જંજીરથી જકડાએલી સોફિયા જયઘોષણા ઝીલતી નાની બેઠક પર બેઠી હતી. એકાએક તેની વૃદ્ધ માતાને પ્રેમ ને ભક્તિ પૂર્ણ શબ્દો સંભળાયાઃ 'પ્રણામ મા! અંતિમ વિદાય!' પુત્રીના આ હૃદયદ્રાવક શબ્દોથી તે વ્યાકુળ બની જડની જેમ પીંજરા સામે જોઇ રહી.

ફાંસીના માચડે ઊભેલી એ વીરાંગનાના મુખ પર છેવટ સુધી હમેશની એ જ પ્રસન્નતા સાથે ગંભીરતા, સાહસ ને ગૌરવની રેખા ઝળકી રહી હતી. જેલના અત્યાચારો ને મરણના ભયે તેના વિચારમાં જરા પણ પરિવર્તન થયું નહોતું.

ફાંસીએ જતાં પહેલાં એણે પોતાની માને નીચેનો અંતિમ પત્ર લખ્યો હતોઃ

વહાલી મા! તારા પર આવી પડેલાં દુઃખ જોતાં મને પ્રત્યેક ક્ષણે વેદના થાય છે. તને મારી એક પ્રાર્થના છે કે તું મારે માટે જરા પણ શોક કરતો નહિ. મારા માટે તેમજ મારાં ભાઇ બહેનોની રક્ષા માટે તું તારા જીવનને સંભાળજે. મને મારા આ દુર્ભાગ્ય પર જરા યે શોક થતો નથી, કારણકે હું પહેલેથી



ચઢતી ભરતીએ

· અંજની ·

વ્હાણુ તટે સવળ્યાં જલ સ્પર્શે,
લંગર સૌ ઉપડયાં, સઢ ચઢશે,
ભરદરિયે નાવિક ઝૂકવશે
ચઢતી ભરતીએ.


પંકજદલ ઊઘડયાં શશિસ્પર્શે,
ગાન ચકોરતણું નભ ભરશે,
સાગરનું દિલ મુગ્ધ ઊછળશે
યૌવન ભરતીએ.

ઓસરતી ઓટે

ચંદ્રકલા થઇ અસ્ત અભાગી,
સાગરનીર ગયાં તટ ત્યાગી,
રડતાં તટતરૂ 'હા, અણુરાગી!'
ઓસરતી ઓટે.

વળતાં વ્હાણુ ભર્યાં કંઈ આલી,
શોક મુખે કહીં, ક્યાંય ખુશાલી,
ઘેર વળે સૌ સુખદુઃખ મ્હાલી,
જીવનની ઓટે.

સુન્દરમ



જ એ જાણુતી હતી અને તેથી એની રોજ પ્રતીક્ષા કર્યા કરતી હતી. વહાલી મા! આ કંઇ એટલું બધું દુઃખ ઉપજાવે એવું પણુ નથી. હું ધૈર્ય તથા શાંતિથી આ દુઃખનો સામનો કરી રહી છું. હા, મને ફક્ત એક જ દુઃખ છે અને તે તારા વિષેનું. હાય! હું નથી જાણુતી કે આ જીવનની એવી કઈ વસ્તુ આપી હું એ કષ્ટમાંથી છૂટકારો મેળવું.

મારી વહાલી મમોત્સ્કા! તારા ખ્યાલમાં હશે કે તારી સામે મોટો પરિવાર પડયો છે. નાનાં બધાં તારા આશ્રયે તારી સામે આશાભરી આંખે જોઇ રહ્યાં છે. એમને તથા મને તારા નૈતિક બળની આવશ્યકતા છે. તારી કક્ષાએ પહોંચવા હું અસમર્થ નીવડી છું તેનો જ મને ખેદ થાય છે. ઘણી યે વેળા તારા નૈતિક બળે મારો ઉદ્ધાર કર્યો છે. તારા પ્રત્યે મારી શ્રદ્ધા બતાવવાનો આ અવસર નથી. મારૂં સમગ્ર જીવન એ પ્રેમ અને શ્રદ્ધાનું પ્રતિરૂપ છે. મારા માટે આ સમયે તારી ચિંતા સિવાય બીજું કંઇ જ દુઃખ નથી. હું આશા રાખું છું કે તું તારા હૃદયને શાંત રાખી ધૈર્ય ધારણ કરજે અને મારા કારણથી તને જે કંઈ કષ્ટ ઉઠાવવું પડયું છે તે માટે મને ક્ષમા કરજે. હું આ સમયે તારા કોમળ હસ્તોનું ધ્યાન ધરી અગાધ પ્રેમથી એને ચુંબન કરૂં છું અને ઘૂંટણીએ પડીને પ્રાર્થના કરૂં છું કે તું મારા પર જરા યે ક્રોધે ભરાતી નહિ.

બધાને મારા પ્રેમપૂર્ણ આખરી વંદન! મારી વહાલી મા! અન્તિમ પ્રણામ!—તારી સોફિયા.

પોતાના યૌવનના વિકાસકાળમાં ૨૭ વર્ષની ભરજુવાન વયે એ દેશભક્તની દેહલીલા સમાપ્ત થઇ. અંતિમ સમયે એની ચિત્તવૃત્તિ કેવી હતી એ એના પત્ર પરથી સ્પષ્ટ જણાઈ આવે છે. એને પોતાના કર્તવ્ય પર પૂર્ણ શ્રદ્ધા અને પ્રેમ હતાં. સ્વતંત્રતાને ચાહનારી એ વીરાંગનાએ પોતાના દેહની કુરબાની કરી સારા યે રશિયાને આશ્ચર્યથી ચકિત કરી નાખ્યું. એણે આપેલી કુરબાની રશિયાના સ્વાતંત્ર્યના ઇતિહાસમાં સૂવર્ણાક્ષરે અંકિત થશે અને એનો વિરલ ત્યાગ, અદભુત કુરબાની અને અડગ મનોવૃત્તિ રશિયન યુવાનોના હૃદયમાં પ્રેરણામૃત સમાં રહેશે. વીરાંગના સોફિયા આજે ભલે જગતની દૃષ્ટિએ મરણ પામેલી છે, પણ રશિયનોના અંતરમાં એ અમર છે.

અરવિન્દ નર્મદાશંકર શાસ્ત્રી

‘કાશિયા! કાશિયા!’

સાચી વાત છે. સાવ સાચી.

રોજ સવારસાંજ એ આવે. એ જ ફાટયુંતૂટયું લૂગડું, એ જ વિખરાએલા વાળ અને એ જ લંગડાતી ચાલ. પણુ એના મોં પર તેજ ને એની આંખોમાં નૂર. આકાશ નીલ સરોવર જેવું સ્વચ્છ હો કે ઘનઘોર વાદળાંથી છવાયું હો, તડકો હો કે વરસાદ હો, એ તો આવવાની જ. બંગલા પાસે આવે કે બૂમ મારવા માંડે, ‘કાશિયા . . .! કા શિયા . . .!’ અને એ બૂમ સાંભળતાં જ વાડીમાંથી કાશિયો દોડતોદોડતો આવે. જાણે માને દેખી છોરૂં દોડતું હોયની! સૌને મન બધા કુતરા જેવો એ કુતરો, પણ એને મન તો એનો કાશિયો; જીવથી પણ વધારે વહાલો.



એને એ કુતરા પર બહુ જ પ્રેમ. પોતે ભિખારણ જેવી ફરે, ભીખ માગી ખાવાનું ભેગું કરે અને કુતરાને ખવડાવે. પૈસા મળે તેમાંથી ઘી અને દૂધ લે;—કુતરા માટેસ્તો. ઘી વિના તો એનો કુતરો ખાય જ નહિ! અને ખાતી વેળા જે લાડ કરે તે જોવા તો દેવ પણુ ઊતરતા હશે.

એક દિવસ કુતરો મોટર નીચે ચગદાઇ ગયો. રસ્તા ઉપર એ બાપડો ગેલ કરતો હતો, એવામાં સરરરર . . . . કરતી મોટર આવી. જાણે ‘ખાઉં! ખાઉં!’ કરતી રાક્ષસી આવી. કાશિયાએ છટકવાને બહુ યે ફાંફાં માર્યાં, પણુ કાંઇ ન ચાલ્યું.

સાંજ પડી ને એ આવી, ‘કાશિયા . . . . ! કાશિયા . . . !’ પણુ કાશિયો હોય તો આવે ના!

※ ※

હજી યે કોઇકોઇ વેળા રસ્તા પર ગાંડી જેવી ફરતી એ દેખાય છે. એ જ ફાટયુંતૂટયું લૂગડું, એ જ વિખરાએલા વાળ અને એ જ લંગડાતી ચાલ. પણુ એના મોં પર તેજ નથી, આંખોમાં નૂર નથી.

સાચી વાત કહું છું. સાવ સાચી.

હીરુભાઇ



સ્વ. સંગીતાચાર્ય પંડિતશ્રી વિષ્ણુ દિગંબર પલુસ્કર



સ્વ. શંકરરાવ પાઠક

મહારાષ્ટ્રમાં મીરજ મુકામે ગઈ તા. ૨૧મી ઑગસ્ટે થએલા, ભારતની આ મહાન વિભૂતિના દેહવિલયથી આખા દેશને અક્ષય્ય ખોટ પડી છે. તેમનું સવિસ્તર જીવનચરિત ‘કુમાર’ના ત્રીજા અંકમાં આવ્યું છે તે પરથી કોઇને પણ લાગશે કે તેઓ એક વિરલ કલાધર, સંસ્થાપક અને દેશ-સેવક હતા. તેમની શ્રીરામભક્તિના રસાસ્વાદનો પ્રસાદ તો હજારો મનુષ્યોને મળ્યો છે. સંગીતમાંથી શૃંગાર અને નાટકી ચટક દૂર કરી તેમણે તે શુદ્ધ રાગરાગણીઓ દ્વારા ભક્તિના સ્વરૂપમાં લોકપ્રિય બનાવ્યું એ એમની મોટામાં મોટી સેવા છે. તે ઉપરાંત સંગીતના પ્રચાર માટે અનેક સંગીતસિદ્ધ શિષ્યો તૈયાર કર્યા અને સંગીત ઉપર ૨૫૦ પુસ્તકો જેટલું વિશાળ, ધોરણબદ્ધ અને પ્રમાણભૂત શિક્ષણસાહિત્ય રચ્યું.

તેમનો છેલ્લો પ્રયત્ન ‘રામનામ આધાર આશ્રમ’નો છે. નાસિકમાં એ આશ્રમ સ્થાપી તે મારફતે સંગીત અને ભક્તિનો તેઓ પ્રચાર કરતા. એ આશ્રમમાં સ્થાપેલા મંદિરમાં રામાયણ ગ્રંથ પધરાવીને ત્યાં અહર્નિશ–ચોવીસે કલાક રામધૂન ચાલુ રહે એવી વ્યવસ્થા કરી છે. તેમણે મહાસભાના દરેક અધિ-વેશનમાં હાજરી આપી ‘રઘુપતિ રાઘવ રાજા રામ’ની ધૂન દેશવ્યાપી કરી છે. ગુજરાતમાં તેમણે પોતાના પટ્ટશિષ્ય શ્રીયુત ખરેને સંગીતપ્રચાર માટે સત્યાગ્રહાશ્રમમાં અર્પી આજના ગુજરાતના યુગવિધાનમાં અમૂલો ફાળો આપી ઉપકાર કર્યો છે. એમના પવિત્ર જીવનનાં સ્મરણો પ્રજાને આદર્શ રૂપ વારસો છે.

સ્વ. વાયોલિનવિશારદ શંકરરાવ પાઠક

છેલ્લા એક દસકા જેટલા ટૂંક ગાળામાં ગુજરાતના સંસ્કારી જનોમાં સંગીત મારફતે પોતાની કલાની સૌરભ મૂકી જનાર શ્રી શંકરરાવ દત્તાત્રેય પાઠક ગયા જુલાઈ માસમાં મુંબાઇમાં અકાળ અવસાન પામ્યા. ગુજરાત વિદ્યાપીઠના એ સંગીતશાસ્ત્રી પોતાના વાયોલિનના સંગીતથી ઘણા ગુજરાતી-ઓમાં જાણીતા છે. એ વાદ્ય પરનો એમનો કાબુ એટલો અદ્‌ભુત હતો કે શ્રી પાઠક ‘વાયોલિન વિશારદ’ તરીકે જ ઓળખાતા. સંગીતને ભારતવ્યાપી કરનાર સ્વ. પંડિત વિષ્ણુ દિગંબરના જ એ પણ શિષ્ય. પછી વાયોલિનનું શિક્ષણ એમણે મદ્રાસી નાદશાસ્ત્રી શ્રી સુન્દરમ્ આય્યર પાસેથી લીધું. વિદ્યા-પીઠ છેલ્લી લડતમાં જોડાઇ, એટલે શ્રી પાઠક મુંબાઇ ગએલા, અને ત્યાં પોતાની સૌરભ પૂરી પમરાવે તે પહેલાં જ એમનો દેહવિલય થયો. પણ જનતાનાં અંતરમાંથી એમની કલાનું સ્મરણ વિલય નહિ પામે.

પડછાયા

લોકજીવનના સ્મૃતિભંડારમાં પેઢી દર પેઢી સંઘરાતી આ-વતી પુરાણ કથાઓમાં જે કલ્પનાનું પ્રભુત્વ, અસ્ખલિત રસનું માધુર્ય અને પ્રાણતત્ત્વનું ઓજસ હોય છે તે કોઇ પણ યુગમાં અને કોઇ પણ વયના માણસને પ્રેરક નીવડે એવું નિત્ય-નૂતન હોય છે ‘કુમાર’ના ૮૭મા અંકમાં આવેલી એવી એક વાર્તા ‘દેવસ્મિતા’ જેણે વાંચી હશે તેમને આની સવિશેષ પ્રતીતિ થશે; અને સાથે જાણીને આનંદ થશે કે શ્રી ‘ધૂમકેતુ’એ એ તથા એવી બીજી (આપણા તથા બીજા દેશની મળીને) દસ કથાઓનો સંગ્રહ ઉપલા નામે હમણાં જ બહાર પાડ્યો છે. મિત્રોને ભેટ આપી શકાય એવું ૯૬ પાનાનું, બેરંગી ચિત્ર વાળા પાકા પૂઠાનું એ પુસ્તક ‘ગુજરાત સાહિત્ય મંદિર–અમ-દાવાદ’-માંથી આઠ આને મળશે.



કુકડો અને શિયાળ

એક દિવસ એક કુકડો ખેતરમાં ફરતાં ફરતાં એક ઢગલા પાસે જઇ પહોંચ્યો અને તેની ઉપર ચડીને કુકડે. . .કુઉ. . .ક કરી બોલવા લાગ્યો. કુકડા ભાઈની એ બૂમ એક શિયાળને કાને પડી. તે ત્યાં દોડતો આવીને કુકડાને કહેવા લાગ્યો. 'જય જય, કુકડા ભાઇ! તમે ખરેખર બહુ સુંદર ગાઓ છો! આવું મજાનું ગાવાનું તમે કયાં શીખ્યા હતા?'

'હું મારા બાપા પાસેથી શીખેલો.' કુકડાએ કહ્યું.

'હા બરાબર!' શિયાળે કહ્યું, 'હું તમારા બાપાને ઓળખતો હતો. એ બહુ સારૂં ગાતા હતા. પણ એ તો ગાતી વખતે એક પગ ઊંચો કરી આંખો બંધ કરતા, અને પછી, ખરેખર, એવું સરસ ગાતા! હું નથી માનતો કે તમે તમારા બાપા જેવું સુંદર ગાઇ શકો.'

'કેમ નહિ ગાઇ શકું? તમે જુઓ તો ખરા!' કહી કુકડાભાઇએ તો એક પગ ઊંચો કરી એક આંખ બંધ કરી 'કુકડે–કુઉક' કરી ગાવા માંડયું.

'બહુ જ સુંદર! બહુ જ સરસ!' શિયાળે લુચ્ચાઇથી કહ્યું: 'ખરેખર કુકડાભાઇ, તમારો અવાજ તો ઘણો જ સુંદર છે. પણ તમારા બાપા તો બંને આંખો બંધ કરીને ગાતા હતા. મને નથી લાગતું કે તમે તેવી રીતે ગાઈ શકતા હો.'

'નહિ કેમ વળી?' કુકડાએ ફુલાઇને કહ્યું; અને તરત એક પગ ઊંચો કરી તેણે બંને આંખો બંધ કરી. પણ હજી તો 'કુકડે . . . .' કરીને ગાવા જાય છે એટલામાં તો શિયાળે તરાપ મારી કુકડાને ગળામાંથી પકડી લીધો અને તેને જંગલમાં ઘસડી ગયો. ત્યાં એક ઝાડ તળે કુકડાને મૂકી પોતાના પંજાથી તેને પકડી રાખ્યો. કુકડો પોતાની મૂર્ખાઈ સમજી ગયો હતો. એટલે જેવો શિયાળ તેને ખાવાની તૈયારી કરે છે તેટલામાં કુકડો બોલી ઊઠયો: 'અરે શિયાળભાઇ, તમારામાં જરા પણ ઈશ્વર તરફ ભક્તિ નથી લાગતી! તમારા બાપા તો જમવા બેસતાં પહેલાં હમેશ પ્રાર્થના કરવાને ચૂકતા નહિ. તમે તો એવું કંઇ પણ કરતા લાગતા નથી.'

શિયાળ કુકડાનાં આવાં વચન સાંભળી શરમિંદો થઈ ગયો. પોતાના બાપા કરતાં પોતે પણ કંઈ ઓછો ભક્તિવાન નથી એમ કુકડાને દેખાડવું જોઇએ એટલે પ્રાર્થના કરવા માટે એણે પોતાના પંજા ઊંચકયા. કુકડાને તો એટલું જ જોઇતું હતું. એ તો તરત જ ઊડીને ઝાડ પર જઇને બેઠો!

'બરાબર છે, શિયાળભાઇ!' એ બોલ્યો: 'બરાબર પ્રાર્થના કરજો. પાપ તો તમે બહુ કરેલાં લાગે છે, એટલે પ્રાર્થના પણ બરાબર થવી જોઇએ.'

કુકડાને આમ છટકી ગએલો જોઇ શિયાળને બહુ ગુસ્સો ચડયો. તે વિચારવા લાગ્યો કે 'કંઇ નહિ. હું યે ખરો ત્યારે કે તને છટકવા ન જ દઉં.'

આમ વિચારી શિયાળ ત્યાંથી દૂર જઈ લાકડાનો નાનો ટુકડો મોંમાં લઇને પાછો આવ્યો. આ જોઇ કુકડાએ પૂછ્યું: 'શિયાળભાઈ, આ તમારા મોઢામાં શું છે?'

'એ તો હમણાં જ ગામના પટેલનો મારા પર કાગળ આવ્યો છે તે છે. પણ હું મારાં ચશ્માં લાવવાનું જ ભૂલી ગયો છું, એટલે વાંચી શકતો નથી. કુકડાભાઇ, તમે જરા નીચે આવી મને આ કાગળ નહિ વાંચી આપો?'

'ભલે ભાઇ, હું આવું છું.' કુકડાએ જવાબ આપ્યો: 'પણ પહેલાં પેલા શિકારીને જરા જતો રહેવા દો.'

'અરે શિકારી? કયાં છે તે?' શિકારીનું નામ સાંભળતાં જ શિયાળનાં હાજાં ગગડી ગયાં.

'ઓ . . . પેલો રહ્યો . . પોતાના કુતરાઓ સાથે ફરે છે; અને તમને જ શોધતો લાગે છે!'

આ સાંભળી શિયાળ તો એવો બી ગયો કે ઊભી પૂંછડીએ ત્યાંથી નાસી જ ગયો; અને કુકડાએ 'હાશ' કર્યું.

ફ્રેની દલાલ


જ્ઞાનલીલા

અષાડની જ્ઞાનલીલાના અમને મળેલા ઉત્તરોમાંથી બધા સાચા નીચેના સાત ભાઇઓના છે. તેમાંના જેઓ ગ્રાહક છે તેમને ઇનામ મોકલાશે. (૧) ડૉ. એન. એમ. લાલાજી-સુરત (૨) આચાર્ય, રાષ્ટ્રીય ભીલ આશ્રમ-મીરાખેડી (૩) ચાંપસિંહ શાહ-નાના ભાડિયા (૪) શંભુભાઈ પટેલ-નડિયાદ (૫) રેવાશંકર દવે-બાલંભા (૬) મણિલાલ આડતિયા-વડોદરા (૭) જયંતીલાલ પારેખ-ભાવનગર. ખરા ઉત્તરો નીચે મુજબઃ **(૧) ગણિત ગમ્મતઃ** (૧) સ્ત્રીની ઉમરઃ ૫૪ વર્ષ; પુરુષની ઉમરઃ ૬૬ વર્ષ. (૨) સવા ત્રણ વર્ષ પછી. **(૨) અંક-ગમ્મતઃ** ક=૧$\frac{1}{2}$; બ=૪$\frac{1}{2}$. **(૩) છૂટાં પાડોઃ** (૧) ભણ્યો કણબી કુટુંબ બોળે (૨) સત્તા આગળ શાણપણ નકામું. **(૪) એ શું?** (૧) બદામ (૨) કેસરી (૩) ખંભાત **(૫) શબ્દ-ગોઠવણઃ** નીચે ડાબી બાજુએ બતાવ્યા પ્રમાણેઃ તેમાં ગુજરાતી સાક્ષરનું નામ તથા સામયિક પત્રનું નામ કાળા અક્ષર વડે બતાવ્યાં છે **(૬) અક્ષર-પુરવણીઃ**

		ન	લિ	**ન**			ક	લ	મ
		મો	**વ**	ડી			મ	જ	લ
કા	ળ	**જી**	વ	ન	ગી	**ન**	ક	પ	ટ
શ્રા	**વ**	ણ		ક	**વ**	ચ	વ	ત	ન
ન	ઠો	ર	ત	**લ**	ક્ષ	ણ	કુ	રા	ર
		પ	**રા**	ધં			ન	ચ	ન
		મ	જા	લ					

વચ્ચેની ઊભી લીટી વાંચતાં દેશભક્ત **લજપતરાયનું** વતન નામ વંચાશે. **(૭) શબ્દ-સાંકળીઃ** સહોદર, દરકાર, કારભાર, ભારણ, રણરંગ, રંગરાગ.

(૮) ચિત્ર-પ્રશ્નઃ ખરી રીતે તો આ નીચેના ચિત્રમાં બતાવ્યા પ્રમાણે પાટિયામાંના બે જ કટકા કરીને નવું ઉપજાવેલું પાટિયું એ ખરો ઉત્તર ગણાય. પણ 'બે જ' ટુકડા કરવાનું પ્રશ્નમાં સ્પષ્ટ નહોતું જણાવ્યું તેથી જેમણે ત્રણ ટુકડા કરીને ઉત્તર આપ્યા છે તે પણ સાચા ગણ્યા છે. નીચેના નવા સવાલોના ઉત્તર ૧૫મી સપ્ટેમ્બર સુધીમાં મળવા જોઇએ.



નવા સવાલ

(૧) ગણિત-ગમ્મતઃ (૧) એક શાળામાં ૧૦૦ વિદ્યાર્થીઓને તેમની આવડત પ્રમાણે, હુશિયાર, સાધારણ અને મંદ એવા ત્રણ વર્ગમાં વહેંચી નાખવામાં આવ્યા હતા. સો રૂપિયા તેમની વચ્ચે એવી રીતે વહેંચવામાં આવ્યા કે દરેક હોશિયાર વિદ્યાર્થીને જે રકમ મળી તેની અરધી રકમ સાધારણ વિદ્યાર્થીને મળી, અને સાધારણ વિદ્યાર્થીને મળેલ રકમને આઠમો ભાગ મંદબુદ્ધિવાળા વિદ્યાર્થીઓને મળ્યોઃ ત્યારે દરેક વર્ગમાં કેટલા વિદ્યાર્થીઓ હશે અને તેમને કેટ-કેટલી રકમ મળી હશે? (૨) નાનામાં નાની એવી કઇ રકમ છે જેને એકથી દસ સુધી ભાગતાં કાંઈ પણ શેષ વધે નહિ. પરંતુ અગિયાર વડે ભાગતાં ફક્ત ૧ શેષ વધે. **(૨) અંક-ગમ્મતઃ** બાજુની આકૃતિમાં મૂકેલાં ફૂલો ૧થી ૯ સુધીના આંકડા સૂચવે છે. તે એવી રીતે ભરી કાઢો કે તેમના આડા તેમ જ ઊભા સરવાળા મૂકેલા આંકડા બરાબર થાય અને આડી તથા ઊભી દરેક કર્ણરેષાનો સરવાળો ૯ થાય.

*	*	*	*	*	=૧૫
*	*	*	*	*	=૨૧
*	*	*	*	*	=૧૪
*	*	*	*	*	=૧૭
*	*	*	*	*	=૨૬
૨૨	૧૮	૨૧	૧૭	૧૫	

(૩) છૂટાં પાડોઃ નીચેના અક્ષરોમાં આપણા ત્રણ દેશભક્તનાં નામ અટવાઇ ગયાં છે. તમે તે સાચાં છૂટાં પાડશો એટલે એ જ નામોના અક્ષરોમાંથી ચોથા દેશભક્તનું નામ નીકળી આવશેઃ 'દાલ તીરંલા સલા જીજહુચિ જમો લત્ત વાનર.' **(૪) ઓળખી કાઢોઃ** (૧) મારૂં નાણ ત્રણ અક્ષરનું છે. મારૂં માથું કાપી નાખો તો પાછળ મારૂં રહેઠાણ વધે છે અને રહેઠાણને ઉલટાવી નાખો તો તે નકામું થઇ જાય છેઃ ત્યારે મને ઓળખી કાઢો. (૨) દેશના પ્રાંતનું એવું કયું પ્રાચીન નામ છે જેની અંદર એક કઠોળ તથા એક સ્વાદિષ્ટ પ્રવાહી છુપાઇ રહે છે? (૩) એવું કયું શહેર છે જેમાં એક સુંદર પક્ષી છુપાઇ રહે છે? **(૫) શબ્દ-ગોઠવણઃ** બાજુની આકૃતિમાં નીચેની સૂચના મુજબ બધા શબ્દો સાચા ભરી કાઢશો એટલે ૧થી ૫ આંકડા અનુક્રમે લેવાથી એક જાણીતા ગ્રંથનું નામ; ૬થી ૧૧=એક કવિ; ૧૨થી ૧૫ =એક પાદશાહ; ૧૬થી ૨૧=એક સ્વર્ગસ્થ દેશભક્ત; ૨૨થી ૨૬=હાલના એક ગુજરાતી નવલકથા લેખક; ૨૭થી ૩૧= ગુજરાતનું એક પ્રખ્યાત પ્રાચીન રમણીય કુદરતી સ્થળ અને ૩૨મા આંકડાને ઠેકાણે એક આંકડો આવી રહેશે.


		૧૨	૧	૭		
		૨	૧૭	૧૯		
૮	૫	૧૧	૨૩	૨૦	૩૦	૨૪
૨૭	૬	૩૨		૧૪	૪	૩૧
૫	૧૦	૧૮	૨૬	૧૩	૨૮	૨૯
		૧૬	૨૧	૨૫		
		૩	૨૨	૯		

ઉપલો ચોરસઃ પહેલો શબ્દ=સત્તા-દોર, બીજો શબ્દ=નૈસર્ગિક જરૂરિયાત—આદત, ત્રીજો શબ્દ=ખાવાની એક હલકી ચીજ; જમણી બાજુનો ચોરસઃ પહેલો શબ્દ=ઉત્તમ, બીજો શબ્દ=બૂજ, ત્રીજો શબ્દ=છલંગ; ડાબી બાજુનો ચોરસઃ પહેલો શબ્દ=એક રાક્ષસ; બીજો શબ્દ=બટકણાં, ત્રીજો શબ્દ=હિંદના એક સંત કવિ; નીચલો ચોરસઃ પહેલો શબ્દ=ક્ષણ; બીજો

શબ્દ=એક પ્રખ્યાત ઈરાની પ્રેમકથાની પ્રેયસી, ત્રીજો શબ્દ જે તમને સૌને પ્રિય છે એટલે કહેવાની જરૂર નથી. (૬)

ચ	ર	ણ
ક	મ	ળ


શબ્દ ફેરવણી: બાજુની આકૃતિના પ્રથમ ખાનામાં 'ચરણ' શબ્દ મૂકેલો છે. તેમાંથી માત્ર એક જ અક્ષર ફેરવી નવો બનતો શબ્દ તેની નીચેના ખાનામાં મૂકતાં જવો. એમ કરતાં છેલ્લા ખાનામાં 'કમળ' લાવી દો. **(૭) ચિત્ર-પ્રશ્ન:**



આ નવ ટપકાંને તમે ચાર સીધી લીટીઓ દોરી જોડી શકશો? શરત એ કે લીટીઓ પેન્સિલ ઉપાડ્યા વિના સળંગ દોરાવી જોઇએ.

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

પાલણપુરવાળા ભાઇ અસદમીયાં સૈયદનાં બે ચિત્રોમાંનું 'ગ્રામ્ય પ્રવાસ' આ વખતે સર્વોત્તમ છે; પણ એમને બે વાર ઇનામો મળી ગયાં હોવાથી દીવાળી અંકે થનારી ઉચ્ચ શ્રેણીની હરીફાઇ માટે તે ચિત્ર અનામત રાખ્યું છે. પછીના તાજા ઉમેદવારોમાં એસ.એસ. દીવેટિયા (શાહદાદકોટ)નું 'કાશ્મીરનું દૃશ્ય' પહેલા ઈનામ (રૂા. ૩)ને લાયક ઠર્યું છે. એ એક સારૂં ચિત્ર હોવા સાથે તેમા હવાઇ નિર્મળતા અને બરફનાં શિખરો લેવા સાથે બીજી વિગતોના વર્ણ પણ સચવાયા છે, એ તેના ખાસ ગુણ છે. બીજાં બે ચિત્રો ગુણમાં તેનાથી ઘણાં દૂર પડી જાય છે, છતાં આ માહને આવેલા આખા સમૂહમાં જરા આગળપડતાં હોવાથી તેમને સામાન્ય પારિતોષિક (દરેકને રૂપિયો એક) આપ્યાં છે. ભાઇ નરસિંહ પરમાર (બનારસ)નું 'છાણ વીણનારી' છોડીનું ચિત્ર આકર્ષક વિષય હોવા છતાં તેના વિવિધ મરોડ કે ક્રિયા લેવાનો ફોટોગ્રાફરે વિચાર ન કર્યો એ તેની ઉણપ દેખાય છે. બીજા ચિત્રમાંની પ્રથમ વાર એકડો ઘૂંટતી બાળકી (મોકલનાર : આશાભાઇ પટેલ મોંબાસા)માં વધુપડતી ઠાવકાઈ અને કૃત્રિમતા દેખાઇ આવે છે. આ ઉપરાંત નીચેનાં ચિત્રો નોંધને પાત્ર છે: (૧) મિ. બી. એચ. પટેલ (મોંબાસા)નું 'સ્વાશ્રય' ચિત્રમાંનું નાનું બાળક ત્રણ પૈડાની સાઇકલ સમી કરતું બેઠું છે. આસપાસની ઘેરી ભોંય અને છાયાઓ ચિત્રને રૂંધે છે અને પ્રસંગમાં જોઇતી આતુરતા તથા ક્રિયાનો અભાવ છે તેથી તે ચિત્ર ખેંચાણ કરતું નથી. (૨) ચતુર્ભુજ વલ્લભદાસ (ઘાટકુપર)નું 'કુદરત' નામનું તાડ, તળાવ અને ટેકરીવાળા દેખાવનું એક ચિત્ર યોગ્ય દૃષ્ટિબિંદુ વિના રહી જાય છે. તેનું બીજું ચિત્ર 'લાવણી' છે તેમાંથી એક આગળપડતા પાત્રને મુખ્ય રાખી ચિત્રનો થોડો જ ભાગ એન્લાર્જ કર્યો હોય તો સરસ ચિત્ર થાય. (૩) નરસિંહ પરમાર (બનારસ)ની 'બળદગાડી' એક જૂના જમાનાનું ચિત્ર યોગ્ય દૃશ્ય છે, પણ આસપાસના આખાં દેખાવમાં મેળ લે અને કુતૂહલ ઉત્પન્ન કરે એવી રચના થઇ નથી. (૪) હરિલાલ ચોકસી (સુરત) એ દરિયા



કિનારાનો દેખાવ લેતાં વહાણની આકૃતિ આગળપડતી મોટી લીધી હોત તો ચિત્ર ઘણો ઉઠાવ આપત. સરસ ચિત્ર રચવાની તક તેમણે ખોઈ છે. (૫) મહેબૂબ સૈયદ (અમદાવાદ)ના 'સમતોલપણું' નામના ચિત્રમાં એક કુતરાના નાક પર આડી લાકડી તોળાઈ રહી છે. ચિત્રમાં આકર્ષક વિનોદ છે, પણ તેને ઉઠાવ આપવાને પાછળનાં ધાબાં ન આવવાં જોઇએ અને મુખ્ય આકૃતિ મોટી લેવી જોઇએ. (૬) રાવજીભાઇ પટેલ (કરમસદ)નું 'કૃષિજીવન'નું ચિત્ર સારૂં પડ્યું છે, પણ ખાસ છબી લેવડાવવા જ ઊભાં રહેલાં હોય તેવા પાત્રો તેની મજા બગાડે છે. તેમને તેમના કામમાં જ લાગેલા લેવા જોઇએ. (૭) ત્રીકમલાલ મૂળચંદ(મુંબાઇ)નું 'ગામની ભાગોળે' નામનું ચિત્ર અસ્પષ્ટ બન્યું છે. તેવા જ પ્રસંગનું સુંદર ચિત્ર ભાઇ અસદમિયાંએ આ વખતે મોકલ્યું છે જે ઉપર બતાવ્યા મુજબ શ્રેષ્ઠ પંક્તિમાં ગયું છે. દીવાળી અંકની હરીફાઇમાં તે જોવા મળશે તો યોગ્ય પાઠ મળશે.



મધુકરી

આભ મઢી ધ્રૂજે આરતી ને ધ્રૂજે દેવના અમર દીપ,
ધ્રૂજે બાળા તારા કંઠમાં રે જે દિ' જગની જળતી શીખ,
તે દિ' તારૂં ગીતડું સાચું,
ભાવિ કાજ એટલું ભાથું.
—બલદેવ મહેતા

(નવચેતન)

સુનયની દેવી

આકાશ સ્વચ્છ હોય, ખેતરમાં પાક ઊભરાતો હોય તેવી શાંત બપોરે કોઇ પક્ષી આકાશની પાર ક્ષિતિજ સુધી પાંખો પ્રસારી ચાલ્યું જાય ત્યારે તમને ઊંચે જોતાં કંઈ જ ન દેખાય પણ પેલી બે પાંખોની વિસ્તારેલી કમાનો તમે નહિ ભૂલો. બાળકની રમતમાં કંઈ પ્રયોજન હોય છે? રમતનો આનંદ લેવો ને દેવો એથી આગળ કોઈ જ પરિણામ કે બદલાની તેમાં ઇચ્છા હોતી નથી.

સુનયની દેવીનાં ચિત્રો પણ એમ જ ચીતરાય છે. કેટલાંક પક્ષીઓની મધુરતા તેઓ એક ને એક અવાજ કર્યા કરે તેમાં જ રહેલી હોય છે. તે કોઇને માટે ગાતાં નથી. એ કિલકિલાટમાં જ તેમના જીવનનો આનંદ રહેલો છે. સુનયની દેવીનાં, રાધાકૃષ્ણના સંયોગ વિયોગનાં ચિત્રો, માતા અને બાળકનાં ચિત્રો વગેરે એવું જ અસ્ખલિત ને એકધારૂં સંગીત છે. કોઇએ તેને ચિત્ર કરવાનું શીખવ્યું નથી. તેના મનમાંથી જ ચીતરવાની ઊર્મિઓ ઊભરાય છે અને કોઇ એકબે રંગ લઇ સાદા કાગળ પર તેની કવિતાઓ પ્રકટાવે છે. કદીકદી તો કાગળોની બંને બાજુએ પણ ચીતરી માર્યું હોય છે!

તેની ચિત્રભાષા મર્યાદિત છે, છતાં બાળક જેમ તેના થોડા કાલા શબ્દોમાં કેટલું યે માધુર્ય સીંચે છે તેમ તમે પંડિતાઇ કોરે મૂકીને તેનાં સાદાં ચિત્રો જુઓ તો તે તમારા પર ઊંડી અસર ઉપજાવશે. શ્રી ચૈતન્યે પ્રકટાવેલી કૃષ્ણભક્તિની છાયામાં સુનયની દેવીનાં રસચિત્રો સર્જે છે. અજંતાના પ્રાચીન ચિત્રકારો જેવી ભક્તિથી તેનું હૃદય પ્રેરાઇને કોઇ અંતર્મૂત શક્તિથી તેનાં ચિત્રોમાં પ્રાણ પૂરાય છે.

હજારો વર્ષનાં તપ અને ઉપાસનાનાં ફળ જાણે દૈવે તેના હાથમાં મૂક્યાં છે અને તે તેને અધીન બને છે. પણ સુનયની દેવી એક જ છે. તેની પાસે સુકંઠ સિવાય બીજી ઉસ્તાદી નથી. પણ વિધ્યની એ ખામી વસ્તુની વૈધ્યનિષ્ટતા (intenseness)માં ભુલાઇ જાય છે. એક સરળ રેખાથી ભમરની આડી કમાન કરીને તે તેની સાર્થકતા પ્રકટાવે છે. દુઃખાર્ત ચહેરો કે પ્રસન્નતાનું સ્મિત એ તેની સહજ ગતો છે.

એની સૃષ્ટિ સાવ નાની છે. કુદરતના આકારો પણ તેમાં નથી. માત્ર માનવ મુખો અને તે પણ બહુ તો ખભા અને છાતી સુધીનાં. સાથે હાથની થોડી ચેષ્ટાઓ. વળી એ બધાંમાં એકસરખ.પણું પણ બહુ છે. કૃષ્ણ, માતા, બાળક, શિવ, બધાંના ચહેરા રચવાને મળતી જ રેખાઓ આવે છે. ચંદ્ર જેવા સુગોળ ચહેરા. તે પર કોઈ કરચલી કે માંસનાં ગઠ્ઠાની કલ્પના પણ ન આવે એટલા સાફ અને પારદર્શક. એમ છતાં એ ચહેરા બનાવટી મોરાં નથી જ લાગતાં. માછલીની જેમ વાળેલી બે રેખાની વચ્ચે તરતી કીકીઓમાં તો સુનીદેવી ઊર્મિઓના સાગર ભરી દે છે.

એના હાથો કશું પકડતા નથી, પણ મધુર પ્રેમસ્પર્શ કરતી એ અંગુલિઓમાં દેવભાવ રેલાતો લાગે છે. હાલ તો સુનીદેવી કલકત્તામાં જ રહીને કામ કરે છે. ત્યાં ધંધાર્થી કલા તો ચોમેર દેખાય છે, પણ તે સાથે બંગાળની નૂતન કલાનું જન્મસ્થાન પણ ત્યાં જ છે અને એ કલાના આદ્ય ગુરુ શ્રી અવનીન્દ્રનાથ ઠાકુર પણ ત્યાં જ વસે છે. છતાં સુનીદેવીની કલામાં તે જરાયે હસ્તક્ષેપ કરતા નથી; કારણકે સુનીદેવી અંતરમાંથી જ બધું મેળવી શકે એવો આત્મા છે. તેને જરાયે કલાશિક્ષણ મળ્યું નથી; અને મળ્યું હોત તો તેને જરા પણ લાભકર્તા ન થાત. પરંતુ એક વાત તેના સંબંધમાં ઉલ્લેખવી જોઇએ. કાલિઘાટ પર જૂની ઢબે ચિત્રો કરનારો એક વૃદ્ધ ડોસો છે. તે અસલ પરથી વધુ કદરૂપી નકલો કરીને ગુજરાન ચલાવે છે. અસલ આકારોની આ નકલોથી શો ફાયદો છે તે નક્કી કરવાનું આપણું કામ નથી, પણ એ માણસમાં કલ્પક શક્તિ નહિ હોવા છતાં રેખાનું જોમ, ઝોક અને ઝમક તો સચવાઇ રહ્યાં છે. આવી પરંપરામાંથી સુનીદેવીને વાચા મળી હોય એવું લાગે છે.



શોકનિમગ્ન શિવ. ચિત્રકાર: સુનયની દેવી.


અસલના શિલ્પીઓ મંદિરમાં કોઇની નજર ન પડે એવે અંધારે ખૂણે અદ્ભુત વેલો ને મૂર્તિઓ કોતરતા, તેમ સુનીદેવી કીર્તિ કે પ્રયોજન વિના જ ગમે ત્યાં ચીતર્યાં કરે છે. તે પોતાના ઘરના જ ઘૂંટેલા રંગો વાપરે છે. ચૂના સાથે મેળવેલા એ રંગો સૂર્યાસ્ત પછી પૃથ્વી પર પથરાયેલી શાંત છાયાને મળતા લાગે છે. પ્રત્યેક ચિત્રના ભાવ પ્રમાણે એ રંગનો વર્ણ બની આવે છે. સુનીદેવીની કળા કોઇ શૈલિના બંધનમાં નથી. ભાવ અને આકૃતિના થડકાર ઝીલતા ને પલટા લેતા રંગોના પટ માત્ર તેનું વાહન છે. તેની કળા જીવતી સ્વયંભૂ શૈલી છે અને તેનું પાત્ર સુનીદેવી જેવું નારીરત્ન છે. ૨.

(મિસિસ સ્ટેલા ક્રૅમરિશના એક અંગ્રેજી લેખને આધારે.)

એક રમત

મિત્રમંડળીમાં અજમાવવા જેવી એક ગમ્મતભરેલી રમત છે. દસબાર (અથવા જેટલા મિત્રો હોય તેટલા) કાગળના નાના ટુકડા લઇ તમે જરા દૂર બેસો અને મિત્રોમાંથી એકને ગમે તે એક વિખ્યાત પુરુષનું નામ બોલવાનું કહો. તે કહે તે નામ એક ટુકડા પર લખી તેની ઝીણી ચિઠ્ઠી વાળી દો. પછી એ જ રીતે એક પછી એક બાકીના મિત્રો પણ જુદાંજુદાં નામ લખાવતા જાય. છેવટે બધા વાળેલા કાગળોને સેળભેળ કરી દઈ ગમે તે એક ચિઠ્ઠી ઉપાડીને પોતાના હાથમાં રાખવાનું એક મિત્રને કહો, અને બાકીની ચિઠ્ઠીઓ ચૂલામાં, કે કોઇને હાથ ન ચડે એવી રીતે ફેંકી દો. તે દરમ્યાન તમે જાણે યાદ કરવાનો પ્રયત્ન કરતા હો તેમ થોડો વખત ડોળ કરીને એ ચિઠ્ઠી પરનું નામ બોલી દો. આનો ભેદ સાવ સહેલો છે. તમારે તો જે નામ પહેલા મિત્રે લખાવ્યું હોય તે જ નામ બાકીની ચિઠ્ઠીઓ ઉપર પણ લખ્યે જવાનું; એટલે ગમે તે ચિઠ્ઠી ઊચકાય તેના પર એ પહેલું જ નામ આવવાનું. ને આ યુક્તિની તમારા સિવાય કોઇને ખબર પણ નહિ પડવાની.

બેવડા ઉપયોગની ખુરશી



ખુરશીની ખુરશી, અને જરૂર પડે ત્યારે ઊંચેથી વસ્તુઓ ઉતારવાની પગથીવાળી ઘોડી. ઘરમાં ઘણી વાર એવી ઘોડીની જરૂર પડે છે; પણ તેનો ઉપયોગ જૂજ થતો હોવાથી પાછળથી તેને રાખવાની વ્યવસ્થા મૂંઝવનારી થઇ પડે છે. તેને બદલે ઉપરનાં પહેલાં બે ચિત્રોમાં બતાવી છે તેવી ઘોડી બનાવડાવી હોય તો જરૂર પડે ત્યારે તેને ઘોડી તરીકે વાપરી શકાય, અને તે ઉપયોગ પત્યે તે કાયમ ખુરશી તરીકે (પહેલા ચિત્રમાં બતાવ્યા મુજબ) ખપ લાગે. આમ બેવડા ઉપયોગનું આ ઉપસ્કર કેમ બનાવવું તેની ક્રમવાર સૂચના ઉપરના ચિત્રમાં આપી છે. ગમે તે હોશિયાર સુતાર એ જોઇને બનાવી આપશે.

ભદ્રબાહુ નહિ પણ બાહુબલ સ્વામી

'કુમાર'ના જેઠ (૯૦મા) અંકમાંના 'હિંદનાં શિલ્પ-સ્થાપત્ય' લેખના હપતામાં અપાએલી મહાવીર સ્વામી તથા તેમના પુત્ર વિષેની હકીકતમાં એક ભાઇ નીચે મુજબનો સુધારો લખી મોકલે છેઃ 'મહાવીર સ્વામી બુદ્ધના સમકાલીન હતા તે વાત તદ્દન ખરી છે. પણ તેમણે લગ્ન કરેલું નહિ, તો પછી તેમને પુત્રો ક્યાંથી હોઇ શકે? તેમણે લગ્ન નહિ કરેલું એ તો જૈન શાસ્ત્રો પરથી સાબિત થાય છે. ૩૦ વરસની વયે એમણે મુનિવ્રત ધારણ કરેલું. ૧૨ વરસ બાદ, એટલે ૪૨ વરસની વયે તેમને કેવલજ્ઞાન પ્રાપ્ત થયું અને ૭૨ વરસની વયે કૈવલ્યજ્ઞાન પ્રાપ્ત કરેલું. શ્રમણ બેળગુળમાંની મૂર્તિ એ લેખમાં જણાવ્યા પ્રમાણે ભદ્રબાહુની નથી, પણ બાહુબલ સ્વામીની છે. તેમની વાત નીચે પ્રમાણે છે.

જૈન ધર્મના આદિ તીર્થંકર ઋષભદેવને બે પુત્રો હતાઃ એક ભરત અને બીજા બાહુબલ. (જે ભરતને હિંદુઓ 'જડભરત'ના નામે સંબોધે છે.) ભરતે છએ ખંડ જીત્યા હતા, પણ એક રાજ્ય જીતવું બાકી રહી ગયું તે તેમની ધ્યાન

બહાર હતું. તેમનું સુદર્શન ચક્ર હથિયારખાનામાં પાછું જતું નથી, (તેઓ ચક્રવર્તી હોવાથી તેમની પાસે સુદર્શન ચક્ર હતું.) તે દેખીને તેમને સ્મરણ આવ્યું કે મારા નાના ભાઇનું રાજ્ય જીતવું બાકી રહી ગયું છે. આથી તેઓ લશ્કર લઇને ગયા, પણ હાર્યા. આમ ચક્રવર્તી રાજા ભરત હાર ખાઇને પાછા ફર્યા. પણ તેમના નાના ભાઇને પાછળથી પશ્ચાત્તાપ થયો તેથી તેમણે દક્ષિણમાં જઇ દિગંબરી દીક્ષા ધારણ કરી.'

આવી જ એક બીજી બાવન ગજ ઊંચી મૂર્તિ મધ્ય હિંદુસ્તાનમાં આવેલા બરવાણી સ્ટેટના બરવાણી ગામમાં એક ડુંગરમાં કોતરેલી છે. તેનો પુનરુદ્ધાર હમણાં જ કરવામાં આવ્યો છે. તે જૈન ધર્મના પહેલા તીર્થંકર ઋષભદેવની છે અને 'બાવન ગજા સ્વામી'ને નામે ત્યાં પ્રખ્યાત છે.

સાગરમલ મૂલચંદ તલાટી

લૅંકેશાયરની ચિંતા

લૅંકેશાયરે અત્યાર સુધી ઇંગ્લંડની રાજકીય વગનો ઘણો દુરુપયોગ કર્યો છે. અંગ્રેજોએ પહેલાં તો હિંદમાં બનતા કાપડને ઇંગ્લંડમાં આવતું અટકાવ્યું; પછી તેમણે બૅંકો, સ્ટીમરો, રેલવેઓ વગેરે પોતાના દેશમાં સ્થાપી સ્થાનિક ઉદ્યમને સારી રીતે કેળવ્યો, ને તે જ સંસ્થાઓ હિંદમાં દાખલ કરી તેમને પોતાના ઉદ્યમના વિકાસને અનુકૂળ કરી દીધી. મુંબાઇ, કલકત્તા ને રંગૂન જેવાં બંદરોને ખીલવી તેમણે ત્યાં તે માલ દાખલ કરવા માંડ્યો. પછી એ બંદરોને દેશના આંતર વિભાગો સાથે રેલવેથી સાંધી દઇ તે જ માલને દેશને ખૂણેખાંચરે મોકલવા માંડ્યો, અને ત્રીસેક વર્ષની મુદતમાં તો હિંદના પુરાણા કાપડના ઉદ્યમનો નાશ કરાવ્યો. આ અંગ્રેજ વેપારીઓએ રેલવેનાં નૂર પોતાને અનુકૂળ કર્યાં હિંદમાં દર પાંચ વર્ષે આવતા ગવર્નર જનરલોએ હિંદના કપાસને લૅંકેશાયરમાં જવા દેવા માટે અનુકૂળતાઓ કરી આપી. ડેલ્હાઉસીએ વરાડ પ્રાંતનો પટ્ટો નિઝામ સરકાર પાસેથી પચાસ વર્ષ માટે લખાવી લીધો તે રાજ્યનીતિ પાછળ આ મુદ્દો હતો. તે જ ગવર્નર જનરલે ભોંસલે સરકારની નાગપુરની ગાદીને ઉડાડી મૂકી ત્યાં બ્રિટિશ અમલદાર દાખલ કર્યો તેમાં પણ આ જ મુદ્દો સમાએલો હતો. પછી જકાતની લડાઇ ચાલી. હિંદ આવતા કાપડ ઉપર જકાત ન લેવી ને હિંદના લોકોને સસ્તું કાપડ મળે તેવા નિઃસ્વાર્થ (?) ઉદ્ગારો અંગ્રેજ મુત્સદીઓ ને વેપારીઓ કાઢવા લાગ્યા. હિંદની સરકારને નાણાંભીડ હોય છતાં આ જકાતમાં ફેરફાર થઈ શકયો નહિ. એ પ્રથા ઘણાં વર્ષો સુધી ચાલી. એ રાજ્યનીતિ વિરુદ્ધ પોકાર કરનાર વાઇસરૉય લૉર્ડ નૉર્થબ્રૂકને રાજીનામું આપવું પડ્યું હતું ને તેના પછીનો વાઇસરૉય લૉર્ડ લિટન તો તે નીતિને અનુકૂળ થવા પહેલેથી જ બંધાયો હતો. માંડ માંડ લૉર્ડ કર્ઝનની સરકાર આ નીતિ સામે પોકાર કરવામાં ફાવી. છતાં એ કાપડ સામે હિંદની મિલોમાં બનતું કાપડ હરીફાઈ ન કરી શકે તે માટે સ્થાનિક કાપડ ઉપર પણ યોગ્ય જકાત નાખવામાં આવી, જે હમણાં સુધી હતી ને જેને લૉર્ડ રેડિંગે ઑર્ડિનન્સથી કાઢી નાખી. મૅન્ચેસ્ટરના આ સાહસમાં બુદ્ધિચાતુર્ય, ને સરસ વ્યવહારશક્તિ હતાં. તેણે હિંદુઓનાં ધોતિયાંની કિનારોનો અભ્યાસ કર્યો, મુસલમાનોના પાયજામાઓના રંગો જોયા, હિંદુ ને મુસલમાન સ્ત્રીઓના પોશાકોની બારીકી જોઈ લીધી, સ્થળે સ્થળે પોતાના દલાલો રોકયા, ને ઠેઠ નાનામાં નાના ગામડામાં પણ પોતાનો માલ ખપાવવા માંડ્યો; એટલું જ નહિ પણ લૅંકેશાયરે પોતાના માલને હિંદી નામો આપ્યાં. છીંટ, મલમલ, જગન્નાથી, મધરાસી, કૅલિકો, એ બધાં હિંદી નામો હતાં. આ બધો લાભ લૅંકેશાયરે ઉઠાવ્યો તેનું એક કારણ હતું: ઇંગ્લંડની આપણા દેશમાં સ્થપાએલી સત્તા તે માટે જવાબદાર હતી. એ પરિવર્તનથી લાખો વણકરો બેકાર થઇ ગયા, અનેક શહેરો પડી ભાગ્યાં, હજારો ગામડાંના ઉદ્યમનો નાશ થયો, અને લોકોની દરિદ્રતા વધી. તેથી કેટલાએક વેપારીઓને મોટો લાભ પણ થયો. કચ્છ ને જામનગરનાં જોડીઆ, ખંભાળીઆ વગેરે બંદરોએથી 'દોરીલોટો' માત્ર સાથે લઇ મુંબાઈમાં વસનાર મૂળજી જેઠા જેવા વેપારીઓ તે પરિવર્તથી કરોડાધિપતિઓ બન્યા.

પણ હિંદ હવે સ્વતંત્ર બને છે ને તે સાથે તેનો લૅંકેશાયર સાથેનો સંબંધ પણ જુદી દિશામાં પ્રવેશ કરે છે. હિંદની મિલો લૅંકેશાયરનું અનુકરણ કરે છે. જે કૅમ્બ્રિકલોથનાં ખમીસ પહેરી ગુજરાતીઓ 'ફૅશનબલો'માં ખપતા તેવાં જ કાપડો હવે જ્યુબિલી, કૅલિકો, માર્સ્ડન વગેરે મિલો કાઢતી જાય છે; ગુજરાતણો જે વાયલથી શોખ માણતી તેવાં વાયલો હવે અમદાવાદમાં ને મુંબાઇમાં બનવા લાગ્યાં છે. જે મૂળજી જેઠા ને મંગળદાસ મારકેટોની દુકાનોનાં પાટિયાં ઉપર 'સારો વિલાયતી માલ અહીં મળશે' એ જાહેર ખબરો જોવામાં આવતી તે જ ઠેકાણે હવે તે પાટિયાં ઊખડી ગયાં છે ને ત્યાં સ્વદેશી કાપડનાં પાટિયાં ચડી ગયાં છે. જે 'ગામડી' માલ સામે લોકો હસતા તે જ ગામડી માલ હવે લોકોનાં શરીરોને શણગારે છે. જે ગુજરાત પહેલાં કરોડો રૂપિયાનો વિલાયતી માલ ખાતું તે જ ગુજરાત હાલ સ્વદેશીવ્રતધારી થઇ ગયું છે. અમદાવાદી ને સુરતી બજારો હવે સ્વદેશી માલથી ઊભરાવા માંડી છે. —ગુર્જરરાષ્ટ્ર (કૌમુદી)

અપરાધીનો પરસેવો

વૈજ્ઞાનિકોએ એવી શોધ કરી છે કે મનુષ્યને અપરાધની ઊંડી લાગણીથી એકાએક જે ઠંડો પરસેવો થઈ આવે છે તેનાં રાસાયનિક તત્ત્વોમાં ને સાધારણ પરસેવાનાં રાસાયનિક તત્ત્વોમાં બહુ જ ફરક હોય છે; અને અપરાધીના મનની સ્થિતિ કેટલીક વાર તો તેના પરસેવાના જ રાસાયનિક પૃથક્કરણ પરથી નિશ્ચિત થઈ શકે છે. અપરાધીના પરસેવામાં સેલેનિક ઍસિડ નાખવામાં આવે તો તે ગુલાબી રંગ ઉત્પન્ન કરશે!

પોતાના નાના ભાઇ પર સળગતો લૅમ્પ પડવાથી તેની ચામડી એટલી બધી દાઝી ગઇ છે કે ત્યાં ચોડવા માટે કોઇ જીવતું માણસ પોતાના હાથની ચામડી ઉતારી ન આપે તો તેના બચવાની આશા નથી એવું દાકતરને કહેતાં સાંભળીને મુંબાઇની એક નવ વરસની પારસી કન્યા બાનુબાઇએ તરત જ દાકતર આગળ આવી પોતાની ચામડી આપવા ઇંતેજારી બતાવી, ને કલૉરોફૉર્મ સુદ્ધાં ન સૂંઘતાં એવા તો કઠણ હૃદયે જીવતી ચામડી ઉતારવા દીધી કે મોંમાંથી ચીસ સરખી પણ નીકળી નહિ. બ્હેનના આટલા ઉજ્જવલ અર્પણ પછી ભાઇ ન બચે તે કેમ બને?


સીમેન્ટની ભોંય મેલી થઇ ગઇ હોય તો એક ડોલ પાણીમાં બે ઔંસ કળીચૂનો નાખી એ ભોંય પર સારી પેઠે છંટકારીને બે'ક કલાક ભીનું ને ભીનું રહેવા દેજો; પછી સોડા નાખેલા ખળખળતા ગરમ પાણીથી ધોઇ નાખવાથી ભોંય ચોખ્ખી થઇ જશે.

ધોવાના સાબુમાં કૉસ્ટિકનું પ્રમાણ તેજ હોય છે તો કપડાંને નુકસાન પહોંચે છે. તેની કસોટી એ કે સાબુને જીભે અડાડી જોવો. નુકસાનકારક પ્રમાણ જેટલો કૉસ્ટિક એમાં હશે તો જીભ ચચરશે.



હૉંગકૉંગમાં ઇ. ૧૮૮૫માં થઇ ગએલી કાલીચિંગ નામની ચીની સુંદરીની આંખની પાંપણો અઢી ઇંચ લાંબી હતી.

ખુદ પોતાના નામની જ જોડણી વિષે દરકાર ન કરતા હોય એવા માણસો પાસેથી બીજી તે શી આશા રાખવી? ખરી જોડણી વ્રજલાલ છતાં ઘણા પોતાનું નામ વૃજલાલ લખે છે; જ્યારે ઘણા અમૃતલાલ બેદરકારીથી અમ્રતલાલ લખે છે. પણ એમની વાત ક્યાં કરીએ? ઘણાં પત્રોના તંત્રીઓ આપણા દેશનેતાઓનાં સાચાં નામ જાણવાની કાળજી રાખતા નથી. જવાહરલાલનું જવાહીરલાલ કરનારા અનેક પડ્યા છે; અબુલ કલામ આઝાદના નામમાં આપમેળે 'દ' ઉમેરી ખોટું 'અબ્દુલ કલામ' લખે છે, દેવદાસ ગાંધીને દેવીદાસ બનાવે છે, ને સુભાષચંદ્રને અંગ્રેજી જોડણીના અનુકરણમાં સુબાસ જેવું અર્થહીન નામ અર્પણ કરે છે!



સેલીઆ રંગની પીંછીઓ વાપર્યા પછી રખડતી મૂકવાથી કચરાવાળી થાય છે ને સુકાઇને નિરૂપયોગી બની જાય છે. ઉપલા ચિત્રમાં બતાવ્યા પ્રમાણે તેમાં વેહ પાડી લિન્સીડ ઑઇલ ભરેલા ખાલી ડબામાં લટકાવી રાખ્યું હોય તો કુણું, સ્વચ્છ ને જ્યારે જોઈએ ત્યારે તૈયાર મળે છે.

ચારેક ચમચા ઑકઝૅલિક ઍસિડ નાખેલું પાણી ડાઘાડુઘી વાળા એલ્યુમિનિયમના વાસણમાં ગરમ કરવાથી વાસણના ડાઘ નાશ પામીને ચોખ્ખું થઇ જશે.

ફાનસમાં ઘાસતેલ થઈ રહેવા આવ્યું હોય અને બીજું પૂર્યા વિના થોડો વખત તે ચલાવવું હોય તો અંદર પાણી રેડજો; તેલ ઉપર તરી આવીને વાટને પહોંચીને બળશે, અને તેટલો વખત નવા ઘાસતેલ વિના ચલાવી શકાશે.



ક્રાંતિકારી ઝામોરા જે એક વખત સ્પેનની જેલમાં પૂરાએલો હતો તે આજે ત્યાંના પ્રજાસત્તાકનો પ્રમુખ બન્યો છે.

મચ્છરોને ભરાઈ રહેવાનાં ખૂણા ખાંચિયાં વગેરે ઠેકાણે કેરોસીનમાં સાબુ મેળવીને વખતોવખત છાંટતા રહેવાથી નાશ પામશે, ને નવા થવા નહિ પામે.

જાંબલી રંગ મચ્છરોને બહુ ગમે છે, ને પીળા રંગનો તેને ત્રાસ છે. ઘરમાંથી બને તેટલા જાંબલી રંગના પડદા, કાચ, ગલેફ વગેરે દૂર કરજો. ભીંતો પીળા રંગથી રંગાવશો ને પડદા વગેરે પણ પીળા રાખશો તો મચ્છરો નહિ આવે.

સૂવાના ઓરડામાં સાંજને વખતે વાળીઝાડી, બધાં બારીબારણાં બંધ કરી અંદર ગંધકની, લીમડાનાં પાનની, ઇન્સેક્ટ પાઉડરની અથવા ધતુરાનાં પાનની ધુમાડી કરવાથી મચ્છરો નાશ પામે છે. ધતુરાનાં પાન સાથે સુરોખાર નાખવાથી વધારે અસર થશે.

ફ્રેન્ચ સરકસની દોરડાં પર ચાલનારી વિખ્યાત 'નટી' માદામ સ્પેલટેરીના, નાયાગરાના જગવિખ્યાત પ્રચંડ ભયંકર જળધોધ પર થઇને બાંધેલા દોરડા પર પગે ટોપલીઓ બાંધીને ચાલીને તે વટાવી ગઇ હતી.

કાચની કિંમતી ફુલદાનીઓ કોકવાર લાંબી ને માથાભારે હોવાથી ધક્કો વાગતાં પડીને ફૂટી જાય છે. તેમાં તળિયે રેતી કે સીસાના નાના ટુકડા ભરીને પછી વાપરવાથી સ્થિર બેઠકે રહેશે.